
કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું માસિક ★ તંત્રી રવિશંકર રાવળ ★

સંપાદક · બચુભાઈ રાવત · વર્ષ ૧૮ અંક ૪ · એપ્રિલ '૪૧ સળંગ અંક ૨૦૮



ગુજરાતના પત્રકારત્વમાં
અનોખાં પ્રકાશન



કુમારના

૧૦૦ તથા ૨૦૦

મા અંકો

લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકારો
કવિઓ અને લેખકોની
ચૂંટેલી કૃતિઓથી ભરચક


એવાં

બીનહરીફ કલાત્મક રૂપરંગે મઢેલાં ૧૬૦–૧૨૫ પાનાં. પૂર્ણરંગી તથા વિવિધરંગી ૨૦–૨૨ ચિત્રો, ફોટોગ્રાફો, નકશા, આલેખો, વાર્તાઓ, નાટકો, લેખો, કાવ્યો, ટુચકા વગેરે શિષ્ટ, સુંદર અને વિપુલ જ્ઞાનસામગ્રીથી મંડિત

અદ્વિતીય અંકો

કિંમત દરેકના બે રૂપિયા
બંને સાથે લેતાં રૂ. ૩॥
પોસ્ટેજ દરેકનું ૦–૧–૦
રજિસ્ટર કરાવવું હોય તો ખર્ચ જુદું

કુમાર કાર્યાલય · અમદાવાદ




કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક ૧૦ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ મુંબાઇ–૧; તથા બીજા એજન્ટો: આર.આર શેઠની કં., શિષ્ટ સાહિત્ય ભંડાર અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો અને ફોટો કૉપીરાઇટથી રક્ષિત છે
























ઉપર: ફોટોગ્રાફી હરીફાઈમાં નોંધપાત્ર ઠરેલાં છ ચિત્રો. (વિગત માટે જુઓ આ અંકનું પાનું ૧૪૮)
નીચે: ફોટોગ્રાફી વિભાગમાંના શ્રી આબીદમિયાં સૈયદના લેખ 'ચિત્રમર્યાદાની ખૂબી' સમજાવતાં ચાર ચિત્રો. જુઓ પાનું ૧૪૮.



વનની સુરાવટ

ચિત્રકાર · રસિકલાલ પરીખ



ઈસ્ટર · ૧૯૪૧

· રથોદ્ધતા ·

૧ ક્રૂસ ઉપર ઈશૂ

શોભતો મુકુટ કંટકો તણો,
નિર્ઝરે રુધિરબિંદુઓ; ઊડી
તપ્ત ધૂળ તુજ અંગ બાળતી.
સૈનિકો જુગટું ખેલતા નીચે
ને મૂકે છ તુજ વસ્ત્ર હોડમાં.

પાંચ જે વ્રણ હતા પડેલ ત્યાં
અધિક એક વ્રણ પીડતો તને,
ત્યાં સમક્ષ તુજ માત, ને વળી
ત્યાં હતી રખડુ જે ઉગારી તેં.
એયથી જીવન ધન્ય જે થયું
તેમનાં રુદનદુઃખની વ્યથા
આજ ના જરી ય ટાળી તું શકે.

નેનથી લઈ વિદાય એમની
નેન નિમ્ન તુજ એ જતાં ઢળી.


૨ આજે

તારી એક અવિરામ કામના
સ્વર્ગ પૃથ્વી પર લાવવાની જે
એ હજાર વરસે ય આજ તે
વેદના જ રહી માત્ર કોઇની.

કાળરાત્રિ પ્રતિશબ્દ પાડતીઃ
'યુદ્ધઅગ્નિ મહીં ભસ્મ થૈ બધી
સિદ્ધિ માનવકુલોની' ને હવે
ક્લાન્ત સૂર્ય ઊગતાં ય થાકતો.
બાવડે જગત જીતવું અને
શાસને જીવન રૂંધવાની યે
ભગ્ન આજ અવશેષ એષણા
છે પરાજયની માત્ર એ કથા.

તેં વ્યથા જગતના કઈકની
લૈ ધર્યો મુકુટ કંટકો તણો.

હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ



રાષ્ટ્રવિધાનમાં એકાદી ઈંટ બની શકો


● જે દેશના વતની હોવાનો તમે દાવો ધરાવો છો, જે દેશના હક્કો અને સ્વાતંત્ર્ય પ્રમાણે તમારૂં જીવન ઘડાઈ રહ્યું છે અથવા નથી રહ્યું છે, તેમાં પ્રાણ પૂરવા, તેની ભાવના પ્રદીપ્ત રાખવા કેટલા યે નરનારીઓ મોટાંમોટાં બલિદાનો અને સ્વાર્પણ કરી રહ્યા છે. એમની કોટીમાં પહોંચવાની લાયકાત કે શક્તિ કદાચ તમારામાં ન હોય, પણ તમારામાં માતૃભૂમિના ઉત્કર્ષ અને ઉત્થાનની સાચી તમન્ના હોય તો તમે રાષ્ટ્રની સમૃદ્ધિ અને શક્તિના સંચયમાં જે દ્વારા કંઈક ફાળો આપી શકો એવી હજારો તકો ને વ્યવહાર પળેપળ તમારી સામે પડ્યા હોય છે. તમે ભલે મોટાં દાનો કરી ન શકો, વખતનો ભોગ આપી ન શકો, કોઈને આશ્રય આપી ન શકો, તમારી નોકરી કે પદવી તમને જાહેર વક્તા કે લેખક થવામાં બાધક થતાં હોય અને રાષ્ટ્રસેવા માટે શું કરવું તેની લાચારી તમે અનુભવતા હો, તો એટલું જ કહું કે કંઈ ન કરો તોપણ રાષ્ટ્રની યત્કિંચિત્ સંપત્તિનો વ્યર્થ વ્યય તો તમે અટકાવી શકો છો. તમે પોતે તેમજ તમારૂં કુટુંબ અન્ન વસ્તુ અને આચારમાં સંયમ બતાવી બચાવ અને કરકસરનાં ધોરણથી દેશને સાદી જિંદગી અને સ્વાશ્રયના પાઠ પર લાવી તંદુરસ્ત રાખી શકો છો. તમે પરદેશી ખરીદીની જરૂરિયાતો કમી કરી શકો છો. અથવા ખરીદેલી વસ્તુને ખૂબીથી વાપરી તેનો બમણો કે ત્રણગણો લાભ ઉઠાવી શકો છો. તે રીતે તમે વધારે ખર્ચાતું દ્રવ્ય બચાવો છો અને રાષ્ટ્રીય સમૃદ્ધિમાં ફાળો આપો છો. હજારો એવી નજીવી બાબતો હોય છે કે જેના આચરણથી પ્રજા પોતાના બળ, સંપત્તિ અને શક્તિનો સંચય જાળવી શકે છે અને વધારી શકે છે.

પહેલો પ્રયોગ.

● પહેલો પ્રયોગ તમે તમારી ખાનપાનની રીતોમાં કરી શકો છો. ન જોઈએ એટલા પદાર્થો પોતાના ભાણામાં લેવા એ તો એકેએક હિંદીની જાણે જન્મની કુટેવ છે. ભારતીય સંસ્કૃતિનો ધ્વજગરો લઈ ફરતી બ્રાહ્મણ કોમ એની પ્રથમ જવાબદાર છે. પછી કશું જ નહિ મળે એવી બુભુક્ષાએ પતરાવળી ભરચક ભરાવી એંઠવાડના ઉકરડા પડતા મૂકનારાઓ પોતે દેશનું કેટલું અન્ન ખુવાર મેળવે છે એની સમજ પામ્યા પહેલાં જ તેઓ ધર્મધ્યાનનાં પ્રવચનો કરે છે અને બગાડેલાં અન્નનાં ડોળેલાં કડાયાં ભૂખે મરતાંઓને ઉદારતાના દંભથી પીરસે છે ત્યારે ધર્મવૃત્તિનું મેં શરમથી ઊંધું થઈ જાય છે. ગંદા જમણવારો અને ખાદ્ય પદાર્થોની રેલમછેલ કરવી એ આપણા સમાજનું મહાન અપલક્ષણ અને ગંદાઈ છે. આ ટાળવાની ફરજ એકેએક રાષ્ટ્રભક્તની છે. આપણે પટેલીઆઓ ને જ્ઞાતિજનોને બને તેટલા આ બાબતમાં વીનવીએ-શરમાવીએ; પીરસનારાઓને સાવચેત કરીએ અને જમનારાઓને અક્કલ ઠેકાણે રાખી જમવા પ્રબોધીએ, છતાં કદાચ પરિણામ કંઈ નહિ દેખાય; પણ એક એક માણસ જો પોતા પૂરતો બંદોબસ્ત કરવા ધારશે તો આ કાર્ય સરળ થશે. ભાણામાં પડતું મૂકવું પડે એટલું પીરસવા જ ન દેવું એવો આગ્રહ સંખ્યાબંધ વ્યક્તિઓ જાતે રાખે તો એ પ્રયોગ અફળ નહિ જ જાય. પીરસનારા ભાણાં ભરી જાય તોપણ વ્રતધારીની ફરજ રહે કે તેણે વધારાના પદાર્થો કાઢીને બાજુ રાખવા અને જરૂર પડે તો જ તેમાંથી વધારે લેવું, નહિ તો તે ચોકખું રાખવું. આ પ્રયોગથી આપણે આપણા ઘરમાં યોગ્ય બચાવની રીત દાખલ કરી શકીશું, એટલું જ નહિ પણ ગરીબોને અન્નદાન કરવાની વિશેષ શક્તિ મેળવીશું. બગાડો અટકાવો એટલે બચત કોઈના પણ ઉપયોગમાં લાવી શકાશે કોઈના માટે નહિ તો તમારા ઘરને તે ટેકારૂપ બનશે. બાળકો ઉપર, વડીલો ઉપર, મિત્રો ઉપર આ વિચાર ઠસાવી તેનો વ્યવહારમાં પ્રચાર કરો. શાળાઓ અને કૉલેજોનાં રસોડાંમાં તેનાં બોધકપત્રો મૂકી તેની યાદ આપો.

ભોજન સંસ્કૃતિનું પ્રતીક છે

● ખાનપાનમાં સંયમ અને વ્યવસ્થા એ માત્ર કરકસર જ નથી પણ પ્રત્યેક પ્રજાની સંસ્કૃતિનું માપ પણ તેમાંથી નીકળે છે. સંસ્કાર સંસ્કારની વાતો કરતા નાગરિકો જ્યારે જમવા બેસે ત્યારે જે દરજ્જે સૌજન્ય ને શાંતિ જાળવી શકે તેમાં જ તેમની કેળવણી ને શાણપણનો આંક દેખાઈ આવશે. જૂની નાતોની ગરબડ અને ઘોંઘાટ તેમજ એંઠવાડ અને બગાડની નિંદા કરવામાં સૌ સામેલ થશે. પણ કૉલેજની પાર્ટીઓમાં અને ખાસ ડિનરોમાં કેટલો બગાડ અને ઘોંઘાટ થાય છે તેના સાક્ષીઓ શોધવા નહિ પડે. જે પ્રજા ભવિષ્યની દુનિયાનો અધિકાર લેવા માગે છે તેણે ખાનપાનમાં સાદગી, મિતાહારપણું અને સૌથી જરૂરનું મૌન કેળવ્યું



સંસારદર્શન ચિત્રાવલિનું ત્રીજું ચિત્ર - 'કોની સેવા વધે?'

ન હોય તો તેવા મહત્ત્વના પ્રસંગ મનની તુલા કેવી રીતે જાળવી શકે? ભોજનમાં વ્યવસ્થા અને શાંતિ લાવવાના પાઠ ખરેખર બહુ અઘરા છે, પણ પ્રજાના સામુદાયિક સુલક્ષણ તરીકે આપણે તે સિદ્ધ કર્યે જ છૂટકો છે. એટલા માટે વ્યક્તિગત દરેક જણે ચોક્કસ નિયમો અને વ્રતો ધારણ કરવાં જોઇએ. દાખલા તરીકે દરેક જણ સ્વીકારે કે

(૧) હું કદી જરૂરવિનાના પદાર્થો મારા ભાણામાં લઈશ નહિ. (૨) વધારે પીરસાએલા પદાર્થો પ્રથમથી અલગ કરી દઈશ. (૩) ભાણામાં એંઠું ન જ પડ્યું રહે તેની કાળજી રાખીશ. (૪) કોઇને તેની રુચિ ઉપરાંત ખાવાનો આગ્રહ કરીશ નહિ. (૫) ભોજન વેળા બને તેટલી સ્વચ્છતા, વ્યવસ્થા અને મૌન જાળવીશ.

સમૂહભોજનમાં તો આપણે દક્ષિણી બંધુઓનું દૃષ્ટાંત લેવા જેવું છે. અનેક માણસો વ્યવસ્થિતપણે પીરસે છે, જેટલું જ પીરસાય છે અને અનેકવાર પીરસવા આવવાથી કોઇને ખોટ પડતી નથી; જમનારા બધું પીરસાય ત્યાં સુધી શરૂ કરતા નથી અને પછી પણ શાંતિ રાખે છે; અને જમણ પૂરૂં થતાં પહેલા એક એક કરી ઊઠીને કોઈ બહાર નાસતું નથી. યુરોપિયનો હિંદીઓની જમવાની રીતો પર કટાક્ષો કરે છે, આપણાં જમણોને જંગલીપણું કહે છે અને તેથી આપણને ઊતરતી પ્રજા ગણવાનું એક કારણ બતાવે છે.

બીજો પ્રયોગ

● તે આપણાં વસ્ત્રોમાં કરવાનો છે. હાઇસ્કૂલ અને કૉલેજમાં માત્ર 'સ્માર્ટ' (ચાલાક) દેખાવા ખાતર જ ખર્ચાળ પોશાક પહેરવાની રૂઢિથી આપણા દેશના એકેએક કુટુંબમાં કપડાંની ખર્ચાળ ટેવો પેઠી છે અને અલ્પ કમાઇમાં માબાપો મને કમને તેનો બોજો વેઠી રહ્યાં છે. ધોતિયામાં ઘણી કરકસર છે એ વાત સમજાવવી પડે એમ નથી, કારણકે તેનું છેલ્લું ચીંથરૂં કે પાટો કંઇ ને કંઈ ઉપયોગમાં આવે છે. પણ આજના જમાનામાં સાઇકલ, મોટર, રેલ્વે વગેરેથી પ્રવાસ કરનારા, અને યંત્રો આગળ કામ કરનારા માટે તે સલામતીભર્યું નથી, માટે જ સીવેલી સુરવાલ કે લેંઘા આવશ્યક છે; પણ અફસોસ એટલો જ છે કે તેમાં થતા ચડઊતર પ્રકારોને લીધે એટલી બધી નકલો થાય છે કે હેતુ બાજુએ રહી જઇને પછી ફૅશન પર જ ખર્ચ થાય છે. ઘણા યે રાષ્ટ્રસેવકો સાદી સુરવાલ પહેરણ કે બંડી હાથે ધોઈ સ્વચ્છ રાખી પહેરે છે ત્યારે સાત્ત્વિકતા અને સુઘડતાના સુંદર નમૂના દેખાય છે. તેની આગળ અપ-ટુ-ડેટ સિલાઇ-

વાળો કૉલેજિયન ફેશનેબલ મિયાંથી વધારે સારી છાપ પાડી શકતો નથી. વસ્ત્રની બાબતમાં સારા પ્રસંગો સિવાય આપણી વિદ્યાર્થીઆલમ એકસરખુ સાદાઈનું ધોરણ પાળે તો કેટલી રાષ્ટ્રસંપત્તિ બચી રહે અને તેમના જ કરકસર તેમજ વિદ્યાસંવર્ધન માટે તેમની તાકાત વધે.

આ તો ચાલુ વસ્ત્રાભૂષણની કરકસરના વિચાર થયા: પણ એ વસ્ત્રો પહેરાઈને નકામાં થયા બાદ તેમાં થએલો ખર્ચ પૂરો વસુલ કરી લેવાની યોજનાઓ એક મિત્રે બતાવી છે તે પણ જાણવા જેવી છે. તેણે સુરવાલો અને લેંઘા-માંથી કોથળીઓ અને થેલીઓ બનાવી: કોટના વાંકાચૂંકા કટના ટુકડાઓ સંચા પર સાંધી લઈ આસનો, ચાકળા વગેરેનાં પાછળનાં અસ્તર બનાવ્યાં અને એવા જાડા કાપડનો સરસમાં સરસ ઉપયોગ તેથી થઈ ગયો; ખમીસો અને પહેરણોમાંથી તેણે રુમાલો કાઢયા. સીવેલાં કપડાંમાંથી ભાગ્યે જ એકે ચીંથરું તેણે નકામું જવા દીધું હતું. બહુ છેલ્લે વધેલા ટુકડા ઘરની સાફસૂફી માટે સંઘરી રાખ્યા હતા.

ત્રીજો પ્રયોગ


● સમારકામ (રીપેર્સ), બંધબેસતા પણું (ઍડજસ્ટમેન્ટસ) અથવા લાગુ કરી દેવું તે: તથા રસાયણી વિનિયોગ કરી લેવો તે. દુનિયાના બધા વિકાસમાન દેશોમાં આ બાબતો સારી પેઠે ખીલવવામાં આવી છે અને તેનો પ્રચાર કરવામાં આવે છે. ખાલી ખોખાં, પસ્તીના કાગળો, લોખંડ-ના તાર અને ખીલા. રબર, કુચા. રેશમ અને બીજા પદાર્થો ઘેરઘેરમાં વધારે પડી જાય છે કે નકામા થઈ જાય છે ત્યારે ફેંકી દેવામાં આવે છે અથવા કચરાના ભાવે વેચી નાખવામાં આવે છે. આ વિષયમાં સુધરેલા દેશોએ નિષ્ણાતો પાસે બારીક તપાસ કરાવી તેનું શું કરવું તે ઉપર નાની પુસ્તિકાઓ બહાર પાડી છે અને આ કાર્ય રાષ્ટ્રીય કર-કસરખાતું (નૅશનલ ઇકૉનૉમી બ્યુરો) કરી રહ્યું હોય છે. આપણે ત્યાં એવું કોણ કરે? જુઓ થોડા દાખલા:

પાર્સલોનાં આવેલાં ખોખાં પર એક પુસ્તક પ્રકટ થયું હોય છે. તેમાં દરેક સાઈઝનાં ખોખાં જુદાં પાડી તેને તોડયા વિના તેમાથી શું શું થઈ શકે અને તોડયા પછી સાઇઝવાર પાટિયાં જુદાં કરી તેમાંથી કેટલાં કામચલાઉ ફર્નિચર બની શકે તે ચિત્રો સાથે બતાવ્યું હોય છે.

લાકડાનો વેર ખૂબ ભેગો થાય છે તેમાં સરેસ વગેરે રસાયણો ભેળવી રમકડાં, ફ્રેમો ઇત્યાદિ કેમ બનાવી શકાય તેનું સાચું સવિસ્તર શિક્ષણ હોય છે.

એક ચોપડી વળી છત્રીના સળીઓ ઉપર જ હોય છે. જેમાં લોખંડનું સ્ટીલ હોવાથી તેમાંથી કેટલી જાતના સોયા, ઓજારો વગેરે કેમ બની શકે તે બતાવ્યું હોય છે.

ન્યુસપેપરના કાગળો કેટલા કામમાં આવી શકે તેની જ એક નોંધ જાહેર કરી હોય છે.



ખોરાં ટોપરાંની કાચલીઓમાંથી ઉપયોગી પદાર્થો

સેલ્યુલૉઇડની ભાંગેલી સાબુની પેટી, દાંતિયા અને બ્રશ-બ્રશના હાથામાંથી અવનવી ચીજો બનાવનાર ભાવનગરના કુશળ કારીગર શ્રી માનશંકર ભટ્ટે પદાર્થોની કરકસર અને ઉપયોગના અનેક પ્રયોગો કર્યા છે; પણ ખાસ કરીને તેમણે બનાવેલી કાચલીની ડબ્બીઓ, ઍશટ્રે વગેરેને ઘસી ચકચકિત કરેલી તમે જુઓ તો તમને નવી દુકાન ખોલવાનું મન થાય અથવા ખરીદીને મિત્રોને ભેટ મોકલવાની ઈચ્છા થાય. ભાંગેલા દાંતિયામાંથી કરેલાં સીવણનાં હથિયાર. પેપરનાઇફ. બટનો વગેરે પણ નવરા હાથોને રસપ્રદ કામ પૂરું પાડે છે. તેમનાં ઓજારોમાં કાનસ. કરવત કે છરી જ છે. આ ભાઈને જોઈને તમને અમેરિકાના મૂળ ઉદ્યોગ-શોધકોનો ખ્યાલ આવે. તે પોતાના ફુરસદની એકેએક મિનિટ સદુદ્યોગમાં વાપરે છે. શહેરના એક છેડે બારમાં બંદરી મજૂરી કરનારા જુવાનોને રાત્રિશાળાદ્વારા અક્ષરજ્ઞાન, અખાડાદ્વારા નીતિ અને આરોગ્ય તેમજ સમાજસંગઠનના પાઠો ભણાવી રહ્યા છે.

ભણેલા વિદ્વાનો જે શ્રદ્ધા અને નિયમન ન બતાવી શકે તે આ સાદા શિક્ષણવાળા યુવાને જમાવ્યાં છે.

આમ, પ્રજાને કરકસર દ્વારા ક્રિયા, શિક્ષણ અને તાલીમ આપી વસ્તુઓનો બેવડો કે ચેવડો લાભ લેતાં શીખવ્યું હોય છે. આપણને ન છૂટકે કેટલી યે પરદેશી ચીજો લેવી પડે છે. પણ તેને વાપરવાની તાલીમની કોઈ ગોઠવણ નહિ હોવાથી વીજળીક યંત્રો, વાજિંત્રો ફર્નિચરો વગેરે જરાક અટકે યા બગડે એટલે ખોટ ખમી બેસી રહીએ છીએ. પરંતુ તેમાંથી બચાવ કે ઊપજ શોધી ખોટના ખાડા ઓછા કરી શકતા નથી.



સરદાર પૃથ્વીસિંહની વ્યાયામની યોજના વિશાળ પ્રમાણમાં આગળ વધે છે

૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે ગ્રીષ્મ વ્યાયામ વર્ગ

● આ વર્ષે આ યોજના માટે મુંબાઈનું પરૂ મલાડ પસંદ કરવામાં આવ્યું છે. ત્યાંના આદર્શ દુગ્ધાલયના વિશાળ આંબાવાડિયામાં છાપરાં ઊભાં કરવામાં આવશે.

● વ્યાયામવર્ગ તા. ૧લીથી ૩૧મી મે સુધી ચાલશે.

● કુમાર અથવા કુમારી કે યુવક અથવા યુવતી ગમે તે દાખલ થઇ શકશે. પ્રત્યેક વર્ગ માટે નિવાસ, ભોજન અને વ્યાયામનાં સ્થળો અલગ અલગ રાખવામાં આવ્યાં છે; માત્ર પ્રવચનો જ એકસાથે આપવામાં આવશે.

● વર્ગમાં જોડાવાની ફી રૂા. ૩૦ છે, જેમાં રહેવા તથા જમવાના ખર્ચનો સમાવેશ થઈ જાય છે. પ્રવેશપત્ર સાથે રૂા. ૫) અનામત મોકલવાના રહેશે. તા. ૨૫મી એપ્રિલ સુધી આવેલી અરજીઓ પર જ ધ્યાન આપવામાંઆવશે.

સરદારજીની ભાવનાઓ અને જીવનવૃત્તાંતથી હવે હિંદના યુવાનો સુપરિચિત થઇ ગયા છે. એમના નેતૃત્વ નીચે સાહસ, શૌર્ય અને ચારિત્ર્યના પાઠ લેવાની અનેરી તક મળી છે તેનો લાભ લેવા દેશના યુવાનો પૂરી તત્પરતા બતાવશે એવી આશા સાથે અમે આ યોજનાને સંપૂર્ણ ફતેહ ઇચ્છીએ છીએ. જેમને તે વિષે સંપૂર્ણ વિગતો કે માહિતી મેળવવી હોય તેમણે જવાબ માટે ટિકિટો સાથે સરદાર પૃથ્વીસિંહજી, પો. ઑ. ૩૬૦, જી. પી ઓ. મુંબઈ. એ સરનામે પત્રવ્યવહાર કરવો.

આપણે શું કરી શકીએ

● આપણને કોઈ સંસ્થા આવી મદદ કરે તેની આશા રાખતાં પહેલાં આપણે સંઘબળ અને માનવધર્મથી જે કંઈ કરી શકીએ તેમાં જ આપણી ઉત્કર્ષની ભાવના ઉદ્દીપન થવાની.

'કુમાર'ના વાચકોને અનેકવાર સૂચન કરવામાં આવ્યું છે કે તમે પોતે જે જ્ઞાન ધરાવતા હો તેનો પ્રકાશ અને લાભ બીજાને આપવા પ્રયત્ન કરો; તમે ન જાણતા હો તે વિષયો ઉપર પ્રશ્નો મોકલો. પણ તેમાં એકબે પત્રોથી વધારે પ્રતિધ્વનિ મળ્યો નથી. રાષ્ટ્રીય સંવર્ધન અને સંગઠનમાં અતિ મહત્ત્વનો કરકસરનો આ વિષય મેં છેડયો છે તે એટલા જ ખાતર કે તે વિષયમાં નિષ્ણાત જ્ઞાન ધરાવનારા થોડામાં થોડી પણ સેવા 'કુમાર'ના વાચકોને આપવા તત્પર બને. નીચે જણાવેલા વિષયો પર નાનાંમોટાં જેટલાં સૂચનો અને અનુભવેલ પ્રયોગો મને મોકલવામાં આવશે તેનું યથોચિત પ્રકાશન 'કુમાર'માં કરવામાં આવશે.

વનસ્પતિઓ, વસ્ત્રો, કાગળો, ધાતુઓ, ખોરાક, રસાયણો, દવાઓ, ઘડિયાળ, સાઇકલ,મોટર,વીજળીક સામાન, પુસ્તકો, ન્યુસપેપરો, ફળો, શાકો વગેરે પૈકી સહજ મળી આવતા, બગડી જતા, નકામા પડતા પદાર્થો પર પ્રયોગો કરી તેનો વિશેષ લાભ કેમ લેવો તે પર ટૂંકી નોંધ, પ્રયોગ અથવા અનુભવ લખી મોકલનારનાં નામ સાથે તે રજૂ કરવામાં આવશે. તેમણે પૂછેલા પ્રશ્નો પણ વાચકો આગળ રજૂ કરવામાં આવશે. કોઇ ને કોઈ તેના ખુલાસા કરનાર મળી આવશે તો પૂછનાર અને કહેનાર તેમજ વાંચનાર સર્વને તેનો લાભ મળી શકશે. દેશસેવાનો આવો એક સાદો ચીલો પણ આપણે નહિ ચલાવી શકીએ?

ર. મ. રા.

શ્રીમતી કે નિક્સન (અનુસંધાન આગળના પૃ. ૧૨૭થી)

નાખી અને યુ. પી. નાં જંગલોમાં કેટલીક પટ્ટીઓ મારી.

દરમ્યાન ડી. ન્યુસમે પારીસના પ્રખ્યાત સૅલોંમાં એક ચિત્ર મૂકયું હતું તથા લંડનના પ્રદર્શનમાં ચાર ચિત્રો મૂકયાં હતાં. આજે તેઓ કલકત્તામાં છે.

આજકાલ શ્રીમતી નિક્સન હિંદુસ્તાનનાં ફૂલો અને પક્ષીઓની એક ચિત્રમાળા કરી રહ્યાં છે. તેની સંખ્યા ૬૦ થી ૭૦ જેટલી થશે. તેમાંનાં છએક ટાઇમ્સ ઑફ ઇન્ડિયાનાં વાર્ષિકોમાં છપાઇ ગયાં છે. બધી સંખ્યા પૂર્ણ થશે એટલે તેનો એક ગ્રંથ બહાર પાડશે. સ્ટુડિયોમાં કામ કરે છે ત્યારે તેમનાં બે નાનકડાં કૂતરાં બાજુથી અળગાં થતાં જ નથી અને પડયાંપાથર્યાં ત્યાં જ રહે છે.

અત્યારે તેમને હાથે બી.બી. ઍન્ડ સી. આઇ. રેલવે માટે બે સુંદર પોસ્ટરો બની રહ્યાં છે જે થોડા વખતમાં બધાં સ્ટેશનો પર જોઇશું.

તેમની કામની લગની અનહદ છે અને તેમાં તેઓ જીવનનો ખરો આનંદ ભોગવે છે. શ્રી નિક્સન-બ્લન્ડેલ ઘણાં જ માયાળુ અને પ્રેમી બાઈ છે. હિંદી સમાજમાં ભળી જવા તે બાહુ ઇંતેજાર છે ને નિખાલસ વ્યવહાર રાખે છે. ઊગતા કલાકારો માટે તેની સહાનુભૂતિ આદરણીય છે.

નરેન્દ્ર રાવળ

પ્રાણીઓ, પક્ષીઓ અને ફૂલોનાં ચિત્રલેખા-સન્નારી કલાકાર

શ્રીમતી કે નિક્સન

ઘણાં કેટલાંક વર્ષોથી કે. નિક્સન (K. Nixon)ની સહીથી ચીતરાએલાં, મુંબાઈના ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના પૂંઠા પરનાં સુંદર ચિત્રો અને રેલવે સ્ટેશનો પરનાં પોસ્ટરો ઘણાએ જોયાં હશે. તે સિવાય તેમનાં અસલ મોટાં કૅનવાસચિત્રો મુંબાઈના ટાઉનહૉલમાં ભરાતાં પ્રદર્શનોમાં પ્રતિ વર્ષે પ્રેક્ષકોનું અચૂક આકર્ષણ બનતાં રહ્યાં છે. કલાનાં ક્ષેત્રોમાં નારીસમૂહે જે પ્રતિનિધિત્વ દાખવ્યું છે તેમાં મિસિસ બ્લન્ડેલ આગળપડતો ફાળો આપી રહ્યાં છે. હિંદુસ્તાન સાથે તેમણે ઘણાં વર્ષોથી જે ગાઢ સંબંધ સાધ્યો છે તેને લીધે તેનો પરિચય અનિવાર્ય બને છે, એટલું જ નહિ પણ હિંદના નારીજગતને તેઓ એક આદર્શ પૂરો પાડે છે. 'કુમાર' તરફથી લેવાએલી ખાસ મુલાકાતને પરિણામે અત્રે તે રજૂ થાય છે.

તેમના પતિ મિ. બ્લન્ડેલની સાથે તેઓ કોલાબા ઉપર સાસૂન ડૉક રોડ પર વસ્યાં છે. તેમના સુરમ્ય પ્રકાશમાન ચિત્રખંડમાં દાખલ થતાં જ ચારે તરફ પશુઓ ને પક્ષીઓ, વૃક્ષડાળો પર કે જંગલની કરાડો પર બેઠેલાં આંખો પટપટાવતાં દેખાય છે. હું ગયો ત્યારે તેઓ કળા કરી રહેલા એક મોરનું મોટું પોસ્ટર ચીતરી રહ્યાં હતાં. તેમણે કહ્યું: 'આ બધી સૃષ્ટિનો કોઈ ઘાત કરે એવું હું કદી ઇચ્છતી નથી. નાનપણથી જ હું તેમને ચાહતી હતી અને તેને લીધે મેં બચપણથી જ તેમની ચિત્રકાર બની જીવન ગાળવાનો નિશ્ચય કર્યો હતો.' અને ખરેખર, તેમનાં આ વચનોની સચ્ચાઇ, હમણાં થોડા વખત પર તેમણે એકલાં પોતાનાં જ ચિત્રોનું એક પ્રદર્શન મુંબાઈમાં બતાવેલું ત્યારે જણાઈ આવતી હતી. પોતાના બચપણની નાચની વાત એમણે જ કહી છે.

લંડનના ઉત્તર ભાગમાં તેમનો જન્મ થયો હતો. તેમના વડિલો અને કુટુંબીઓને ખૂબ કૂતરાં અને ઘોડાં પાળવાનો શોખ હતો. એ બધાં કુમારી કેને આકર્ષક લાગતાં અને પેન્સિલ પકડતાં આવડી કે તુરત તેણે તેમનાં ડ્રૉઈંગ કરવા માંડ્યાં હતાં.

સત્તરમે વર્ષે શાળાનો અભ્યાસ પૂરો થતાં, કૅમ્ડન સ્કૂલમાં તેમણે કળાનો અભ્યાસ શરૂ કર્યો. બે વર્ષે ચિત્રની શિક્ષિકા તરીકે લાયકાત મેળવી અને એ જ શાળામાં શિષ્યવૃત્તિ લઇ એક વર્ષ શીખવ્યું. પણ પછી તેમનું કુટુંબ લંડન છોડી બર્મિંગહામ ગયું એટલે એ જગ્યા છોડી દેવી પડી. કૅમ્ડન સ્કૂલમાં ત્રણ વર્ષ રહ્યાં તે દરમિયાન દર અઠવાડીએ એક દિવસ પ્રાણીબાગમાં તે ગાળતાં અને એક વાર પ્રાણીઓના મ્યૂઝિયમમાં જતાં. જંગલી પ્રાણીઓ અને પક્ષીઓનો અભ્યાસ ત્યાં જ થઇ શકતો. ઘોડાં, કૂતરાં ને ઢોર ઉપરથી તો તે રોજ આલેખનો કર્યાં જ કરતાં. અઢારમે વર્ષે તેમણે દોરેલાં ત્રણ કૂતરાંનાં ડોકાં લંડનમાં પ્રકટ થયાં હતાં. એ જ સમયમાં લંડનના ઇન્ટરનૅશનલ પ્રદર્શનમાં ચિત્રો મોકલ્યાં અને તે પર રૂપાના તેમજ બ્રૉન્ઝના ચાંદ તથા કેટલાંક રોકડ ઇનામો મેળવ્યાં.

બર્મિંગહામ જઇને તેમણે ત્યાંની સેંટ્રલ સ્કૂલ ઑફ આર્ટમાં અભ્યાસ આદર્યો. આ જ શાળામાં થોડાં વર્ષ પર પ્રખ્યાત કલાકાર બર્ન જોન્સ પ્રિન્સિપાલ હતા. અહીં તેમને મિસ ડી. ન્યૂસમ (D. Newsome) જે હાલ મિસિસ ગ્લેન (Mrs. Glenn) તરીકે ઓળખાય છે તેનો મેળાપ થયો. તેઓ પણ એક વિદ્યાર્થી હતાં અને બંને વચ્ચે ઘણી ગાઢ મૈત્રી જામી. થોડા વખત રહી બંને જણ બર્મિંગહામમાં એક મોટા ધંધાર્થી કલાગૃહમાં જોડાયાં અને છાપકામ માટે જરૂરી નુસખા શીખ્યાં.

મિસિસ ન્યૂસમ-ગ્લેનનાં માતા પણ પ્રસિદ્ધ કલાકાર હતાં અને ઇંગ્લંડમાં એમના ગુરુ થવાને લાયક સન્નારી હતાં. ધંધાર્થી કળાગૃહમાં થોડા વખત કામ કરી એ બંને જણે પોતાનો સ્ટુડિયો સ્થાપવાનો ઇરાદો કર્યો અને વૉરિકશાયર કૉવેન્ટ્રીમાં મુકામ કર્યો. ત્યાં રહી તેમણે સાથે મળી લંડનના પ્રકાશકોને ઘણી ચોપડીઓ તેમજ વાર્તાઓ માટે કામ કરી આપ્યું. ડી. ન્યૂસમ માનવીઓ અને મકાનો ચીતરતાં અને કે નિક્સન પ્રાણીઓ તથા પક્ષીઓ આલેખતાં. એમ ભેગાં મળીને ઢગલાબંધ કામ કરતાં અને કોઈ દિવસ તેમને વાંધો પડ્યો નહોતો.

તેઓ લંડનની પ્રસિદ્ધ 'થ્રી આર્ટ્સ' ક્લબમાં દાખલ થયાં અને તેના આશ્રયે વરસમાં લગભગ ચાર પ્રદર્શનો કરતાં. કે નિક્સનને હવે અશ્વોનો વિશેષ અભ્યાસ તથા

જ્ઞાન મેળવવાં હતાં એટલે તે લેડી વ્હાઈટ જે એક મોટી અશ્વશાળા ધરાવતાં હતાં તેને ત્યાં જઈ ત્રણ માસ રહ્યાં. ત્યાં તે ઘોડેસવારી અને ઘોડાની માવજત પણ શીખ્યાં. તે વખતે ઘણા ઘોડાઓનાં પૉર્ટ્રેટ તેમણે દોર્યાં.

ખાસ રજાઓ ગુજારવા તેઓ પારી, રોમ, ફ્લૉરેન્સ વગેરે ફ્રાન્સ તેમજ ઇટાલીના ઘણા ભાગોમાં જતાં અને ત્યાંના સુપ્રસિદ્ધ કલાકારોનાં કામ જોતાં.

૧૯૨૯માં તેમને હિંદુસ્તાનમાં આવવાની તક મળી ગઈ. એક શિક્ષણસાહિત્ય પ્રકાશક સંસ્થા તરફથી છ મહિનાનું કામ મળ્યું અને તે માટે તે કલકત્તા આવ્યાં. ત્યાં તેમને ઇસ્ટ ઇન્ડિયા રેલવેના પ્રકાશનખાતાના મુખ્ય અધિકારી મળ્યા. તેને તેમનું કામ બહુ જ ગમી ગયું અને પોતાની રેલવે માટે કેટલાંક પોસ્ટરની સામગ્રી મેળવવા રેલવે તરફથી તેમને પ્રવાસ કરવા મોકલ્યાં. તેમાં હિંદનાં પ્રાચીન સ્થળો તેમણે જોઈ વાળ્યાં. ગયા, પટણા, અલ્લાહાબાદ, બનારસ, લખનૌ, કાનપુર, આગ્રા, દિલ્હી અને મુંબાઈ જોઈ તે પાછાં ઇંગ્લંડ ભેગાં થઈ ગયાં.

ત્યાં રહી પછી તેમણે દસ પોસ્ટરો તૈયાર કરી કલકત્તા મોકલ્યાં. ને સાથેસાથે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' માટે કેટલુંક કામ કરી મોકલ્યું. એ બંને ચિત્રલેખાઓમાં ચિત્રો આજે હિંદુસ્તાનનાં સ્ટેશનોમાં ચારેકોર નજરે પડે છે.

આ પછી ત્રણ વર્ષ સુધી તેઓ લાગટ હિંદની મુલાકાત લેતાં અને જુદીજુદી રેલવેઓને પોસ્ટરો કરી આપતાં, સાથેસાથે હિંદનાં નવાંનવાં સ્થળો નીરખતાં. ઉદયપુર, જયપુર, ત્રાવણકોર વગેરે સ્થળે રાજની મહેમાનગીરી માણતાં અને નિરાંત મળતી ત્યારે લંડનના પ્રકાશકો માટે પણ કામ ખેંચી કાઢતાં.

૧૯૩૦માં તેઓ બ્રહ્મદેશના પ્રવાસે ગયાં ને માંડલે સુધી જઈ ઇરાવતી નદીને માર્ગે રંગૂન આવ્યાં. એકબે માસ એ ચિત્રમય પ્રદેશ જોયો ને પાછાં ઇંગ્લંડ પહોંચી ગયાં.

તે પછી કે નિકસન અમેરિકા ગયાં અને કૅનેડા પણ જોયું ત્યાં ખુબ કામ પણ કાઢ્યું. આઠ માસ તે ત્યાં હતાં તે દરમિયાન મિસ ડી. ન્યૂસમ ૧૯૩૨માં કલકત્તા શિયાળો ગાળી સ્ટૂડિયો માટે કામ ખેંચી લાવ્યાં. ૧૯૩૪માં નિકસન મુંબાઈમાં તેમના પતિની સાથે રહેવા આવ્યાં, પણ ૧૯૩૫માં પાછાં ન્યૂસમ સાથે સ્ટુડિયોનું કામ કરવા લંડન પહોંચી ગયાં.

૧૯૩૬માં સંયુક્ત પ્રાંતના સરકારી ખેતીવાડી-



Kay Nixon-Blundell (Mrs. V. R. Blundell)

ખાતાનાં ચારેક પોસ્ટરો કરવા તે અલ્લાહાબાદ ગયાં અને ખેતરોમાં જઈ ઢોરના અસલ આલેખો કર્યાં. શેરડી અને ઘઉંના મોલ વચ્ચે બેઠાંબેઠાં અસલ હિંદુસ્તાન જોતાં તેમને બહુ મોજ મળી. હિંદનું સાચું જીવન તેમને બહુ ગમે છે. એ જ વર્ષમાં તેમને ચીન–જાપાન તરફ જવાની તક મળી અને એ દેશોની કળા તથા આશ્ચર્યો નિહાળ્યાં. જાપાનની પક્ષી અને ફૂલપાનની ચિત્રકળા તેમને બહુ જ ગમી. ચીનના હાથકસબો, હાથીદાંતનું કામ, કોતરણીમાં રહેલી સફાઈ તથા તેની સાદાઈ અને ઉત્કૃષ્ટતાએ તેમને ખૂબ આનંદ આપ્યો.

૧૯૩૪માં જ્યૉર્જ ન્યૂન્સ (George Newnes) નામની લંડનની સુપ્રસિદ્ધ પ્રકાશક પેઢીએ તેમને તેડાવ્યાં અને ચાર માસનું કામ સોંપ્યું. એમાં બધું પ્રાણી અને પક્ષીઓને લગતું જ ચિત્રકામ હતું. ૧૯૩૮માં તેમણે પોતાના પતિ સાથે ફરી પ્રવાસ કર્યો, તેમાં સ્કૉટલાંડ હોલાંડ અને જર્મનીના કેટલાક ભાગો જોયા.

ત્યાર પછી તે પાછાં હિંદુસ્તાનમાં આવી રહ્યાં. વચ્ચે જોધપુરની એક સફર ખેંચી (અનુ. પાછળ પૃ. ૧૨૫મે)

ભાગેડુ

સંગીતના સૂર રેલાવનાર આંગળીઓને જ્યારે વાયોલિનનો ગજ અને બંદૂકનો કુંદો એ બેની વચ્ચે પસંદગી કરવાની આવી પડી...

કાલે જ આખી ટૂકડી ઈંગ્લંડ છોડી પશ્ચિમ મોરચા પર પહોંચી જવાની હતી. એટલે ખાવાણીમાંથી છટકી જવાની એક તક મળી ગઈ તેનો પ્રાઈવેટ ડિગ્ગને વેળાસર જ લાભ લઈ લીધો.

ચશ્માંધારી તરુણ ડિગ્ગન યુદ્ધ સળગ્યા પહેલાં એક બૅન્કના કલાર્ક હતો. મૅનેજરના એના પર ચારે હાથ હતા. એના આગળ વધવા માટે પૂરતો અવકાશ હતો. પરંતુ ત્યાં ઓચિંતા ફાટી નીકળેલા યુદ્ધને લીધે બૅન્કનું તેનું આસાન જીવન, દર સાંજે મળતી વાંચનની લિજ્જત તથા સંગીતના શોખથી અવારનવાર લેવાતી લંડનની મુલાકાતો, બધું એની પાસેથી ઝૂંટવાઈ ગયું હતું. સંજોગોએ તેને સઘળી સુંવાળપથી રહિત ઇન્સાનો વચ્ચે મૂકી દીધો હતો, અને જમીન ખોદવાનું ને બંદૂક ચલાવવાનું અણગમતું કામ તેની પાસેથી લેવા માંડ્યું હતું. કોઈ નાજુક વાયોલિનને રમાડવા નિર્માએલા એના હાથ લગભગ લાકડા જેવા કર્કશ બની ગયા હતા. કોઈક દિવસ ક્રિસલર જેવો નામી ઉસ્તાદ બની રહેવાનાં એનાં ભવ્ય ને સોનેરી સ્વપ્નાંનો એને યુદ્ધદેવતાને ભોગ આપી દેવો પડ્યો હતો.

આ બધાં કારણોએ ડિગ્ગનને ઉશ્કેરી મૂક્યો અને મોકો જોઈ ને સૈન્યમાંથી ભાગી છૂટ્યો.

ધોધમાર વરસાદનાં ફરી વળતાં પાણી ઓળંગતો ને અંધારામાં ખેતરો ખૂંદતો, વાડાથી પોતાનું શરીર ચૂંથાવતો ને લથડતો એ આગળ ને આગળ ધસમસ્યે જતો હતો. કોઈ કેદી જેલમાંથી નાસી છૂટતાં પહેલાં શું કરતો હશે તે એ વિચારવા લાગ્યો.

સૌ પહેલું તો, અલબત્ત, એણે પોતાનો લશ્કરી પોશાક બદલી નાખવો જોઈએ. રસ્તે જતાં કોઈ ઝૂંપડી મળી જાય તો! પણ અત્યારે તો બધાં ઊંઘતાં જ હોય. બધાંને ઊંઘતાં રહે. એકાદ બારી મારફત જોઈતાં કપડાં તો મેળવી લેવાય.

અને એક સફેદ સાંકડા રસ્તાની બાજુમાં એ જે શોધતો હતો એ મળી પણ ગયું. એક નાનીસરખી બંગલીની નીચેની એક બારીમાં દીવો સળગતો હતો. ધીમેથી એ બારી નજીક પહોંચ્યો. બ્લૅક આઉટના આદેશ મુજબ બારી ઉપર પડદા તો નાખેલા હતા, પણ એ પૂરા ઢંકાએલા નહોતા અને થોડો પ્રકાશ બહાર રેલાતો હતો.

પ્રાઈવેટ ડિગ્ગનને ખ્યાલ આવ્યો અને બગીચાના ટૂંકા રસ્તે પ્રવેશદ્વાર પર પહોંચી એણે બારણું ખખડાવ્યું.

'અંદર આવો.' અંદરથી શાંત અવાજ આવ્યો. 'ધક્કો મારશો એટલે બારણું ઉઘડી જશે.'

પ્રાઈવેટ ડિગ્ગને અંદર આવી જોયું તો પ્રૌઢ વયનો એક પુરુષ આરામખુરશીમાં પડ્યો હતો. સૂતાં પહેલાં તે કંઈક વાંચી રહ્યો હતો એ એની પડખેના નાના ટેબલ પર પડેલા પુસ્તક પરથી દેખાઈ આવતું હતું.


'અહીં શૂટને જતાંજતાં મારું ધ્યાન આપના બ્લૅક આઉટ તરફ આકર્ષાયું.' ડિગ્ગને કહેવા માંડ્યું: 'પડદા બારી પર બરાબર ઢંકાયા નથી. એ ઠીક નહિ કરો તો વખતે હેરાનગતિ અનુભવવી પડે.'

'સારું થયું. મારું ધ્યાન એ તરફ ખેંચ્યું તે.' પેલા માણસ આભારભાવે બોલ્યો. 'તમે જ એ જરા ઠીક કરીને એટલી મહેરબાની નહિ કરો! મારો નોકર સૂઈ ગયો હશે.'

પ્રાઈવેટ ડિગ્ગને પડદા બરાબર કર્યા અને પછી જાણે ઓચિંતો કંઈ ખ્યાલ આવ્યો હોય તેમ પેલા માણસ સામે ફર્યો.

'તમારી પાસે કપડાંનો એકાદ જૂનો સૂટ હોય તો મને વેચાતો આપી શકો કે નહિ!' તેણે પ્રશ્ન કર્યો. 'મારો ભાઈ મને મળવા અહીં સુધી આવેલો તે રસ્તામાં તોફાનમાં સપડાતાં આખો પલળી ગયો છે. એને હું બીજાં કપડાં બદલાવવા નહિ આપું તો એ ઘેર

યુદ્ધ સમયનો કર્મયોગ બોધતી એક ટૂંકી વાર્તા



ઇંગ્લંડની ખેતી — ચિત્રલેખા · શ્રીમતી કે નિકસન-બ્લન્ડેલ



છાપો — ચિત્રલેખા · શ્રીમતી કે નિકસન-બ્લન્ડેલ

(Blocks by Courtesy of the Artist)



ચીનો કાપડી (શિલ્પકાર • બી. કે. ગોરેગાંવકર) શ્રી ગોરેગાંવકરે ઇંગ્લંડમાં આગળ અભ્યાસ કરી આવી મુંબાઇની કલાશાળામાં અધ્યાપકનું પદ મેળવ્યું છે. દર વખતના મુંબાઈ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં તે એકાદ સાદા પાત્રને પોતાના સર્જનનો વિષય બનાવી તેની લાક્ષણિક ઢબમાં રજૂ કરે છે. પોતાના માલની ગાંસડી પર. સ્વભાવસિદ્ધ બેઠક લઈ ગોઠવાએલો આ ચીનો શ્રી ગોરેગાંવકરની સફળ શિલ્પકૃતિ છે



ડાબેઃ **માર્ચા નારીઓ** (ચિત્રકાર • પી. આર. રોય) લખનૌની કલાશાળામાં જે ચોક્કસ પ્રકારની રંગજમાવટ અને ચમક લાવવાનો પ્રયત્ન થાય છે તેના સરસ નમૂના તરીકે આ ચિત્રને ગણાવી શકાય. અતિ કમાવટ અને ઘૂંટણક્રિયાથી આ ચિત્રો નિશ્ચેતન અને ઢીંગલા જેવાં બની જાય છે, પણ તેનું સુંદર પીંછીકાર્ય વાહવાહ બોલાવે એવું હોય છે.

પહોંચશે શા રીતે? ગમે તેવાં જરીપુરાણાં પણ ચાલશે. અને હા, મેં તમને ક્યાંક જોયા હોય એમ નથી લાગતું!'

'તમે કદાચ મારા એકાદ જલસામાં મને જોયો હોય. હું ક્યારેક વાયોલિન બજાવું છું. મારું નામ રૅડીનૉવ. પરંતુ અત્યારે તો હું કોણ અને શું છું એ બાબત બહુ મહત્ત્વની નથી. લશ્કરમાંથી ભાગી છૂટેલા સૈનિકને (અમારા દેશમાં તો એ ગુનો કરનાર માતને જ સજાવાર ગણાય છે; અને કદાચ તમારે અહીં પણ એમ જ હશે.) આવી સામાજિક વાતચીતમાં આનંદ નહિ આવે.'

પ્રાઇવેટ ડિગ્ગન તો આ સાંભળીને ખુરશીમાં ફસડાઈ જ પડ્યો. આ જ પોતે રૅડીનૉવ! અલબત્ત! મહત્તમોમાં પણ મહાન એ વાયોલિનિસ્ટને અનેકવાર એણે સોત્કંઠ સાંભળ્યો હતો. અને એ મહાન સંગીતકાર એની આખી વાત પામી ગયો હતો! હિમ સમી નિરાશા એને થથરાવી રહી. પણ થોડી વાર પછી આશાની થોડી ઉષ્માનો સંચાર થયો.

'આપ જ ખુદ રૅડીનૉવ? અનેકવાર મેં આદરપૂર્વક આપનું વાયોલિન સાંભળ્યું છે.'

'તમને પણ એનો શૉખ છે?'

'જી, થોડોઘણો.'

રૅડીનૉવ ખુદ વાયોલિનિસ્ટ હતો. એટલે પોતાની વાત એ સમજશે, પોતાની ફૂટતી પ્રતિભાનાં સુફળ ચાખવા મળે તે પહેલાં જ કીચડમાં, જમીન ખોદવામાં, લડવામાં અને કદાચ મારવામાં વીતતા પોતાના આ દોઝખલા દિવસો તરફ પોતા જેવા સાચા કલાકારને નફરત થાય એ સ્વાભાવિક ગણીને તેનામાં કદાચ સહાનુભૂતિ પ્રકટશે, એ ખ્યાલે તેણે હિંમત કરી:

'હું કબૂલ કરું છું કે સેનાને મેં છેહ દીધો છે;' અરધી વઘાલાત અને અરધી આજીજી સાથે તે બોલ્યો: 'પણ એનું કારણ મારો એ શૉખ જ છે એમ તમે જાણશો તો મને લાગે છે કે તમે જરૂર મને માફ કરશો,—અને મદદ પણ કરશો.'

પેલો પ્રૌઢ પુરુષ આ સાંભળી રહ્યો. વાત પૂરી સાંભળીને એ બોલ્યો,' પણ તું સાચું જ બોલે છે એની મને શા રીતે પ્રતીતિ થાય! પણ ખૂણામાં પડેલી વાયોલિન ઉપાડીને મને ખાતરી કરાવી આપ.'

પ્રાઇવેટ ડિગ્ગને તેમ કર્યું. પ્રૌઢ પુરુષ આંખો



મીંચી પૂર્ણ આરામથી સાંભળી રહ્યા. પ્રાઇવેટ ડિગ્ગન પહેલાં સહેજ અચકાતાં અને પછી સંપૂર્ણ ઇતબારપૂર્વક પોતાની કલા વહેવડાવવા લાગ્યો. એણે વાયોલિન હેઠી મૂકી ત્યારે પેલા પુરુષે આંખો ઉઘાડી.

'જો, અહીંથી મારા શયનખંડમાં જા;' એક બારણા તરફ આંગળી ચીંધતો તે બોલ્યો, 'અને ત્યાં તારે જે કંઈ જોઈએ છે એ બધું ભરેલું એક પોટલું પડ્યું હશે. મને ઘણીવાર ઉતાવળાં તેડાં આવે છે, તેને માટે હું એક સૂટ એ રીતે તૈયાર જ રાખું છું. ખુશીથી લઈ જા. હું પણ નથી ઇચ્છતો કે બ્રિટિશ સૈન્યમાં કોઈ કાયર સૈનિક રહે. લશ્કરમાં એક કાયર દસ દુશ્મનોની બરાબર છે. પરંતુ એટલું યાદ રાખજે કે આમ નાસી જઈને મહાન વાયોલિનિસ્ટ બનવાની તારી સઘળી મુરાદ તું બરબાદ કરે છે. તું જાણે છેને, કે સંગીત એ એક આધ્યાત્મિક વસ્તુ છે, અને ફરજથી મોં ફેરવી લેનારની સઘળી આધ્યાત્મિકતા નાશ પામે છે! જુવાન તરીકે વાયોલિન પર તારો હાથ બહુ સારો જામી ગયો કહેવાય; પરંતુ ભય અને આપત્તિ, હિંમત અને ઝિંદાદિલીનાં આ યુદ્ધવર્ષો (અને હિંમતમાત્ર ઓસરી જાય ત્યારે જે મહત્તમ હિંમત પ્રગટી નીકળે છે તેવી આ અણમોલી તક) તને કદાચ બીજો મહાન ક્રિસલર જ બનાવી દેત.

પ્રાઇવેટ ડિગ્ગન ખુરશીમાં વધુ અસ્વસ્થતા અનુભવતો બોલ્યો: 'તમે ઘરડા થયા છો. લશ્કર માટેની ઉમર વટાવી ચૂકયા છો એટલે આવું બોલો છો. બીજાઓ માટે આમ બહાદુરી ગાવી બહુ સહેલી છે.'

કદાચ અરધીએક મિનિટ સુધી રૅાડીનૅાવ આ સાંભળીને ન બોલ્યો, ન ચાલ્યો. પ્રત્યુત્તરની રાહ જોતા પ્રાઇવેટ ડિગ્ગનને જાણે લાગ્યું કે એ બુઢ્ઢો પોતાની હસ્તી જ પલવાર માટે વીસરી ગયા હતો અને એ ચાર દિવાલનું બંધન ઓળંગી એ મહાન સંગીતકાર ભૂતકાળના કોઈ દૂરના પ્રસંગમાં જીવી રહ્યો હતો.

આખરે જાણે કંઈ અંતર સુધી પહોંચી જતી હોય એવી નજર ડિગ્ગન પર ફેરવી રૅાડીનૅાવે ધીમેધીમે પોતાનો હાથ લાંબો કર્યો. અને એ લંબાએલા હાથને મેજ પરના દીવાના પ્રકાશમાં બારીકીથી જોઈ રહેતાં પ્રાઇવેટ ડિગ્ગને જોયું કે એ હાથ નિર્જીવ હતો!

એ જોતાજોતો અકલ્પ્ય લાગણીનાં પૂર તે અનુભવી રહ્યો હતો. ત્યાં જ રૅાડીનૅાવે પાછું બોલવાનું શરૂ કર્યું. 'હું પોલાંડનો વતની છું; અને પોલ લોકો કદી નાસી નથી જતા. વૅારસો મુકામે મેં મારો આ હાથ ગુમાવ્યો: અને જીવનમાં હું ફરી કદી વાયોલિન બજાવી શકીશ નહિ.... પણ તું વધુ રાહ ન જો. જા, બાજુના ઓરડામાંથી પોટલું લઈ લે અને બગીચામાં જ શેડમાં પડેલી બાઇસિકલ લઈ નાસી છૂટ. સવાર સુધીમાં તો અહીંથી સાંકડ માઇલ પર પહોંચી જઈશ.'

પ્રાઇવેટ ડિગ્ગન ઊભો થયો. તેની આંખો એક મહાન વિભૂતિની બરબાદ થએલી વિભૂતિમત્તાની ભસ્મ સમા પેલા બનાવટી હાથ પર ચોંટી રહી હતી.

અને એ પછી, એક પણ શબ્દ બોલ્યા વિના એ ચાલતો થયો ને સીધો છાવણીનો રસ્તો લીધો.

('ઑન્સર્સ'માંની ડી. બાબરની વાર્તા પરથી) **અશોક હર્ષ**

મુંબાઈ આર્ટ સોસાએટીની પ્રદર્શન ચિત્રાવલિ

ગયા બે અંકની માફક આ અંકમાં પણ મુંબાઈ આર્ટ સોસાએટીના વાર્ષિક પ્રદર્શનમાં રજૂ થએલી કૃતિઓમાંની બે ચૂંટીને આર્ટપ્લેટ તરીકે આપી છે. એ પ્રકારનાં લગભગ ૬૦ ચિત્રોની 'કુમાર'ના કદની ચિત્રાવલિ દર વર્ષે પ્રદર્શન સમયે મુંબાઈ આર્ટ સોસાએટી બહાર પાડે છે. જેમને તે મેળવવા ઇચ્છા હોય તેમને દોઢ રૂપિયાની કિંમતે નીચેને સ્થળેથી મળી શકશે: V. V. Oak Esqr., Bar-at-law, Secretary Bombay Art Society, Ground Floor Secretariat, Bombay 1.

કાશ્મીર, કેરલ અને કામરૂપ. — એ ત્રણ હિંદુસ્તાનના તાંત્રિક ત્રિકોણનાં ત્રણ શિર છે. પ્રકૃતિમાતાએ એ ત્રણેને અપ્રતિમ સૌંદર્ય અર્પણ કર્યું છે. આજ જો મને કોઈ પૂછે કે એ ત્રણમાં અધિક સૌંદર્ય કોનું તો એનો જવાબ દેવો મને મુશ્કેલ થઈ પડે. કામરૂપનું અતિ પ્રાચીન નામ હતું 'પ્રાગ્જ્યોતિષ્'. આજ એ પ્રાન્તને 'અસમ' કહે છે.

ગંગા અને બ્રહ્મપુત્રના અનેકમુખી પંખા (ડેલ્ટા)થી જે સુંદરવનની શોભા વધી છે એ પ્રદેશનું પ્રાચીન નામ છે 'સમતત'. સમતત એટલે સમતલ ભૂમિનો વિસ્તાર. એના વિરુદ્ધ એવા 'અસમ' પ્રાન્તમાં ઉત્તરમાં હિમાલયથી માંડીને ડફલાની પહાડીઓ સુધી, ને દક્ષિણમાં ચેરાપુંજીથી માંડી ગારોની પહાડીઓ સુધી જ્યાં જોઈએ ત્યાં બસ પહાડ ને પહાડ જ છે. એથી જ કદાચ આ પ્રદેશને 'અસમ' કહેતા હશે.

જ્યાં બ્રહ્મપુત્ર વહે છે તેની બંને બાજુ ખેતી કરવા લાયક જે ખેડાઉ જમીન છે એમાં જ અસમ પ્રાન્તની આબાદી છે. બ્રહ્મપુત્ર નદ જ અસમિયા લોકોના માતાપિતા છે. ઈશાન દિશાએ સદિયાથી માંડી પશ્ચિમમાં ધુબ્રી સુધી ૧૫ ડિગ્રીના વિસ્તારમાં 'અસમ' પ્રાન્ત ફેલાએલો છે.

એક દૃષ્ટિએ જોઈએ તો આ પ્રાન્ત પર કુદરતની અસાધારણ કૃપા છે. સૌથી મોટી ને સૌથી પહોળી નદી આ જ પ્રાન્તમાં થઈ વહે છે. નદીના કાંપનો ને પહાડી વૃક્ષોનાં પાંદડાંના ખાતરનો જો હિસાબ કરવામાં આવે તો અહીંની ભૂમિ જેવી ઉપજાઉ ભૂમિ બીજે કયાંય નથી. ઘાસતેલ અને કોલસા પણ જો કયાંય



आसामनी एक झांखी

लेखक
श्री काकासाहेब कालेलकर

પાસપાસે જ ખોદી કાઢવામાં આવતા હોય તો તે પણ અહીં જ છે. જંગલની સમૃદ્ધિ અને ખનિજ પદાર્થોની સંપત્તિમાં તો આ પ્રદેશ અસાધારણપણે સંપન્ન છે. અનાજ, કપાસ, બટાટા, શાક, ચા, ગળી, જે કંઇ ચીજ આપણે માગીએ તે આપવા અહીંની ભૂમિ તૈયાર છે. અને અહીંનાં નારિયેળ તથા સોપારીનાં ઝાડ જોઇને તો હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનું સ્મરણ થાય છે. મત્સ્યાહારી લોકોને માટે તો આ નંદનવન જ છે અને ફળાહારી લોકો પણ ચાહે તો પોતાની આખી જિંદગી અહીં વિતાવી શકે છે.

જેમ કાચા માલમાં આ પ્રાન્ત સમૃદ્ધ છે તેમ જ 'કાચી' લોકવસતીમાં પણ તે કમ સમૃદ્ધ નથી. નાગા, ખસી, મિકીરી, ગારો, મિટડી, આબોર, મિસમિસ આદિ અનેક પર્વતીય અને વન્ય લોકોની આબાદી જ આ પ્રાન્તનો મહત્ત્વનો ભાગ છે. કાચા માલની કીમત તો એ જ કરી શકે, જે એમાંથી પાકો માલ બનાવી શકે છે. એમ, આ પહાડી વનવાસીઓની કીમત પણ તેઓ જ કરી શકે. જે સંસ્કૃતિધુરીણો છે. ઇતિહાસ પૂર્વેના કાળની મનુષ્યજાતિનું અધ્યયન કરનારા નૃવંશશાસ્ત્રીઓ માટે અસમ પ્રાન્ત અધ્યયનનું સૌથી શ્રેષ્ઠ ક્ષેત્ર છે. સમાજશાસ્ત્રીઓ માટે તે અપ્રતિમ પ્રયોગભૂમિ છે. ગોવા, કોંકણ અને કેરલના થોડા હિંમતવાન લોકો જો અહીં આવી વસે અને આમની સાથે એકરૂપ થઈ જાય તો આ પ્રાન્તમાં એક નવા યુગનો પ્રારંભ થાય. કારણકે આ મુલક પણ ડાંગર, સોપારી, નારિયેળ, માછલી, કેળાં વગેરેનો જ છે અને પશ્ચિમ ભારતમાં જે કંઈ કારીગરી છે, જીવનકલા છે, એનો લાભ અહીંના લોકોને મળતાં એમને એમની પોતાની શક્તિનો સાક્ષાત્કાર થઈ જાય. અહીંના પર્વતીય લોકોને અપનાવવાથી અસમ પ્રાન્તના લોકોની શક્તિ ઓછામાં ઓછી દસ ગણી તો અવશ્ય વધશે. અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં કુદરત સાથે લડીને કઈ રીતે જીવન ટકાવી રાખવું તેની કળા જેવી આ આરણ્યકો પાસે છે તેવી કદાચ થોડા જ શહેરી અને ગ્રામીણ લોકો પાસે હશે. પાદરીઓએ આ લોકોને પોતાનો ધર્મ અને પોતાની સંસ્કૃતિ આપવાની ખૂબ કોશિશ કરી છે. આ પ્રયત્ન પાછળ કયા કયા હેતુ અને આદર્શ છે એ કહેવું મુશ્કેલ છે. ધર્મને નામે આ લોકો પ્રચાર કરશે અને સમય આવ્યે એ પ્રચારનો લશ્કરી દૃષ્ટિએ લાભ પણ ઉઠાવશે. એમના મુખમાં અને હૃદયમાં ધર્મશાસ્ત્રો હશે; પરંતુ એમના દિમાગમાં અને એના આચરણમાં સામ્રાજ્યવાદી સમાજશાસ્ત્ર હશે. હિંદુસ્તાનના સામાજિક, આર્થિક અને ભાષાવિષયક સંગઠનને તોડી નાખવામાં આ પાદરીઓએ કંઇ ઓછી સફળતા નથી મેળવી. અસમની અંગ્રેજ સરકારે આજ સુધી આ વનચરોનું શિક્ષણ આ પાદરીઓના હાથમાં જ રાખ્યું છે. ક્યાંકક્યાંક તો આ પર્વતીયોના પ્રદેશમાં મિશનરીઓ સિવાય બીજા કોઇને ન જવા દેવાની જ નીતિ એણે છડેચોક અખત્યાર કરી હતી. આજ પણ એ નીતિનો અંત નથી આવ્યો.

આ પહાડીપરજ વચ્ચે રહી એમની સેવા મારફત પોતાનું ગુજરાન કરનારા મારવાડીઓની આપણે જેટલી કદર કરીએ છીએ એથી અધિક કદરના એ અધિકારી છે. અંગ્રેજ લોકો અહીં આવીને જેટલો નફો કરે છે એટલા નફાનું આ મારવાડીઓ કદાચ સ્વપ્નું પણ નહિ જોતા હોય. છતાં મારવાડીઓને ધનલોભી અને લુટારા કહેવાનો રિવાજ પડી ગયો છે. સર્વ પ્રકારનાં કષ્ટ અત્યંત સમાધાનથી સહન કરનારા આ મારવાડીઓ જો આ પર્વતીયોની વચ્ચે ન વસત તો કુદરતનાં એ બાળકોનું જીવન અશક્યવત્ થઇ જાત.

જ્યારથી અહીં પેટ્રોલિયમ અને કોલસાની ખાણો નીકળી અને ચાના 'બાગાન'(બગીચા) બનાવાયા ત્યારથી બીજા પ્રાન્તોના મજૂરોને અંગ્રેજો અહીં લઇ આવ્યા. એ લોકો અહીં આવીને સખ્ત મહેનતે પોતાનું ગુજરાન તો સારી રીતે ચલાવી લે છે, પણ અહીંના લોકો સાથે હજુ હળીમળી નથી ગયા; જોકે એ જરા પણ કઠણ ન હતું. અસમિયા લોકો પરંપરાથી ખેતી કરનારા

છે. પરંતુ પૂર્વ બંગાળના મૈમનસિંગ જિલ્લાથી જે લાખો મુસલમાન અસમ પ્રાન્તમાં આવી વસવા લાગ્યા છે એમની જીવનશક્તિ સામે અહીંના સ્થાયી લોકો ફિક્કા પડી જાય છે. આ નવા લોકો ગાય રાખે છે, બટાટા વાવે છે, શાક-તરકારી વેચે છે અને અહીંની ઉપજાઉ જમીનને અનુરૂપ મહેનતમજૂરી કરી લાખો રૂપિયા કમાય છે.

નૌગાંવ જિલ્લામાં આ પ્રવાસીઓને ચાહે ત્યાં વસવાની રજા નથી. રખેને અસમિયા લોકો જોડે એમનો ઝગડો થવા પામે, એ કારણે આ જિલ્લામાં સરકારે એક હદ (લાઈનદોરી) મુકરર કરી છે, જેને પેલે પાર માત્ર અસમિયા લોકો જ ખેતી કરી શકે. મૈમનસિંગના મુસલમાનોને ત્યાં ખેતી કરવા દેવામાં નથી આવતા. બન્ને સમાજોની શક્તિનું પારખું આ હકીકત પરથી મળી જશે કે એ હદની આ બાજુ જમીનની કીમત દર એકરે ૫૦ રૂપિયા છે, જ્યારે એ જ પ્રકારની એટલી જ જમીનની કીમત પેલી બાજુ ૫૦૦ રૂપિયાથીયે વધુ અંકાય છે.

હિંદુસ્તાનની ઉત્તર-પૂર્વ સીમા જ્યાં આવેલી છે ત્યાં આજે આપણને એક નાનુંસરખું હિંદુસ્તાન વસેલું મળે છે. ડિબ્રોગઢ અને તિનસુખિયાની આસપાસ તેલ અને કોયલાની ખાણો દિનરાત પોતાનું કામ કરે છે અને હિંદના વિવિધ પ્રાંતોના મળી ૩૦–૪૦ હજાર લોકો અહીં પોતાની મહેનત વડે અંગ્રેજ કંપનીના ખિસ્સામાં દરરોજ હજારો રૂપિયાનો નફો પહોંચાડે છે.

પ્રાચીન કાળમાં મનુષ્યજાતિએ ગાય, ભેંસ, ઘોડા, ગધેડા, ઊંટ અને હાથી પાસેથી કામ લેવાની અને એની મહેનતથી લાભ ઉઠાવવાની વિદ્યા સંપાદન કરી. આ યુગમાં પાશ્ચાત્ય પૂંજીપતિઓએ એ જ લાભ એશિયા અને આફ્રિકાના લોકોની મહેનતમજૂરીથી ઉઠાવવાની તરકીબ શોધી કાઢી છે. પશુ પાસે શ્રમ કરાવવાની આદત પડતાં જ મનુષ્યસ્વભાવમાં અને મનુષ્યજીવનમાં જબરી ક્રાન્તિ આવી ગઈ. એ જ રીતે ગુલામી પ્રથા, ગિરમિટિયા પ્રથા, 'દુબળા' ખેડુતોની પ્રથા (જે કાલ સુધી ગુજરાતના સૂરત જિલ્લામાં હતી) અને કારખાનાંમાં મજૂરો પાસે કામ લેવાની પ્રથાથી પણ મનુષ્યજીવનમાં ને માનવના સામાજિક આદર્શોમાં બહુ જબરી ક્રાન્તિ આવી ગઈ છે. એ કારણે જ વર્ગવિગ્રહ અને સમાજસત્તાવાદની ફિલસૂફીનો અવતાર થયો છે.

માણસે જ્યારે પશુઓ પાસેથી કામ લેવાની શરૂઆત કરી હશે ત્યારે સિંહ, રીંછ, હરણ, જંગલી સૂવર આદિ જાનવરો પાસેથી પણ કામ લેવાની કોશિશ તો કરી જ હશે. પણ એ જાનવરોએ કામ કરવાનો એવી સફળતાથી ઇન્કાર કર્યો કે મનુષ્યજાતિએ એનું નામ લેવું જ છોડી દીધું. 'અમે મરી જઈશું પણ તમારે માટે મહેનત નહિ કરીએ' એ એમનો આગ્રહ હતો. એને જ એ વળગી રહ્યા. પશુઓ અને મનુષ્યોનો આ ઝગડો આજે બીજા અનેક મોરચા પર પણ ચાલી રહ્યો છે.

અસમ પ્રાન્તમાં ગાયો છે, ભેંસો છે, હાથી હરણાદિ વન્ય પશુઓ પણ છે ને વિશેષ તો એ કે અહીં ખડ્ગવિષાણ ગેંડા પણ છે. ગેંડાથી કામ લેવાની કલા કોઈ ને કોઈ સમયે મનુષ્ય હાથ કરશે જ. જેમ હિંદુસ્તાનનું પ્રતીક હાથી છે, બ્રહ્મદેશનો મોર ને દક્ષિણ આફ્રિકાનો શાહમૃગ છે તેમ અસમનું પ્રતીક આ ગંભીરવેદી ગેંડા છે.

આપણે જો નવી દૃષ્ટિએ જોઈએ તો ગાયોની સાથેસાથે એક બીજા પ્રાણીનો વિચાર પણ કરવો જોઈએ. ગાય જો પવિત્ર છે તો આ પ્રાણી પણ પવિત્ર છે. ગાય જો મનુષ્યોને કીમતી આહાર આપે છે તો આ પ્રાણી પણ એટલો જ કીમતી આહાર તૈયાર કરી આપે છે. ગાય જો મનુષ્યના સહવાસથી હેવાઈ થઈને સૌમ્ય બની તો આ પ્રાણી પણ તેવું જ સૌમ્ય બની શકે છે. એ પ્રાણી છે મધમાખી. ગાયને પ્રેમપૂર્વક રાખવાથી, કુદરતના કોપથી બચાવવાથી અને ઉપયુક્ત ખોરાક ખવડાવવાથી જેમ એ વધુ દૂધ આપે છે તે જ રીતે મધમાખીઓ પણ મનુષ્યની મદદ મેળવી મધ બનાવવાની પોતાની શક્તિ અનેકગણી વધારી દે છે. અસમ પ્રાંતમાં જ્યાં જોઈએ ત્યાં પાણીનાં સરોવરો છે. એમાં જે સારાંનરસાં ફૂલ ઊગે છે એમનું અમૃત ચૂસીચૂસીને મધ બનાવનારી માખીઓ અસમ પ્રાંતમાં અસંખ્ય છે. અસમનું મધ દૂર દૂર સુધી જાય છે.

અસમનો ઇતિહાસ છેક મહાભારતકાળથી શરૂ થાય છે. મહાભારતમાં અહીંના રાજા ભગદત્તનો અને એના હાથીઓનો ઉલ્લેખ આવે છે. અનેક રાજાઓની કન્યાઓનું હરણ કરી પોતાનું અંતઃપુર ભરી દેનારો નરકાસુર પણ અહીંનો જ રાજા હતો. શ્રીકૃષ્ણે જ્યારે અસમ પર ચડાઈ કરી ત્યારે સેનાનાયકપદ સત્યભામાએ લીધું હતું. એનું રહસ્ય શું છે ? શું શ્રીકૃષ્ણના વખતથી

જ આ પ્રદેશમાં સ્ત્રીરાજ્ય હતું ? મધ્ય પાંડવ અર્જુનની ચિત્રાંગદા પણ આ પ્રાંતની (મણિપુરની) હતી. શ્રીકૃષ્ણના પુત્રે પણ ચાહ્યું કે અસમની કોઈ કન્યા મળી જાય તો સારું. પણ બિચારો અહીં ફસાઈ ગયો ને અનિરુદ્ધ હોવા છતાં પણ ઉષાના પ્રેમમાં રુદ્ધ થઈ ગયો.

ઇતિહાસ કહે છે કે ગુજરાત–કાઠિયાવાડના કોઈ રાજપુત્રે લંકા જઈને ત્યાંની રાજકન્યા સાથે લગ્ન કર્યાં. આ પરથી દૂરદૂરના સંબંધને વ્યક્ત કરવા માટે ગુજરાતીમાં કહેવત પડી કે 'લંકાની લાડી ને ઘોઘાનો વર.' કિન્તુ એ પહેલાં અનિરુદ્ધે કામરૂપની ઉષા સાથે વિવાહ કરીને હિંદુસ્તાનના બે છેડા બાંધી દીધા હતા.

પૌરાણિક કાળના આપણા સૌથી જબરા રખડુ મુસાફરો ત્રણ છેઃ અમર સંવાદદાતા નારદ, શીઘ્રકોપી બલરામ અને ક્ષત્રિયબ્રાહ્મણ પરશુરામ. દુર્વાસા, દત્તાત્રેય, હનુમાન વગેરે પણ પૂરા રખડુ હતા; પરંતુ એમના તીર્થાટનનો ઇતિહાસ મળતો નથી. પરશુરામે હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા પર બહુ ભારે યજ્ઞ કર્યો ને સઘળી ભૂમિ બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. પછી એણે જોયું કે પોતાને રહેવા માટે પણ જગ્યા નથી રહી. એટલે એણે પશ્ચિમ સમુદ્રને હઠાવી પોતા માટે એક નાનકડો પ્રદેશ તૈયાર કર્યો. જે કોંકણ તરીકે ઓળખાય. એ જ પરશુરામનો એક કુંડ અહીં અસમ પ્રાંતમાં સદિયા સ્ટેશનની પૂર્વ તરફ ૫૦ માઈલ પર છે. એ સાંભળીને એ જોઈ આવવાની પ્રબળવૃત્તિ કયા આર્ય-હૃદયમાં નહિ ઊઠે! પરંતુ ત્યાં જવા માટે આબોહવાને અનુકૂળ મુહૂર્ત પૂછી લેવું પડે છે.

એ પરશુરામકુંડ અથવા બ્રહ્મકુંડ બહુ સ્વાસ્થ્યકર જગ્યા છે. ત્યાંનું પ્રાકૃતિક દૃશ્ય પણ કુદરતપ્રેમી માનવીને ઉન્મત્ત કરે એવું છે. અને વિલાસી મનુષ્યને પ્રશમની શાંતિ દેવાવાળું છે. પરશુરામના સમયમાં આપણા લોકોમાં નિસર્ગપ્રેમ, ધર્મપ્રચારની વૃત્તિ અને આપણા સીમાન્ત પ્રદેશોમાં જંગી છાવણીઓ નાખવાની લશ્કરી દૃષ્ટિ હતી જ. આજે તો આપણે નિરાશાવાદી, સંકોચપ્રિય અને જડતાના ઉપાસક બની ગયા છીએ. એટલે આપણને એ બ્રહ્મકુંડનો પત્તો પણ ક્યાંથી લાગી શકે ! નહિતર આપણે પૂર્વ અને પશ્ચિમના સીમાન્ત પ્રદેશોમાં દેશના પુરુષાર્થી અને દીર્ઘદર્શી નવયુવકોનાં મોટાંમોટાં આશ્રમો હમેશ માટે જારી ન રાખ્યાં હોત !' એક ચાણક્ય જ માત્ર એવો હતો જે ઉત્તર પશ્ચિમ સીમાન્ત પ્રદેશોને સંભાળવાનું મહત્ત્વ સમજ્યો હતો. પણ પછી આપણે એના વંશજોએ અટકની અટક પેદા કરીને ભારતીય વિકાસને જ અટકાવી દીધો.

અસમના પ્રાંતની સૌંદર્યસમૃદ્ધિની અને ભાગ્યલક્ષ્મીની વાત મેં કહી. હવે એની સાથોસાથ ત્યાં, જાણે પોતાનો પક્ષપાત ધોઈ નાખવા માટે, કુદરતે જે કોપ આ ભૂમિ પર કર્યો છે એની પણ વાત કરવી જોઈએ.

આ પ્રાંત ધરતીકંપોને લીધે ઇતિહાસપ્રસિદ્ધ છે. આ ભૂમિ જાણે ન મરેલા ગયાસુરના કલેવર પર જ વસી છે. જ્યારે ભૂમિ મૃત કે સુપ્ત નથી હોતી ત્યારે વખતોવખત તેને હલનચલન કરવાની ઇચ્છા થઈ આવે છે. અસમમાં આજ સુધી એટલા ધરતીકંપો થઈ ગયા છે કે એમનું બયાન વાંચી મનમાં પ્રશ્ન ઊઠે છે કે જ્યાં જ્યાં આ રીતે ધરતી વારંવાર કંપી ઊઠે છે અને ઠેકઠેકાણે ઉત્પાત મચાવી મૂકે છે ત્યાંત્યાં કાં તો તેનાં વૈજ્ઞાનિક કારણો શોધવાની તપાસ થઈને ભૂચાલવિજ્ઞાન નિર્માણ થાય છે અથવા તો મનુષ્ય પોતાની કવિકલ્પના ચલાવી પૌરાણિક કથાઓ રચી નાખે છે. મહાભારતાદિ પ્રાચીન ગ્રંથોમાં ધરતીકંપનો ઉલ્લેખ અને કથાઓ છે અને જાપાન જેવા દેશોમાં સિસ્મોગ્રાફી (ભૂચાલવિજ્ઞાન)નો વિસ્તાર કરવામાં આવે છે. અસમમાં આ બને વસ્તુ નથી. જ્યાં વારંવાર ધરતીકંપો થાય છે ત્યાં લોકો કાં તો એ પ્રદેશને છોડી દે છે અથવા જીવનને ક્ષણભંગુર જોઈ મૃત્યુનો ડર તજીને બહાદુર બની જાય છે. આ બંને રસ્તા સ્વાભાવિક અને મનુષ્યોચિત છે. પરંતુ દૈવવાદ એક એવી ઝેરીલી ચીજ છે કે મનુષ્યને તે જડ બનાવીને જ જંપે છે. નસીબવાદી સમાજ ન તો સ્થાનાન્તર કરશે, ન પ્રાકૃતિક શક્તિઓ સામે લડશે કે ન પોતાની ચાલતી આવતી પુરાણી જીવનપ્રણાલીમાં કંઈ પરિવર્તન કરશે. અસમમાં ભૂચાલવિજ્ઞાનનું ક્યાં યે નામનિશાન નથી મળતું. નદીમાં પૂર આવે છે, મનુષ્ય, એનું ઘર ને એનાં પશુ બધું એમાં તણાઈ જાય છે, લોકો દુઃખી થાય છે, એ જાતની વીતેલી પુરાણી આપત્તિઓનું તેઓ રસપૂર્ણ બયાન કરે છે અને પછી એ સઘળું ભૂલી જઈ જેવા હતા તેવા ને તેવા પાછા રહેવા લાગે છે.

ઊંચાઊંચા પહાડીઓ બાદ કરતાં આ પ્રાંતમાં બીજે આબોહવા જેટલી સ્વાસ્થ્યકર હોવી જોઈએ એટલી નથી; આથી અહીંના લોકોમાં જીવનશક્તિ ઓછી હોય છે. અહીંના સઘળા ડૉકટરો અને સ્વાસ્થ્ય વિભાગના વજીરો મળીને વ્યક્તિગત સ્વાસ્થ્યનું નહિ પણ સામાજિક સ્વાસ્થ્યનું અધ્યયન કરે, અને લોકોની રહેણીકરણીમાં, એમના આહારવિહારમાં તેમજ ગૃહ-નિર્માણમાં શાં શાં પરિવર્તન આવશ્યક છે એનો વિચાર કરે તો આખા પ્રાન્તની શકલ બદલી જાય. પહાડી લોકો અને કિસાનોને ઓછામાં ઓછા ખર્ચમાં જો શુદ્ધ પાણી પીવા મળે તો તેટલાથી યે અસમના કેવળ સ્વાસ્થ્ય પર જ નહિ પણ એના પુરુષાર્થ પર પણ ઊંડી અસર પડશે.

ભાગ્ય આગળ આપણે માનવી કોણમાત્ર, એવી જે ફિલસૂફી આજે લોકોનાં મનમાં ઘર કરી બેઠી છે તેને બદલે એવી ધારણા થઈ જવી જોઈએ કે 'આપણે મનુષ્ય છીએ ને માનવબચ્ચો આત્મબળે સર્વ કંઈ કરી શકે એમ છે.' પ્રકૃતિ પર વિજય મેળવવો એ મનુષ્યનું મોટામાં મોટું મિશન છે. મનુષ્યે વિજ્ઞાન અને રસાયણશાસ્ત્રમાં શોધો કરી નાનાંમોટાં યંત્રો બનાવ્યાં, મુસાફરીનાં સાધનો તૈયાર કર્યાં, આહાર વધારવાની કોશિશ કરી, પરંતુ હજી સુધી નદીઓને કાબૂમાં રાખવાનું, મોટાંમોટાં જંગલોમાં પરિવર્તન કરવાનું, આબોહવા અને વરસાદમાં ધારી નવીનતા આણવાનું, સમુદ્રોના પ્રવાહોનો લાભ ઉઠાવવાનું, સૂર્યની શક્તિથી સીધી રીતે પ્રાણશક્તિ વધારવાનું, વગેરે વ્યાપક કામોમાં એણે હાથ નથી નાખ્યો. એ કામ મનુષ્યની શક્તિની બહાર નથી. અસમ પ્રાન્ત-ની નૈસર્ગિક સમૃદ્ધિ એટલી બધી છે કે ત્યાં સઘળી વિપત્તિઓનો ઇલાજ કરવાનો મસાલો મળવો જ જોઈએ.

અસમની સરકારે માનવવિજ્ઞાનનું એક મોટું ખાતું ખોલી એમાં દેશી લોકોની નિમણૂક કરી નવી ખોજો કરાવવી જોઈએ. દક્ષિણમાં આર્ય અને દ્રવિડ લોકોનાં સાન્નિધ્ય, સંઘર્ષ ને સંમિશ્રણની વાત આવે છે; સિંધ, પંજાબ અને સીમાન્ત પ્રદેશમાં આર્ય, સીથિ-યન, પહ્લવ આદિ જાતિઓના મૂળ ઇતિહાસની આપણે શોધ કરી શકીએ છીએ; પ્રાચીન ઇતિહાસની નજરે એ શોધનું મહત્ત્વ બહુ મોટું છે. પરંતુ ભવિષ્યની દૃષ્ટિએ અસમ પ્રાન્તમાં, બ્રહ્મદેશ ચીન તિબેટ આદિ દેશોમાં જે અનેકવિધ જાતિઓ છે એમના જીવનસત્ત્વનું ખૂબ ઊંડું અધ્યયન થવું જરૂરી છે. હિંદુસ્તાનમાં આપણે જેને

દુનિયા

મને ચાટ પાડવો એ જાણે ગણુકાકાનો આજ-કાલ ધંધો થઈ પડ્યો છે. હું બની જાઉં અને મારો ચહેરો સફેદ થઈ જાય એટલે ગણુકાકાને અપાર આનંદ! કાલે એમ જ બન્યું. ગણુકાકા જોડે વાતો કરતોકરતો હું બોલવાના તાનમાં આવી ગયો: 'માનવ-જાતના હિત માટે આજકાલની સમાજવ્યવસ્થા ધર-મૂળથી બદલવી જ જોઈએ . . . . . .' કોઈ નેતાની જેમ—કે દારૂડિયાની માફક—હું બોલી રહ્યો હતો.

'પણ ભાઈ, તારી આ માનવજાત ક્યાં રહે છે એ તો કહે.' ધોતિયાના છેડાથી ચશ્માના કાચ શાંતિથી લૂછતાં કાકાએ મને કહ્યું: 'મેં તો ક્યાંય નથી જોઈ! બ્રાહ્મણ, વાણિયા, ઘાંચી, મોચી, એવી જુદીજુદી જ્ઞાતિ-ઓ હોય છે એની તો મને ખબર છે; પણ આ તો કોઈ નવી જ જાત દેખાય છે!'

બસ, થઈ રહ્યું. હું ચાટ પડી ગયો; કાકા ખુશ થયા.

કાકાએ ઉપરના શબ્દો કહ્યા ત્યારે મને બનાવવાનો તો એમનો હેતુ હતો જ; પણ તે મશ્કરીમાં એ શબ્દો બોલ્યા એની પાછળ એક વિશેષ મનોવૃત્તિ પણ હતી એમાં જરા યે સંશય નથી. એ મનોવૃત્તિ એ જ કે, દુનિયા સાથે આપણને લેવાદેવા શા? આપણે અને આપણું ઘર,–એમાં બધું આવી ગયું. જગતની અને અખિલ માનવજાતની પંચાત આપણે શા માટે કરવી?

કાકાના કહેવામાં કંઈ જ સાર નથી એમ તો મને લાગતું નથી. દરેક માણસ ઊઠતાંબેસતાં કે કોઈ પણ નાનું-સરખું કામ કરતાં એ કામની અસર જગત ઉપર અથવા અખિલ માનવજાત ઉપર કેવી થશે એનો વિચાર કરવા બેસે તો એનાથી કંઈ કામ જ થઈ શકે નહિ. વ્યાપક દૃષ્ટિનો એ અવ્યવહારુ અતિરેક જ ગણાશે.

દુનિયાની અને માનવજાતની મોટીમોટી વાતો કોઈ મારી પાસે જ્યારે કરતું ત્યારે હું પણ કાકાની માફક

'ઍબૉરિજિની' (આદિમ નિવાસી) કહેવા લાગ્યા છીએ એ સહુ જાતિઓનો વિચાર શ્રીકૃષ્ણના જમાનામાં વૈષ્ણવ ધર્મના પ્રચારકાળમાં પૂરતો થયો હતો. બૌદ્ધ-કાળમાં યે એમની વચ્ચે સેવાકાર્ય અવશ્ય થયું હશે, પરંતુ આજે તો આપણે લોકોએ અધ્યયન અને સેવા

સાથે સંબંધ

શ્રી કાણેકરની નિબંધિકા

જ એને બનાવતો. પણ તેમ કરવા જતાં હું પોતે જ એકવાર આબાદ બની ગયો. અર્થશાસ્ત્રના એક પ્રોફેસર સાથે હું ચા પીતો હતો. વાતોમાં પ્રોફેસર સાહેબ એવા તો બોલ્યા કે હું કાકાને જેમ આખી દુનિયાની વાતો સુણાવતો તેમ, એ પ્રોફેસર સાહેબ પણ, આખી માનવજાત આજે કેટલી પરસ્પરાવલંબી થઈ છે, દરેક નાનાસૂના પ્રશ્ન વિષે વિચાર કરતાં સર્વ માનવજાતના હિતસંબંધ આપણે કેમ ભૂલવા ન જોઈએ, ઈત્યાદિ ઈત્યાદિ વાતો પર મને ભાષણ સંભળાવવાની હદ ઉપર આવી ગયા. એમને ચાટ પાડવા માટે મારા હાથમાંનો ચાનો કપ આગળ ધરી મેં કટાક્ષથી એમને કહ્યું: 'ઠીક ત્યારે, આ ચા હું પીઉં છું તે વખતે મારે બધી માનવજાતના હિતસંબંધ કેવીરીતે આંખ આગળ લાવવા!'

મારા સવાલથી પ્રોફેસર બન્યા તો નહિ જ. શાંતિથી મને એમણે જવાબ આપ્યો: 'ચા પી રહો એટલે કપ જરા ઊંધો કરીને જોજો કે એ ક્યાં બન્યો છે.'

મેં કપ ઊંધો કરી જોયો ને તેની બેઠક પર કોતરેલા અક્ષરો વાંચી સંભળાવ્યા: 'મેઈડ ઇન ચેકોસ્લોવાકિયા.'

'ઠીક.' પ્રોફેસરે આગળ ચલાવ્યું: 'કપ આવ્યો ચેકોસ્લોવાકિયાથી, ખાંડ આવી જાવા કે મૉરિશસ ટાપુથી, હું દાર્જીલિંગની ચા વાપરૂં છું એટલે એની ભૂકી દાર્જીલિંગની, પેલો દૂધનો 'જગ' છે તે 'મેઈડ ઇન ચાઇના': —એટલે ચાનો એક કપ પીતાં દુનિયાના કેટલા ભાગ સાથે તારો સંબંધ થયો!'

હું ઠંડો જ પડી ગયો. પ્રોફેસર સાહેબને બનાવવા ગયો અને હું જ બની ગયો.

તે દિવસની વાતચીત હું કદી પણ નહિ ભૂલું. વ્યવહાર માટે માણસ ભલે સંકુચિત દૃષ્ટિ રાખે, તોપણ દુનિયા સાથેનો એનો સંબંધ કેટલો નિકટ છે એ એણે ભૂલવું ન જોઈએ. જાણ્યે અજાણ્યે આપણે દુનિયા સાથે સંબંધ રાખીએ છીએ; જાણ્યે અથવા અજાણ્યે આપણને જગત જોઈએ જ છે.

કાકાએ તે દિવસે મને બનાવ્યો એનો ડંખ મારા મનમાં રહી ગયો હતો. કાકાને આજે બનાવવા જ એવો નિશ્ચય કરી બેત્રણ દહાડા પછી હું એમને ઘેર ગયો. આગળથી કોઈપણ સૂચના કર્યા વગર શત્રુ પર હુમલો કરવો એવું મેં ઠરાવ્યું હતું. શા માટે આવ્યો હતો એનો કાકાને ખ્યાલ સરખો યે ન હતો. એ બિચારા બધી વાત ભૂલી ગયા હતા. બોલવામાં કાકાને પકડવા હું મથવા લાગ્યો.

'કાકા, હજાર જાતના અને હજાર પ્રકૃતિના લોકો આ ચાલીમાં રહે છે. આ જગ્યા ખાલી કરી માહીમ તરફ એકાંત જગ્યામાં આટલા જ ભાડામાં નાનું ઘર મળી શકે તેમ છે ત્યાં કેમ નથી જતા?'

કાકા ખુશીમાં આવી મને કહેવા મંડ્યા, 'ના રે ભાઈ, એકાંતમાં આપણને ન ફાવે. આપણને તો ચારેતરફ માણસોની અવરજવર જોઈએ. એકલા રહેવું મને નથી ગમતું.'

'એમ?!' વિજયોત્સાહથી મેં કહ્યું: 'જગત સાથે અને માનવજાત સાથે તમારે કંઈ લેવાદેવા નથી એમ તમે જ તે દિવસે મને કહેતા હતા, નહિ! અને તેમ છતાં આ સારા નરસા, તમારી સાથે હળીમળી રહેતા અને લડતા ઝગડતા, બધા જ લોકો તમારે પડોશમાં જોઈએ! અને હું પણ એમ જ નહોતો કહેતો કે બધો માનવસમાજ—'

મેં વાત ત્યાં જ અટકાવી. કાકા ચાટ પડ્યા હતા. પણ હું જો વધારે બોલત તો એમ કાકા કંઈ ઓછા ઊતરે એવા ન હતા. એ મને ફરી ચાટ પાડત!

(મૂળ મરાઠી ઉપરથી) વસંત જોષી

બંનેનો ઈજારો પરદેશીઓને આપી દીધો છે.

હવે આ સાલ ચીના લોકોનું વિશ્વવિદ્યાલય સમુદ્ર-કિનારો છોડીને અસમની સરહદથી સો બસો માઈલ પર આવી પહોંચ્યું છે. પહાડી રસ્તા, મોટરો અને હવાઈ જહાજની મદદથી ચીન સાથે આપણો સંપર્ક બહુ વધવાનો છે. હવે ક્યાંક એવું ન થાય કે આપણી ઈશાન્ય સીમાન્તની પહાડી જાતિઓનું વર્ણન અને એ વિષેની સૂક્ષ્મ હકીકતો આપણે ચીના પ્રોફેસરો પાસેથી લેવી ને શીખવી પડે!

(હિંદી 'સાહિત્ય'માંથી)

પાટણના જૈન ગ્રંથભંડારો

ગુજરાતના એક સુપ્રસિદ્ધ વિદ્વાને થોડાંક વર્ષ પર લખ્યું હતું કે, 'ગુજરાતની લક્ષ્મીની ઉપાસના તો આજે પણ સુપ્રસિદ્ધ છે; પણ ગુજરાતીઓના પૂર્વજોએ કરેલી લક્ષ્મીની તેમજ સરસ્વતી બંનેની ઉપાસના જોવી હોય તો જાઓ પાટણ; જુઓ ત્યાંના જ્ઞાનભંડારો.'

જ્યારે આ વાક્ય લખાયું ત્યારે એ પ્રત્યે જાણકારો સિવાય બીજાઓનું નહિ જેવું જ ધ્યાન ખેંચાયું હશે, પરંતુ બે વરસ પર પાટણ મુકામે શ્રી કનૈયાલાલ મુનશીના પ્રમુખપદ નીચે 'હૈમસારસ્વત સત્ર' ઉજવાયું ત્યારબાદ ત્યાંના જ્ઞાનભંડારોમાં રહેલા સાહિત્યધન પ્રત્યે ગુજરાતની સામાન્ય સાહિત્યરસિક જનતાનું પણ ધ્યાન ગયું છતાં, એ જ્ઞાનભંડારોનો ઇતિહાસ શો છે, તેમનું મહત્ત્વ શું છે અને તેમાં કયા પ્રકારના ગ્રંથો રહેલા છે એનો સ્પષ્ટ ખ્યાલ ઘણા ઓછાને હશે. એવો કંઇક ખ્યાલ આ લેખ દ્વારા આપવાનો પ્રયાસ કર્યો છે.

જ્ઞાનભંડારો એટલે પ્રાચીન પુસ્તકાલયોઃ તાડપત્ર, કાપડ અને કાગળ ઉપર લખાએલા વિવિધ વિષયોને લગતા હસ્તલિખિત ગ્રંથોના સંગ્રહો. જાહેર માલિકીનાં આવાં પુસ્તકાલયો રાખવાની પ્રથા જૈન સમાજમાં વિશેષ અંશે હતી. ગુજરાતમાં જે જે ગામોમાં જૈનોની વસતિ સારા પ્રમાણમાં છે, ત્યાં ઓછામાં ઓછો આવો એક જ્ઞાનભંડાર તો હોવાનો જ. પરંતુ પાટણના ભંડારોનું સ્થાન આ સર્વમાં વિશિષ્ટ છે. પાટણ એ મધ્યકાલીન ગુજરાતનું જેમ રાજકીય તેમ વિદ્યાવિષયક પણ પાટનગર હતું અને અનેક રાજાઓ મંત્રીઓ તથા ધનાઢ્યોની દાનશૂરતા અને વિદ્યાપ્રિયતાનો લાભ ત્યાંના જ્ઞાનભંડારને મળ્યો હતો. પરિણામે, પુસ્તકોની સંખ્યા, પ્રાચીનતા તેમજ મહત્તાની બાબતમાં પાટણના ભંડારો હિંદના સર્વ જ્ઞાનભંડારોમાં ઊંચું સ્થાન લઇ શકે. ડૉ. પિટર્સન એ બાબતમાં લખે છે કે "પાટણ જેવું હિંદભરમાં એક પણ બીજું શહેર મેં જોયું નથી; તેમજ તેના જેવાં આખા જગતમાં માત્ર જૂજ શહેરો છે કે જે આટલી બધી ભવ્ય પ્રાચીનતાવાળી હસ્તલિખિત પ્રતોના સંગ્રહની માલિકીનું અભિમાન ધરાવી શકે. આ પ્રતો તો યુરોપની કોઇ પણ વિદ્યાપીઠના પુસ્તકાલયનો મગરૂરી લેવા લાયક અને અદેખાઇ આવે એવી રીતે સાચવી રાખેલો ખજાનો થઇ શકે તેમ છે. વિક્રમના અગીઆરમા સૈકાથી માંડી વીસમા સૈકાના આરંભકાળ સુધીના; ૧૪,૦૦૦ કરતાં વધારે, સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી હસ્તલિખિત ગ્રંથો તેમાં છે. એ જાણ્યા પછી આ ઉદ્ગારોમાં અતિશયોક્તિ જેવું નથી લાગતું.

ગુજરાતમાં જ્ઞાનભંડારોની સ્થાપના પહેલ પ્રથમ ક્યારે થઇ હશે એ ચોક્કસ કહી શકાય એવું નથી. વિક્રમ સંવત ૫૧૦માં વલભીપુરમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખપદ નીચે જૈન શ્રુત લેખારૂઢ થયું તેને કોઇ જ્ઞાનભંડારમાં મૂકવામાં આવ્યું હશે; અને વલભીકાળનાં ગુજરાતમાં બૌદ્ધો જૈનો તેમજ બ્રાહ્મણોની સાહિત્યપ્રવૃત્તિ સારા પ્રમાણમાં ચાલતી હતી, એટલે કોઇ પ્રકારનાં પુસ્તકાલયોનું અસ્તિત્વ તો ત્યાં હોવું જ જોઇએ; પરંતુ સિદ્ધરાજ અને કુમારપાળના કાળ પહેલાંના ગુજરાતના જ્ઞાનભંડારો સંબંધમાં કોઇ વિશ્વાસપાત્ર માહિતી મળી આવતી નથી.

ગુજરાત અને માળવા વચ્ચેની રાજકીય સ્પર્ધામાંથી સાંસ્કારિક સ્પર્ધા જન્મી. સિદ્ધરાજની વિનંતાથી હેમચંદ્રે ગુજરાતનું પ્રધાન વ્યાકરણ રચ્યું અને ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિનો મધ્યાહ્નકાળ શરૂ થયો, વિજેતા સિદ્ધરાજે માળવાનાં સરસ્વતીભવનો જોયાં, સાથે ગુજરાતનું જ્ઞાનદારિદ્ર્ય પણ જોયું. ત્રણસો લહિયાઓ પાસે સતત ત્રણ વર્ષ સુધી લેખનકાર્ય કરાવીને તેણે રાજકીય પુસ્તકાલયો સ્થાપ્યાં અને હેમચન્દ્રના વ્યાકરણની સેંકડો પ્રતો લખાવી પરદેશનાં પુસ્તકાલયોમાં ભેટ મોકલી આપી. સિદ્ધરાજ પછી કુમારપાળે પણ એકવીસ જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા અને રાજકીય પુસ્તકાલય માટે જૈનઆગમ ગ્રંથો લખાવ્યા હતા. ધોળકાના રાજા વીરધવળના સુપ્રસિદ્ધ જૈન મંત્રી વસ્તુપાલે કરોડો રૂપિયાના ખર્ચે ત્રણ જ્ઞાનભંડારો સ્થાપ્યાની હકીકત

પ્રાચીન ગ્રંથોમાંથી મળી રહે છે. પરંતુ અફસોસની વાત છે કે આ પ્રાચીનતમ પુસ્તકાલયોમાંની એક જ પોથી આજ સુધીમાં મળી છે.[૧]

આવા મોટા પ્રયત્નો બાદ કરીએ તોપણ અનેક ધનિકો તેમજ સામાન્ય માણસોએ આંતરિક ઉલ્લાસથી કે કોઈ પરલોકવાસી સ્વજનના શ્રેય અર્થે, વ્રતના ઉદ્યાપન નિમિત્તે કે કેવળ સાહિત્યરુચિથી, સેંકડાથી માંડી માત્ર એક-બે સંખ્યામાં ગ્રંથો લખાવ્યાના અને અધ્યયન માટે દાન આપ્યાના ઉલ્લેખો મળે છે. જ્ઞાનભંડારોની સાહિત્યસમૃદ્ધિ વધારવામાં આવી અલ્પ સંપન્ન વ્યક્તિઓનો પણ કંઇ જેવોતેવો હિસ્સો નહિ હોય.

પાટણના ગ્રંથભંડારો પણ આવી ધર્મપ્રેમી વ્યક્તિઓના દાનને પરિણામે વિકાસ પામ્યા હશે, એમ માનવું યોગ્ય છે. પરંતુ ભંડારો જે રાજક દેવકમાંથી પસાર થયા છે તે ધ્યાનમાં લેતાં એ સ્થાપનારાઓ કરતાં યે તેનું રક્ષણ કરનારાઓનો આપણે વધારે આભાર માનવો જોઇએ. શ્રદ્ધાથી કે અંધશ્રદ્ધાથી કહો, પુસ્તકોને જ્ઞાનદેવતા માની તેમનું એ લોકોએ વ્યવસ્થિત સંગોપન કર્યું, રાજકીય અંધાધૂંધીના કાળમાં પણ બીજી બધી માલમિલકતને પડતી મૂકી ભંડારોમાંના ગ્રંથોને જેસલમેર કે ખંભાત જેવાં સુરક્ષિત સ્થાનોએ ખસેડવામાં રોકાયા, અને શાન્તિના કાળમાં પણ, જોકે યંત્રવત્ છતાં ચોક્કસ સંભાળ રાખીને વિદ્વાન ચોરોના હસ્તે થતી લૂંટ ઘણા અંશે અટકાવી એ માટે આજની પ્રજા તેમની ખરેખર ઋણી રહેશે

અને આ ભંડારોમાં માત્ર જૈન ગ્રંથો જ રહેતા એમ નહોતું. જૈનોનું પ્રારંભિક સાહિત્ય તો બધું પ્રાકૃતમાં હતું. જૈનોના સંસ્કૃત સાહિત્યની ખીલવણી તો મુકાબલે મોડી થઇ ગણાય. જે કાળે જૈનોએ સંસ્કૃતમાં લખવાનો આરંભ કર્યો તે વખતે ભારતીય વિદ્યાની અનેક શાખાઓમાં બ્રાહ્મણો તેમજ બૌદ્ધોએ ખૂબ પ્રગતિ સાધી લીધી હતી. જૈનોને પણ તેમની સાથે સાહિત્યવિષયક સ્પર્ધામાં ઊતરવાનું હતું તથા તેમનાં દર્શનોનું ખંડન કરી જૈન દર્શનનું મંડન કરવાનું હતું, અને એ માટે અનેકદેશીય વિદ્વત્તા તેમણે સંપાદન કરવાની હતી. એટલે જૈન ભંડારોમાં જૈન ગ્રંથો ઉપરાંત બીજા ધર્મોના પણ પ્રત્યેક વિષયના ગ્રંથો રાખવામાં આવતા. પરિણામે આજે જૈન ભંડારોમાંથી જૈનેતરોના પણ વિરલ અને શકવર્તી ગ્રંથો પ્રાપ્ત થાય છે. એમાં યે પાટણ તો જૈનોની સંસ્કૃત સાહિત્યપ્રવૃત્તિનું સૌથી મોટું કેન્દ્રસ્થાન હતું. એટલે ત્યાં એવા ગ્રંથો વિશેષ પ્રમાણમાં મળે તેમાં કંઇ નવાઇ જેવું નથી.

પણ એ ભંડારોમાં જે જૈન સાહિત્ય છે તેની કિંમત એથી કોઈ રીતે ઓછી આંકવાની નથી. ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ હિંદુસ્તાનના બીજા પ્રાંતોને મુકાબલે વધુ વ્યવસ્થિત, સિલસિલાબંધ અને સુસંકલિત સ્વરૂપમાં મળે છે, તે એ સાહિત્યની એક શાખા—ઐતિહાસિક પ્રબંધો—ને આભારી છે. એ પ્રબંધો કેવળ રાજકીય ઇતિહાસ જ નહિ, પરંતુ સમાજ અને સંસ્કૃતિના અભ્યાસ માટે પણ ઘણા ઉપયોગી છે. એ સાહિત્ય એટલું વિશાળ છે કે અહીં તેની નામાવલિ પણ આપવાનો અવકાશ નથી. જિજ્ઞાસુએ 'ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસની સાધનસામગ્રી' એ નામનું મુનિશ્રી જિનવિજયજીનું વ્યાખ્યાન અથવા શ્રી મોહનલાલ દેસાઈ કૃત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' એ પુસ્તકનાં મધ્યકાલીન સાહિત્યને લગતાં પ્રકરણો જોવાં.

વળી જૈન ધાર્મિક ગ્રંથો ઉપરાંત જૈનોએ લખેલું સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્ય, જેવું કે ચરિત્ર, કથા, કોશ, અલંકાર, નાટક, કાવ્ય, વ્યાકરણ, તર્ક, શિલ્પ વૈદ્યક, જ્યોતિષ, એ સર્વમાં પણ પાટણના ભંડારોની સમૃદ્ધિ સૌથી વધારે છે.

અને એ ભંડારોમાંથી અપભ્રંશ સાહિત્ય આટલા મોટા પ્રમાણમાં ન મળ્યું હોત તો આ ખબર પણ કોને પડત કે આજની ગુજરાતી, મરાઠી, રાજસ્થાની, હિંદી અને બંગાળી ભાષાઓ એ અપભ્રંશની પુત્રીઓ છે? સાધારણરીતે એમ માનવામાં આવે છે કે પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ગદ્યલેખન વિરલ હતું, પરંતુ ભંડારોમાં પડેલું ચૌદમાથી ઓગણીસમા સૈકા સુધીનું વિપુલ ગદ્યસાહિત્ય જો એકત્ર કરવામાં આવે તો બૃહત્ કાવ્યદોહન જેટલા પચાસ ગ્રંથો તો સહેજે બહાર

૧ આ પોથી તે ઉદયપ્રભસૂરિકૃત 'ધર્માભ્યુદય' કાવ્યની તાડપત્ર ઉપર લખાયેલી પ્રત. એને અંતે श्री वस्तुपालेन अलेखि એવો ઉલ્લેખ છે. 'વસ્તુપાલે લખી' અથવા 'વસ્તુપાલે લખાવી' એવા તેના બે અર્થ થઇ શકે, ગમે તેમ, પણ તેને વસ્તુપાલના જ્ઞાનભંડારની માનવામાં વાંધો નથી. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી હાલ એ કાવ્યનું સંપાદન કરી રહ્યા છે.

પાડી શકાય. એ સિવાય પણ અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતીનું જે વિશાળ સાહિત્ય એ ભંડારોમાં પડ્યું છે તે ગુજરાતના સેંકડો વિદ્વાનોને સદીઓ સુધી સંશોધન માટેનો ખોરાક પૂરો પાડી શકે તેમ છે.

રાજપૂત ચિત્રકલાના જૂનામાં જૂના નમૂના કરતાં યે દોઢસો બસો વર્ષ જેટલા પ્રાચીન ગુજરાતી ચિત્રકળાના નમૂનાઓ પાટણની તાડપત્રની પ્રતોમાંથી મળી આવે છે. એ ગુજરાત માટે ગૌરવ લેવા જેવું છે. હેમચંદ્ર અને કુમારપાલનું જાણીતું ચિત્ર સં. ૧૨૯૪ની એક પ્રતમાંથી મળે છે.

આટઆટલી સમૃદ્ધિ મોજૂદ છે માટે જ પાટણના જ્ઞાનભંડારો પ્રત્યે ઘણા જૂના કાળથી સંશોધકોનું ધ્યાન દોરાયું છે. જોકે ભારતીય વિદ્યાના પ્રત્યેક ક્ષેત્રની જેમ અહીં પણ આપણને કંઇક લજ્જાસ્પદ વસ્તુ એટલી જ છે કે એ વિષયમાં અગત્યકાર્ય કરનારા પરદેશીઓ જ હતા.

પાટણના ભંડારોનું સૌથી પહેલું મહત્ત્વ પિછાણનાર 'ઍનાલ્સ ઑફ રાજસ્થાન'ના સુપ્રસિદ્ધ લેખક કર્નલ જેમ્સ ટૉડ. ૧૮૩૨માં તેઓ પાટણ આવ્યા હતા અને પોતાના ગુરુ યતિ જ્ઞાનચંદ્રની સહાયથી ભંડારોનો કેટલોક ભાગ જોઇ શક્યા હતા. તેઓ લખે છે: અણહિલવાડમાં બે જ વસ્તુઓ સૌથી મહત્ત્વની છે: એક વનરાજની મૂર્તિ, અને બીજી જૈન પુસ્તકાલયો.'

આ પછી ૧૮૭૩માં 'રાસમાળા'ના લેખક અલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સે અને ૧૮૭૫માં ડૉ. જ્યૉર્જ બુહ્લરે પાટણની મુલાકાત લીધી હતી અને તેઓ મુશ્કેલીએ થોડીક સામગ્રી જોઈ શક્યા હતા. ડૉ. બુહ્લરે કેટલીક પ્રતોની નકલ કરી લીધી હતી તથા તેમના શાસ્ત્રીએ મહત્ત્વના ગ્રંથોની એક સૂચિ તૈયાર કરી હતી. આ ઉપરથી તેમણે મુંબઈ સરકાર સમક્ષ નિવેદન કરતાં સરકારે ઇ. ૧૮૮૩માં પ્રો. રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર અને પ્રો. વિષ્ણુ આબાજી કાથવટેને પાટણ મોકલ્યા. તેઓ માત્ર ચાર જ ભંડારો જોઇ શક્યા હતા, કેમકે બીજા ભંડારોના વ્યવસ્થાપકો કોઇને પણ પુસ્તકો બતાવવાને રાજી ન હતા.

આ બધી તપાસ ઉપરટપકેની અને જે તે વિદ્વાને માત્ર પોતપોતાના દૃષ્ટિબિન્દુથી કરી હતી. એટલે વધારે સૂક્ષ્મ અને વ્યવસ્થિત તપાસ કરવા માટે ૧૮૯૨માં વડોદરા રાજ્ય તરફથી પ્રો. મણિલાલ નભુભાઇ દ્વિવેદીની નિમણૂક કરવામાં આવી. રાજ્યની લાગવગથી શ્રી દ્વિવેદીને પુસ્તકો જોવાની છૂટ પણ વધારે મળી. તેમણે મહિનાઓ સુધી ભંડારોનાં ભોંયરાં જેવાં મકાનોમાં બેસી નવથી દસ હજાર પ્રતો તપાસી અને નકલો કરાવવા લાયક ૩૧૪ કૃતિઓની એક યાદી તૈયાર કરી અને એ પૈકીનાં દ્વયાશ્રય, યોગબિન્દુ, અનેકાન્ત પ્રવેશ, વિક્રમાર્કપ્રબન્ધ, સિંહાસન દ્વાત્રિંશિકા, કુમાર-પાલપ્રબન્ધ ઇત્યાદિનાં ભાષાન્તરો પણ તેમણે સદ્ગત મહારાજા સયાજીરાવ ગાયકવાડની આજ્ઞાથી કર્યાં.

આ પછી તુરત જ ઇ. ૧૮૯૩માં મુંબઇ સરકાર તરફથી ડૉ. પિટર્સન તપાસ માટે આવ્યા. આ વખતે તેમને ઠીક સગવડો મળતાં ૨૦૦ કરતાં પણ વધુ હાથપ્રતોની નકલો તે કરાવી શક્યા હતા.

પરંતુ પાટણના ભંડારોની પ્રત્યેક પ્રતનું તલસ્પર્શી અવલોકન અને નોંધણી તો વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીના સંસ્કૃત લાયબ્રેરીઅન શ્રી ચીમનલાલ દલાલે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના શિષ્યમંડળની સહાયથી છેક ઇ. ૧૯૧૫માં કર્યાં હતાં. ખરું ધન તો ત્યારે જ ખોદી કાઢવામાં આવ્યું, અને તે એટલું તો મહત્ત્વનું જણાયું કે તેના પ્રકાશન માટે ગાયકવાડ સરકારે 'પ્રાચ્ય વિદ્યામંદિર' નામની સંસ્થાની સ્થાપના કરી અને 'ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા'નો આરંભ કર્યો. પાટણના ભંડારોમાંનાં પુસ્તકોની વર્ણનાત્મક સૂચિનો પહેલો ભાગ (તાડપત્રની પ્રતોની સૂચિ) બહાર પડી ગયો છે, અને બીજો થોડા સમયમાં બહાર પડશે.

આમ છતાં હજી ઘણી ચાળણી કરવાની છે. 'કેટલાંક ત્રૂટક પાનાં,' 'કેટલાંક ન્યાયનાં પાનાં' એવાં એવાં નામ નીચેની પ્રતોમાંથી 'તત્ત્વસંગ્રહ' જેવાં વિરલ રત્નો પણ મળી આવે છે. થોડાંક વર્ષો પર મુનિશ્રી પુણ્યવિજયજીએ બબાઈ ગએલાં તાડપત્રોના એક ઢગલાની બારીક તપાસ કરીને માળવાના રાજા મુંજની કારકિર્દીનો એક અગત્યનો સંવત શોધી કાઢ્યો હતો !

મુનિશ્રી જશવિજયજી તથા યતિ હિંમતવિજયજી-ના ખાનગી સંગ્રહોનો સમાવેશ કરતાં પાટણના ભંડારોની કુલ સંખ્યા અત્યારે ૧૮ની થાય છે. ઢંઢેરવાડામાં પુનમિયા ગચ્છનો એક મોટો ભંડાર હતો તેમાં ૪૦૦ દાબડાઓ હતા એમ કહેવાય છે. મણિલાલ નભુભાઇને એમાંનો કેટલોક ભાગ બતાવવામાં

આવેલો. પરંતુ ત્યાર બાદ કેટલાંક વર્ષે પુનમિયા ગચ્છના શ્રીપૂજ્ય અને પાટણના સંઘ વચ્ચે કેટલાંક કારણસર મુકદ્દમો થએલો. અને તેમાં ભંડાર સંબંધી પણ તકરાર હતી. આથી તે ભંડારને ખસેડીને ક્યાંક લઈ જવામાં આવ્યો હતો. તે હાલ ક્યાં છે તેની કંઈ માહિતી નથી. એટલે જાહેર પ્રજા માટે તો તે ગુમ થએલો જ ગણાય.

એમ તો ગઈ સદી દરમ્યાન પાટણના ભંડારોમાંથી ઘણી યે વસ્તુઓ ગુમ થઈ ગઈ છે. પુનમિયા ગચ્છવાળા યતિ સ્વરૂપચંદનું અવસાન થયું, ત્યારબાદ પ્રસ્તુત ભંડારમાંનાં કેટલાંક હસ્તલિખિત પુસ્તકો અંગ્રેજ અમલદારોના એજન્ટોના હાથમાં ગયાં હતાં, એમ કહેવાય છે. મૂળ પાટણના ભંડારો યતિઓના તાબામાં હતા. તેમણે પૈસાના લોભે ઘણાંક પુસ્તકો વેચી દીધેલાં. ઈ. ૧૮૮૦-૮૧માં ડૉ. કિલ્હૉર્ને મોહકમચંદ મોદીના ભંડારમાંથી તાડપત્રની ૫૯ હાથપ્રતો મુંબઈ સરકાર માટે ખરીદ કરી હતી. ભૂતકાળમાં ભંડારના કોઈ વ્યવસ્થાપકોએ પણ લોભવૃત્તિને કારણે પુસ્તકો વેચ્યાં હશે. અને કોઈ લોકો વ્યવસ્થાપકોના અજ્ઞાનનો તથા ભંડારોની અવ્યવસ્થિત સ્થિતિ અને હાથપ્રતોના વર્ગીકરણની પદ્ધતિના અભાવનો લાભ લઈ પ્રતો ચોરી પણ ગયા હશે.

આ સ્થિતિમાંથી ભંડારોનો ઉદ્ધાર કરવાનો યશ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી, તેમના પટ્ટશિષ્ય સદ્‌ગત મુનિશ્રી ચતુરવિજયજી તથા પ્રશિષ્ય મુનિશ્રી પુણ્યવિજયજીને જ ઘટે છે. તેમણે દરેક ભંડારના ગ્રંથોની સવિસ્તર સૂચિઓ તૈયાર કરાવી, અવ્યવસ્થિત પડી રહેતી પ્રતોનું વર્ગીકરણ કર્યું, તાડપત્રની તથા બીજી મહત્ત્વની પ્રતોને લાકડાની પાટીઓ વચ્ચે રાખી મજબૂત બંધનમાં બાંધવાની વ્યવસ્થા કરી, પ્રતો ઉપર ટકાઉ કાગળનાં પૂઠાં ચડાવી તેના ઉપર પ્રતનાં નામ, નંબર તથા પૃષ્ઠસંખ્યા લખવાની પદ્ધતિ દાખલ કરી આથી ભંડારોના ઉપયોગ કરવામાં સગવડ વધી અને પ્રતો વ્યવસ્થિત થવાથી તેમજ ભંડારોની વ્યવસ્થા શ્રાવકોના હાથમાં આવવાથી ચાલગેલનો ભય પણ ઓછો થયો.

પાટણમાંથી ઘણું ગયું છે, છતાં હજી પુષ્કળ ત્યાં બાકી રહ્યું છે. ગયું તેનો શોક કરવાનો કંઈ અર્થ નથી; હવે તો એ ભંડારોની ભાવી સલામતી અને સદુપયોગના જ વિચાર કરવાના છે. એલેક્ઝાન્ડ્રિયા અને પર્સીપોલિસનાં જગપ્રસિદ્ધ પુસ્તકાલયો જ્યારે આજે નામશેષ થયાં છે, ત્યારે પાટણના ભંડારો આઠઆઠ સદીઓ થયાં કાળના પ્રચંડ પ્રવાહોની વચ્ચે ઊભા રહીને, ગમે તેમ તો યે, પોતાનું ગૌરવ જાળવી રહ્યા છે એ પણ કંઈ ઓછું આશ્વાસન છે?

પાટણમાં હેમસારસ્વતસત્રની ઉજવણી થઈ તે વખતે પાટણના સર્વ ભંડારોને કેન્દ્રસ્થ કરવાના હેતુથી એક 'હેમચન્દ્રાચાર્યજ્ઞાનમન્દિર' પણ ખુલ્લું મુકાયું છે; અને હમણાં પાટણના લગભગ ચૌદ ભંડારો પૈકી કેટલાકના પુસ્તકસંગ્રહો ત્યાં મૂકવાનો પ્રબંધ પણ થઈ ગયો છે. આપણે ઇચ્છીએ કે પાટણના સમગ્ર ગ્રંથસંગ્રહ ત્યાં કેન્દ્રસ્થ થાય; કેમકે જ્યારે એમ થશે ત્યારે સર્વસાધારણ સંશોધકને પણ પાટણના ભંડારોનાં પુસ્તકો તપાસવાની પૂરતી સરળતા મળશે, પુસ્તકોનું સંગોપન અને સંરક્ષણ વધારે સારી રીતે થશે તથા ભૂતકાલીન ગુજરાતમાં પાટણ જેવું વિદ્યાકેન્દ્ર હતું તેવું આધુનિક ગુજરાતમાં સંશોધનકેન્દ્ર થશે.

અને પાટણના પ્રત્યેક યાત્રાળુને એટલી વિનતિ કરવાની કે જેના 'અક્ષરે અક્ષરે દીવા બળે' છે* એવા એ પુરાતન ગ્રંથોનું એકવાર દર્શન કરવાનું તે ન ભૂલે.

ભોગીલાલ જ. સાંડેસરા

* આપણી સૌન્દર્યશાળી પ્રાચીન લેખનકળા જુદી જ ચર્ચા માગી લેતો વિષય છે. આ નિબંધમાં તેને અવકાશ નથી. જિજ્ઞાસુએ મુનિશ્રી પુણ્યવિજયજી કૃત 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકલા' એ લબ્ધપ્રતિષ્ઠ નિબંધ જોવો

મેંદીનાં પાન

ફૂલને ખીલવા દો, મધમાખીઓ એની મેળે આવી પહોંચશે; ચારિત્ર્ય વિકસાવો, એટલે જગત આપોઆપ મુગ્ધ થશે.


આવક કરતાં ખરચ ઓછું હોય એ માણસ તવંગર છે અને આવક કરતાં ખરચ વધારે તે ગરીબ.

ઋતુઓના ફેરફારો તમે ન ખમી શકો એ ખાનદાનીની નહિ પરંતુ નિર્વીર્યતાની નિશાની છે.

આકાશના તારા તો બધા ન થઈ શકે પણ પોતાના ઘરના દીવા તો સૌ થઈ શકે.

જે માણસ વેર તાજું રાખે છે તે પોતાનો જખમ તાજો રાખે છે.

ભૂતકાળની શોધમાં



દુનિયાભરના વિદ્વાનોને રસ પડે એવો પ્રાગૈતિહાસિક સામગ્રીનો જે ફાળો ગુજરાતે આપ્યો છે—અને આપે તેનું મહત્ત્વ સમજાવતો હપતો

પુરાપાષાણયુગની સંસ્કૃતિ તે પછી નૂતન પાષાણ યુગની સંસ્કૃતિના રૂપમાં વિકાસ પામી. આ સંસ્કૃતિની ઓળખ આપતાં તે કાળના માનવીનાં હાડપિંજરો, તેનાં હથિયારો, માટીનાં વાસણો, રહેઠાણના અવશેષો વગેરે આજે મળી આવે છે. ઇ. સ. પૂર્વે ૨૦,૦૦૦થી માંડી ૬,૦૦૦ વર્ષ પહેલાં સુધી એનો યુગ ચાલ્યો હતો.

મોહેં જો ડેરો અને હરપ્પાની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિથી તો 'કુમાર'ના વાચકો પરિચિત હશે જ.* એ સંસ્કૃતિ તામ્રયુગની હતી અને તેનુ ચણતર આ નૂતનપાષાણયુગની સંસ્કૃતિ ઉપર જ થયું હતું. આર્યો જ્યારે આ સંસ્કૃતિના તબક્કામાં હતા, તે સમયના સમાજનું ચિત્ર ઋગ્વેદમાં કેટલેક ઠેકાણે મળી આવે છે.

નૂતનપાષાણયુગની વસ્તુઓ મુખ્યત્વે દક્ષિણ હિંદ, મધ્યપ્રાંત અને ઓરીસ્સામાંથી મળી આવે છે. ગયા હપતામાં જણાવ્યું તે ફુટને દક્ષિણ ગુજરાત અને કાઠિયાવાડમાંથી આ વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં મળી હતી. પુરાપાષાણયુગની વસ્તુઓ તો ભૂજ હાથ લાગે છે, પણ આ યુગની વસ્તુઓ તો સપાટી ઉપર જ અને બહોળા પ્રમાણમાં આપણે ત્યાં મળી આવે છે. રસ્તે ચાલતાં આપણા પગ નીચેથી પણ કેટલીક વાર એ પસાર થઈ જાય છે. માત્ર પારખવાની આવડત જોઈએ.§

તામ્રયુગ અને લોહયુગ

માનવજાતિની સંસ્કૃતિના વિકાસમાં પાષાણ (પત્થર) પછી ધાતુઓના વપરાશના યુગ બેઠા. એના બે વિભાગ છે: તામ્રયુગ અને લોહયુગ. પત્થર પછી માણસે ત્રાંબાનાં સાધનો વાપરવાની શોધ કરી અને ત્યાર પછી લોઢાનાં. આપણે હાલ એમના છેલ્લા યુગમાં જીવીએ છીએ. તામ્રયુગ ૬૦૦૦ વર્ષ પૂર્વેથી માંડી ૪૦૦૦ વર્ષ પૂર્વે સુધી ચાલ્યો હતો અને ત્યારથી આજ સુધી લોહયુગ ચાલ્યો આવે છે. જેવી રીતે પાષાણયુગના પુરાપાષાણ અને નૂતનપાષાણ એમ બે વિભાગો છે તેવી જ રીતે તામ્રયુગ પણ બે વિભાગોમાં વહેંચાએલો છે: પહેલો શુદ્ધ તામ્રયુગ અને પછી કાંસાના વપરાશનો યુગ. વૈદિક સાહિત્યથી માંડી રામાયણનાં વર્ણનો સુધીના આપણા ઇતિહાસના બનાવો તામ્રયુગમાં બન્યા હતા અને મહાભારતના યુદ્ધની થોડાક વખત પહેલાંથી લોહયુગ ચાલ્યો આવે છે. પરદેશમાં થએલી ઇજિપ્શીઅન, સુમેરીઅન, બૅબીલોનિયન, હીટાઇટ, ક્રીટન વગેરે આજે જાણીતી બધી પ્રાચીન પ્રજાઓ આ તામ્રયુગમાં થઇ હતી. પશ્ચિમના દેશોમાં ગ્રીસના ઇતિહાસથી લોહયુગ શરૂ થયો હતો.

સિંધમાં મોહેં જો ડેરો અને હરપ્પામાં આપણી પ્રાચીનતમ સંસ્કૃતિના જે અવશેષો મળી આવ્યા છે તે તામ્રયુગના કાંસા વિભાગના છે. આ સંસ્કૃતિ આર્યોની હતી કે દ્રવિડોની તે વિષે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. મારા અંગત મત પ્રમાણે હું તેને આર્ય સંસ્કૃતિ માનું છું. આ સંસ્કૃતિને ઇજિપ્ત અને બૅબીલોનિયાની સંસ્કૃતિ જોડે ઘણા ગાઢા સંબંધ હતા. કેટલાક પુરાવિદોનો મત છે કે આ સિંધુ સંસ્કૃતિ (Indus Culture)ના અવશેષો, ભૌગોલિક દૃષ્ટિએ વિચાર કરતાં, કાઠિયાવાડમાં પણ મળી આવે એની શક્યતા જણાય છે.

જૂનાગઢનું ફારસ

૧૯૨૫માં એક દિવસ ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં સમાચાર છપાયા કે જૂનાગઢ રાજ્યમાં દરિયા કાંઠે બેર નામના સ્થળે કાંઇ અશ્મીભૂત અજાણ્યા ઇજિપ્તની

---

* જુઓ 'કુમાર' અંક ૬૪ તથા ૬૫.

§ પાષાણયુગની વસ્તુઓ શી રીતે પારખવી અને ગુજરાતમાં એ ક્યાં ક્યાં પ્રાપ્ત થાય તેમ છે તથા માનવજાતિની ઉત્ક્રાન્તિમાં અત્યાર સુધીમાં હિંદે શો ફાળો આપ્યો છે, એ બધું પ્રસ્તુત લેખમાં ન સમાવતાં એક સ્વતંત્ર લેખ તરીકે થોડાક માસમાં 'કુમાર'માં રજૂ કરવા વિચાર છે.

ચિત્રલિપિમાં લખેલો એક શિલાલેખ મળી આવ્યો છે. ભલભલા પુરાવિદોને ચમકાવી દે એવા આ સમાચાર હતા, કારણ કે પૅલેસ્ટાઇનના પૂર્વ તરફના દેશોમાં આજ સુધી ક્યાં યે ઇજિપ્તની ચિત્રલિપિમાં લખેલા લેખો કે તેની સંસ્કૃતિના અવશેષો સાંપડ્યા નથી. ટાઇમ્સે તો આ સમાચાર વિષે એક તંત્રીલેખ પણ લખી નાખ્યો જેમાં કાઠિયાવાડ તથા પ્રાચીન ઇજિપ્તના સંબંધો વિષે કેટલી યે રોમાંચક કલ્પનાઓ પણ રજૂ કરી હતી. પછી તો, કહેવાય છે કે, આ શિલાલેખના શોધક ઉપર તેમજ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ઉપર દેશવિદેશથી પૃચ્છ-પરછના તારો અને પત્રો આવવા લાગ્યા. આ બનાવ પછી એક દિવસ ફરી ટાઇમ્સમાં આવ્યું કે દિલ્હીના સુપ્રસિદ્ધ મુસ્લિમ નેતા ખ્વાજા હસનનિઝામીને આ શિલાલેખ વાંચવા બોલાવવામાં આવ્યા છે. બસ આ પછી આ શિલાલેખનું શું થયું તેનો પત્તો લાગ્યો નહિ. રાજકોટ વૉટસન મ્યૂઝિયમના તત્કાલીન ક્યૂરેટરે તેમના રીપોર્ટમાં જણાવેલું કે તેમણે આ શિલાલેખની ભાળ કાઢવા ખૂબ મહેનત અને પૃચ્છપરછ કરેલી અને અંતે એ વાત ખોટી માલૂમ પડેલી. આમ આ મહાન શોધ એક ફારસના રૂપમાં પલટાઇ ગઈ અને તેથી કેટલી યે વ્યક્તિઓ અને સંસ્થાઓને હેરાન થવું પડ્યું.

કાઠિયાવાડમાં ફાટેલો પ્રાગૈતિહાસિક શોધોનો રાફડો

આ પછી કાઠિયાવાડમાં પ્રાગૈતિહાસિક સંશોધનનું વાતાવરણ ખૂબ ગરમ બન્યું. ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં કેટલા યે નવા સમાચારો આવ્યા અને કેટલાં યે ચર્ચાપત્રો છપાયાં. પણ 'મહેસાણાના ગપગોળા' 'જૂનાગઢના ફારસે' પુરાતત્ત્વક્ષેત્રમાં શોધખોળોની બાબતમાં ગુજરાતને હલકું પાડી દીધું હતું, એટલે આ સમાચારો અને ચર્ચાઓને પણ નાપાયાદાર માની વિદ્વાન પુરાવિદોએ એ તરફ લક્ષ આપ્યું નહિ. આમાંની મુખ્ય શોધો આ હતી; ગોંડળ રાજ્યમાં ત્યાંના વિદ્યાધિકારીને તેમની જાહેરાત પ્રમાણે મહાભારતના સમયના એક મંદિરનું મળી આવવું; અમરેલીમાં પ્રાપ્ત થએલી એક મૂર્તિ જે મોહે જો ડેરોની સંસ્કૃતિના સમયની મનાતી હતી; ફાધર હૅરાસે પ્રાગૈતિહાસિક અવશેષો શોધવા જૂનાગઢ રાજ્યમાં એક ઠેકાણે કરાવેલું ખોદકામ; પ્રભાસપાટણના પ્રદેશમાં અનેક પ્રાગૈતિહાસિક કાળના ટેકરા આવેલા છે અને ત્યાં વખતોવખત પુરાતન અવશેષો મળી આવે છે તે સંબંધી ચર્ચાપત્રો; પ્રભાસપાટણમાં એક ગોરને ઘેર મળી આવેલ ૩૦૦૦ વર્ષ પૂર્વનું બૅબીલોનિયાના સમ્રાટ નેબુદ્ચદનઝઝરનું તામ્રપત્ર અને ડૉ. પ્રાણનાથ દ્વારા તેનો ઉકેલ વગેરે વગેરે.

અંતે રંગપુરે રંગ રાખ્યો

આ પ્રમાણે ગુજરાતના પ્રાગૈતિહાસિક સંશોધનના આકાશમાં અનેક તારાઓ ચમકીચમકીને આથમી ગયા. પણ એના પછી રંગપુરનો ચંદ્ર આકાશે ચડ્યો. એના શુભ પ્રકાશે 'મહેસાણાનો ગપગોળો', 'જૂનાગઢનું ફારસ' વગેરેને ધોઇ નાખ્યાં અને ફરીવાર પુરાવિદોને કાઠિયાવાડના પ્રાગૈતિહાસિક જૂનવાણીપણામાં દૃઢ શ્રદ્ધા બેસાડી રંગપુરે ગુજરાતનો રંગ રાખ્યો. *

રાણપુરની પશ્ચિમે લગભગ આઠમાઇલ દૂર શુકભાદરને કાંઠે લીંબડી રાજ્યમાં ગુજરાતના મોહેં જો ડેરો સમું આ રંગપુર આવેલું છે. ત્યાં ધંધુકા તરફનો રસ્તો સમારતાં ૧૯૩૪માં કેટલીક અતિ પુરાતન જણાતી વસ્તુઓ મળી આવી અને તે લીંબડી ઠાકોર સાહેબે સરકારી પુરાતત્ત્વ સંશોધન ખાતાના પશ્ચિમ વિભાગના અમલદાર ઉપર પૂના મોકલી આપી. આ વસ્તુઓ મોહેં જો ડેરોની સિંધુ સંસ્કૃતિની જણાતાં રંગપુરમાં તરત જ ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યું અને તેમાંથી જે પુરાસામગ્રી પ્રાપ્ત થઈ તેથી સંપૂર્ણરીતે પુરવાર થયું કે રંગપુર એ સિંધુ સંસ્કૃતિ (ઇ. સ. પૂર્વે ૩૨૦૦થી ૨૭૦૦)ના સમયનું સ્થળ છે અને તેની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ ઉપર તળપદી અસર હોવાથી તેને સુરાષ્ટ્રની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ કહી શકાય. રંગપુરની આ શોધ પુરાતત્ત્વક્ષેત્રમાં ઘણા મહત્ત્વની લેખાઈ છે અને સિંધ તથા પંજાબની બહાર હિંદમાંએક માત્ર ત્યાં જ સિંધુ સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થયા છે છતાં નવાઈની વાત એ છે કે તેને વિષે આજ સુધી આપણે ત્યાં એક શબ્દ સરખો લખાયો નથી.

ગુજરાત અને પ્રાગૈતિહાસિક સંશોધન

પ્રત્યેક દેશ કે પ્રાંતના પુરાતત્ત્વના બે વિભાગ હોય છે. પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક. આ બેમાં

* વધુ વિભાગ માટે જુઓ 'પ્રવાસી' તા. ૨૮-૫-૪૦ અંક ૪૧માં 'આપણી પુરાતન નગરીઓ'ની ગાળી લેખમાળાનો લેખ: 'તામ્રયુગની સંસ્કૃતિના અવશેષો ધરાવનાર રંગપુર.'

કેવળ પ્રાગૈતિહાસિક વિભાગ જ એવો છે કે જેને લઇ ગુજરાત પુરાતત્ત્વ ક્ષેત્રમાં ખાસ સ્થાન અને માન મેળવી શકે. દુર્લભરાજનાં તામ્રપત્રો કે કણે વાઘેલાના સિક્કાઓને લઇ ગુજરાત આ ક્ષેત્રમાં આગળ આવી શકે તેમ નથી, કારણ કે એ તો આપણી પ્રાંતિક વાતો છે ને તેમાં બહારના વિદ્વાનોને રસ હોઇ શકે નહિ. આપણો પ્રાચીન કાલનો ઇતિહાસ ગુપ્તો, ક્ષત્રપો અને મૌર્યો જોડે સંકળાએલો હોવાથી તેનું સંશોધન થાય તો પરપ્રાંતોના પુરાવિદો આપણાં કાર્યોની નોંધ લઇ તેમાં રસ લે અને જો એની પણ પહેલાંના પ્રાગૈતિહાસિક કાળનું સંશોધન કરવામાં આવે તો આખા દુનિયાના પુરાવિદો તેમાં રસ લે; કારણ એ જમાનામાં પ્રજાપ્રજાઓ વચ્ચે એટલા બધા ફાંટાઓ પડયા ન હતા. હિંદથી માંડી છેક યુરોપ સુધીની સંસ્કૃતિ લગભગ સરખા જ હતી. સિંધનો જ દાખલો લો. તેના મધ્યકાલના ઇતિહાસમાં બહારના વિદ્વાનોને જરા પણ રસ નથી: પણ મોહેં જો ડેરોમાં શોધાએલી તેની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ આજે દુનિયાના બધા દેશોના પુરાવિદોના સંશોધનનો વિષય થઇ પડી છે. આની પાછળ એક જ કારણ રહેલું છે; પ્રાગૈતિહાસિક કાળમાં માનવ સંસ્કૃતિનું વૃક્ષ એક છોડવો જ હતું; તેમાંથી જુદીજુદી પ્રજાઓના અનૈક્યની ડાળીઓ ફૂટાઇ ન હતી. એ સમયની બધી પ્રજાઓના ઇતિહાસ પરસ્પર સંકળાએલા હતા. એ જ કારણે પ્રાગૈતિહાસિક સંશોધનના ચોતરા ઉપર હિંદ, ચીન, અમેરિકા, આફ્રિકા અને યુરોપની બધી પ્રજાઓ એકત્ર થઇને આવી બેસે છે. પ્રાગૈતિહાસિક સંશોધન પ્રજા પ્રજાઓ વચ્ચે ઐક્ય સ્થાપે છે. આજે પરસ્પર લડી મરનારા આપણે એક દિવસ માડીજાયા ભાઇઓ હતા એ અસરકારક યાદ પ્રાગૈતિહાસિક સંશોધન પ્રજાઓને આપે છે; અને તે જ આ સંશોધનની (હાલને તબક્કે જેની જેની જરૂર છે તે) મહાન નૈતિક બાજુ છે.

(ચાલુ) **અમૃતલાલ વ. પંડયા**


હનુમાન વ્યાયામ પ્રસારક મંડળ (અમરાવતી)ના ગ્રીષ્મ વ્યાયામ વર્ગો

હર વર્ષની માફક આ વર્ષે પણ ઉપરોક્ત મંડળના ગ્રીષ્મ વ્યાયામ વર્ગો તા. ૧લીથી ૩૧મા મે સુધી અમરાવતીમાં ચલાવવામાં આવશે. દાખલ થવા માટે ૨૫મી એપ્રિલ સુધીમાં અરજી કરવી જોઇએ. વિશેષ વિગત ૦-૦-૬ની ટિકિટ મોકલી નીચેને સરનામેથી મંગાવી લેવી: મંત્રી કન્યા આરોગ્યમંદિર, હ. વ્યા. પ્ર. મં. અમરાવતી.

વૃક્ષ વિન્યાસ વડે જલસિંચન

વૃક્ષારોપણ થયા પછી મોટે ભાગે જે ખર્ચ આવે છે તે વૃક્ષને કરાતા જલસીંચનનું. સૂકા કે ડુંગરાળ પ્રદેશ હોય અથવા તંગીને લીધે પાણી બહુ દૂરથી લાવવું પડતું હોય તો પાણીનો વ્યય કરકસરથી થવો જોઇએ. રસ્તાની બન્ને બાજુએ વવાતાં, ધર્મશાળાઓ ને વિશ્રામગૃહોમાં વવાતાં અથવા સૂકા પ્રદેશમાં ઉછેરાતાં જંગલોની ખાલી જગાઓ પૂરવા એકાકી કે ઘેરામાં ઉગાડવામાં આવતાં ઝાડોને અપાતું પાણી સીધુંસીધું ક્યારામાં ન અપાતાં એવી કોઇ રીતથી અપાવું જોઇએ કે જેમાં પાણીનો દુર્વ્યય ન થતાં તેનું ટીપેટીપું પાણી ઝાડને હિતાવહ બને.

સારી ને સુગમ રીત તો છે ઝાડવાંના ક્યારામાં દાટેલા પાણી ભરેલા ઘડામાંથી થતા સ્રવણ વડે જલસિંચન કરવાની. ઉત્તર ગુજરાત, કચ્છ ને કાઠિયાવાડ જેવા સૂકા પ્રદેશોમાં એ પ્રથાનો ફેલાવો લાભદાયી નીવડે તેમ છે. એ કામ માટે વાપરવાનો ઘડા પકવેલો પણ ઝરે તેવો જોઇએ. લગભગ બે ગૅલન (ગ્યાસતેલના અરધા કે પોણા ડબ્બા) પાણી સમાય તેટલો મોટો ઘડો ઉપયોગમાં લેવો. પાણીને બાફ થઇ ઊડી જતું અટકાવવા અને ઘડામાં કચરો ન પડે તે માટે ઘડાના મોંના માપની માટીની પાકી ઢાંકણી અવશ્ય જોઇએ. ઘડામાંથી પ્રસરતી ભીનાશનો ઝાડવું પૂરતો લાભ લઇ શકે એ રીતે ક્યારામાં તેની બાજુમાં ઘડાને જેટલો બની શકે તેટલો ઊંડો દાટવો. ઘડાનું મોં જો ભૂસ્તરથી નીચું રાખવું પડે તો તેમાં માટી કે બીજો કચરો




ગુજરાતમાં વૃક્ષારોપણ

ઘડાને અટકાવવા તેના પર નાળી તરીકે એક નળિયું (છાપરાં પર છાવાં માટે જેનાં બે અડધિયાં ન કર્યા હોય તેવું આખું) મૂકી શકાય. જો ઝાડવાંને ફરતી રક્ષણ માટે કાંટની વાડ કે ટાટું હોય તો વાડ બહારથી ઘડામાં પાણી ઠાલવવા ચાર પાંચ ફૂટ લાંબી વાંસની એક નળી ઉપયોગમાં લઈ શકાય.


ઘડામાંથી પાણીના સ્રવણનું પ્રમાણ ઘડાની જાત, ઋતુ અને ઘડા અંદરથી બરાબર સ્વચ્છ રહે છે કે નહિ તે પર આધાર રાખે છે. ઘડાની સ્રવણશક્તિ અને ઘડા જ્યાં મૂકાયા હોય તે જમીનના પ્રકાર ઉપર પણ ઘડામાંનું પાણી કેટલા દિવસ ચાલશે તે અવલંબે છે. શરૂઆતમાં માત્ર એકાદ વખત ધ્યાન રાખવાથી એ પ્રમાણ જાણી શકાય. ઘડામાં ક્યાંયે તડ કે કાણું ન હોય તો ઘડામાંનું પાણી આઠ, દસ કે તેથી પણ વધુ દિવસ પછી ખૂટે. પાણીના સુવ્યય સાથે પ્રમાણમાં વધારે પાણી આપવું હોય તો ઘડા વધારે સછિદ્ર થાય તેવી રીતે તૈયાર કરાવવો. ઘડા સાજાસારા છે અથવા અંદરથી તેને માટીનું અસ્તર લાગી ગએલ છે કે નહિ તેની અવારનવાર તપાસ કરતા રહેવું. ઘડામાં કંઈ ખોડ દેખાય તો તેને સમયસર બદલી નાખવો. ઉનાળાની શરૂઆતમાં તેમ કરવું વધુ ફળપ્રદ નીવડે.

ઝાડને પાણી આપવાની આ પ્રથાથી તેને હાનિ કરે એટલું ઘણું પાણી મળવાની ભીતિ તો હમેશ માટે ટળે છે. ઊલટું જરા યે પાણી નકામું નથી જતું. ઘડો ધરતીના સબંધમાં રહી ધીરેધીરે ભેજનું દ્રવણ કરતો રહી ઝાડવાંને કે રોપેલી કલમની જીવનશક્તિને ટકાવી રાખે છે.–પછી ધખધખતો ઉનાળો હોય કે શિયાળાની ઠંડી હોય. માળી કે પાણીવાળો બરાબર કામ કરે છે કે નહિ તે ગમે ત્યારે ઘડામાં સહજ નજર કરતાં પણ દેખાઈ આવે. માત્ર આ પ્રથામાં એક ખામી છે. જે બાજુએ ઘડો હોય તેને ફરતા ઘડાના આકાર પ્રમાણે અને તેથી ઊલટી દિશામાં મૂળિયાં જોર કરી ઝાડના વિકાસને વિકૃત બનાવે ખરાં. બની શકે તો ધીમેધીમે અમુક સમયને ગાળે ઘડાનું ઝાડને ફરતું સ્થળાંતર કરતા રહેવું. વડ, પીપળ જેવાં વૃક્ષો જેની ડાળીને રોપવામાં આવે છે તેને માટે તો આ પ્રથાથી પાણી આપવું અસરકારક નથી. એ ડાળી તો બરાબર જામી જાય ત્યાં સુધી તેના ક્યારાને બરાબર ભીનો રાખવો જોઈએ.

પાછલે પાને આપેલા ચિત્રમાંની બીજી એક રીતે ક્યારો કરવાથી પણ પાણી અમુક અંશે નકામું જતું અટકાવી શકાય. સારી ધરતીનું ખોદાણ, સડેલાં પાંદડાંનાં જૂના ખાતરનું મિશ્રણ કે કાંપ વગેરે ક્યારાના ખાડાને તળિયે ભરવાં. પછી તેના પર, વચ્ચે દોઢ ફૂટના વ્યાસનો બે ફૂટ ઊંડો રહે તેવો ગોળ ખાડો રાખો, તેને ફરતા એક કે સવા ફૂટના વિસ્તારમાં કોરા સાફ કાંકરા ભરવા. ફરી તેને ફરતું ચોતરફ સારી જમીનનું ખોદાણ ભરવું. એ બધાંને મથાળે થોડી સ્વચ્છ રેતી પાથરવી. આ રીતે ક્યારો બનાવી ઝાડવાંને પાણી સીંચવામાં આવે છે ત્યારે તે સાફ કાંકરાઓના થર દ્વારા બધી બાજુએથી સરખું તળિયે ઊતરે છે. કાંકરાઓનું પડ,



જમીનમાં પાણી ભરેલો માટીનો સ્રવે તેવો ઘડો દાટી રાખી તેથી ઝાડવાંને જલસીંચન કરવાની રીત દર્શાવતાં ત્રણ ચિત્રો (૧) ક્યારામાં દાટેલો ઘડો (૨) ઘડાને જમીનમાં જરા નીચે ઉતારી નાળી તરીકે આખાં નળિયાંનો ઉપયોગ કરી દાટેલો ઘડો. (૩) ઉપરની રીતે જ જમીનમાં દાટેલો ઘડો. માત્ર તેમાં ગોઠવેલ લૂગડાનો ટુકડો દ્રવ્ય આંતરારૂપે



અમુક અંશે, પાણીને વરાળ થઈ ઊડી જતું અટકાવે છે. મૂળિયાં પણ નીચે અને નીચે વધવા પ્રેરાય છે અને તેમતેમ તેમનું સૂર્યના તાપથી પણ રક્ષણ થાય છે. આ પ્રકારના ક્યારાની બનાવટનું ખર્ચ સાદા ખાડાના ખર્ચ કરતાં થોડું વધાર આવે પણ તેથી પાણીનો જે બચાવ થાય છે તેનું વળતર પ્રમાણમાં ઘણું વધી જાય છે અને વધારામાં રોપા કે કલમને જમીનમાં ઝામતાં-વેંત જે સાનુકૂળતા મળે છે તે જુદી.

આપણે વૃક્ષ તરફ ઊભરાઈ જતો પ્રેમ બતાવવા ઘણી વખત ઝાડને પુષ્કળ પાણી આપીએ છીએ, જે પરિણામે નુકસાનકારક જ નીવડે. અને ત્યાં સુધી દાંડીની ચોતરફ પાણી ન જ રહેવું જોઈએ. પાણી તો મૂળિયાંને જોઈએ છે. અને નહિ કે દાંડીને. પાણી લાગતાં તેનું ઉષ્ણમાન બદલાતાં ક્યારેક તેની છાલ ફાટી જાય છે અને દાંડીના અપક્વ કાષ્ઠ (Sapwood)ને પણ સડો લાગે છે.

રોપા કે કલમ રોપતી વખતે ક્યારાને તદ્દન મથાળે તેની નજીકમાં ચોતરફ રેતી મિશ્રિત જમીનનું બારીક પાથરી થોડું ઢોળાવ જેવું રાખવું. એ નાના ઢોળાને ફરતા ખાડામાંથી દ્રવણ દ્વારા ઝાડવાંને પાણી મળતું જોઈએ. રોજ થોડું-થોડું પાણી આપવા કરતાં ચાર પાંચ દિવસે પણ પૂરતું પાણી આપવાથી ઝાડવું પોતાના મૂળિયાં ઊંડે ને ઊંડે ઉતારે છે અને જોરથી તે જામતું જાય છે. જમીનમાં ઊંડે જ કુદરતી ભેજનું પ્રમાણ વધારે રહે છે. પાણીની અછત હોય તો બને ત્યાં લગી સાંજે જ ઝાડને પાણી સીંચવું.

મૂળિયાંને પ્રાણવાયુ મળી રહે તે માટે ઝાડવાંની ચોતરફની જમીનનું અસ્તર ઉપર ઉપરથી જ થોડુંથોડું ઉખડતા રહેવું. તેમ કરવાથી નીચેની જમીન પણ બાઝી નથી જતી અને ઝાડવાંના વિકાસમાર્ગ રૂંધાતા નથી. જ્યાં ઝાડવાંને ક્યારામાં જ સીધું પાણી રેડાતું હોય ત્યાં દરેક પાણી પછી ક્યારો ઉપરથી સુકાઈ જાય એટલે ખુરપીથી તેમ કરવું. જો ઘડાનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો જરૂર જણાય જમીન બાઝી ગએલી લાગે ત્યારે તેમ કરવું.



સંસારનાં શહેરો


૨૦ પૉમ્પાઇ

ઈટલીના જીવતા જ્વાળામુખી વિસુવિયસની તળેટીમાં એક માઈલ પર નેપલ્સના ઉપસાગરને કાંઠે આ મનોહર રોમન નગર આવેલું હતું. ખ્રિસ્તી સંવતના આરંભકાળે એ વિલાસનું મહાધામ ગણાતુ અને રાજાઓ તથા ઉમરાવો તેમાં પડ્યાપાથર્યા રહેતા.


ઈ. સ. ૬૩માં વિસુવિયસમાં પહેલી જાગૃતિ આવી ને એના ધમધમાટથી ઊપજેલા ધરતીકંપોએ પૉમ્પાઈના મોટા ભાગોનો નાશ કર્યો. લોકોએ એ વિલાસધામની મરામત શરૂ કરી, પણ તે સંપૂર્ણ થાય તે પહેલાં તો ઇ. ૭૯માં પોતાના સબળા પ્રકોપથી વિસુવિયસ ફરી ફાટી નીકળ્યો. એક દિવસમાં નહિ, પણ એક કલાકમાં જ લાવારસ ને ધગધગતી રાખે એ શહેરને ૧૫-૨૦ ફૂટના થરોથી ઢાંકી દીધું. એ પ્રાણાશ એટલો તો ઝડપી ને આકસ્મિક હતો કે આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં ભયભીત મનુષ્યોએ જાન બચાવવા માટે અરધાં જમેલાં મૂકી દીધેલાં ભાણાં ને દરવાજામાં એમ ને એમ મૂકી દીધેલી ચાવીઓ જેમની તેમ નજરે પડે છે.

ત્યારબાદ તો તેના પરના થરોએ વધુ ને વધુ જાડા બની એ આખું ઢાંકી દીધું, તેના પર ઝાડો ઊગી નીકળ્યાં અને પૉમ્પાઈ જેવા નગરની સ્મૃતિ પણ એ માનવજાતને ન રહી. પરંતુ સત્તર સદીઓ વહી ગયા બાદ ઇ. ૧૭૪૮માં એમની આકસ્મિક ભાળ લાગી.

પછી ૧૮૬૦થી પૉમ્પાઇનું પદ્ધતિસર ખોદાણ શરૂ થયું,—એની ભંડારાએલી સમૃદ્ધિ હાથ કરવા નહિ, પણ એ ભયંકર નાશનો હૂબહૂ ચિતાર મેળવવા. શરૂઆતનાં વર્ષોમાં કેટલાક પદાર્થો નેપલ્સના સંગ્રહસ્થાનમાં લઇ જવાગાં આવેલા, પણ ત્યાર પછી બધા જેમના તેમ પડ્યા રહેવા દેવામાં આવ્યા છે. કોઇ પણ પ્રેક્ષક નજીવા દામલકી આપી એ આખો ચિતાર



નજરે જોઇ શકે છે. વિનષ્ટ થએલા એકે એક પદાર્થ ને જીવ પર લાવારસ પ્લાસ્ટર ઑવ પારીસની જેમ લીંપાઈ ગયા છે. એ વખતની આખરી પળોની ભયંકરતા આજે યે એ જોનારને જોતાં તાજી થાય છે.



ઉનાળામાં ધ્યાન રાખવું કે પાણીના અભાવે ઝાડને નુકસાન ન થાય. શિયાળામાં તો થોડા પાણીએ પણ ઝાડવાંનો જીવનક્રમ અટકતો નથી. માત્ર એ ઋતુમાં હિમની સંભાળ રાખવાની. વર્ષાદ પછીના બાંચમાં લાંબે ગાળે બીજે વર્ષાદ થાય તો દરમ્યાનમાં ઝાડને પૂરતું પાણી જરૂરત પ્રમાણે મળે છે કે નહિ તેની પૂરતી તકેદારી રાખવી નહિ તો વર્ષોની મહેનત સદંતર બેદરકારીથી ક્વચિત્ બરબાદ જાય. ઘડામાંથી પાણીના સ્રવણવડે જલસીંચન કરવાની પ્રથાનો ઉપયોગ પણ ઉપરની બાબતો ધ્યાનમાં રાખીને કરવો જરૂરી છે.

વૃક્ષને ક્યાં લગી પાણી પાવું તેનો આધાર તેને જ્યાં રોપવામાં આવ્યું હોય તે ખાસ જમીન કે પ્રદેશ. ત્યાંનું હવામાન અને વૃક્ષની જાતિખાસિયત પર અવલંબે છે. સાધારણરીતે ઘણુંખરૂં ત્રણેક વર્ષનું ઝાડ થાય ત્યાં સુધી પાણી આપીએ તો બસ છે. એ રીતે ઝાડનો સમર્યાદ વિકાસ થાય છે. વસ્તુતઃ ધરતીના અંતસ્તલમાં આવેલો કુદરતી ભેજ પૂરતા દ્રવણ દ્વારા જ્યારે વૃક્ષને મળી રહે ત્યારે જ જલસીંચન બંધ કરવું. **રામસિંહજી રાઠોડ**

નવાં પુસ્તકો

જીવનનાં વહેણો—લેખક: રસિકલાલ છો. પરીખ, પ્રકાશક: યુગધર્મ કાર્યાલય, ૧૧/૪ પહેલો પારસી વાડો, મુંબઈ-૪, ૨-૮-૦; **સૂનું ગામડું**-(ગોલ્ડસ્મિથ કૃત 'ડેઝર્ટેડ વિલેજ'નો સમશ્લોકી અનુવાદ) લેખક-પ્રકાશક: ડૉ. એમ. ઓ. સુરૈયા, ઘાટબંદર રોડ, જોગેશ્વરી, મુંબઈ; મળવાનું ઠેકાણું મેસર્સ ત્રિપાઠી ઍન્ડ કો. બુકસેલર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨-૦-૦; **રાજ્ય અને રાજકારણ**-લેખકપ્રકાશક: હરકાન્ત શુક્લ, બી. એ. એલ એલ. બી; ટાઉનહૉલ સામે, રાજકોટ પરા. **નીમ ટ્રી ઍન્ડ અધર પોએમ્સ** (અંગ્રેજીમાં) લેખક: ભગીરથ મહેતા, પ્રકાશક: એન. એમ. ઠક્કર ઍન્ડ કંપની, બુકસેલર્સ અન્ડ પબ્લિશર્સ, ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૧-૦-૦; **કાવ્ય પૂર્વા** લેખક-પ્રકાશક: ઉપેન્દ્રરાય નાનાલાલ વોરા. સવાઈગરનો મઠ. માંડવી (કચ્છ) ૦-૮-૦; **શરીરવિકાસ**-લેખકપ્રકાશક: સરદાર પૃથ્વીસિંહ. સેવાગ્રામ, વર્ધા(મધ્યપ્રાંત): **બંધુ અંબુભાઈના પત્રો**-પ્રકાશક: માણેકભાઈ પટેલ. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, કરાડી, ૦-૯-૦; **ગ્રામપંચાયતના કાયદાને લગતા નિયમો** (મૂળ અંગ્રેજીનો ગુજરાતી તરજૂમો)—પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ, ૦-૨-૦; **લયલાના પત્રો** ('નવસૌરાષ્ટ્ર'નું ૧૯૪૦-૪૧નું ભેટ પુસ્તક)-લેખક: જનાબ કાઝી મુહમ્મદ અબદુલ ગફ્ફાર, અનુવાદક: ઈમામુદ્દીન સદરૂદ્દીન દરગાહવાળા, પ્રકાશક: નવસૌરાષ્ટ્ર કાર્યાલય, સલાપાસ ક્રૉસ રોડ, અમદાવાદ ૨-૦-૦; **સંગીતા અથવા વીજળી ગામડિયણ**; તથા **ઈડરિયો નીડર એક સત્યકથા** લેખક-પ્રકાશક: રામચન્દ્ર ના. ઠાકુર, અશોક બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; અનુક્રમે ૦-૧૨-૦ અને ૧-૦-૦; **ચોપગાંની દુનિયા અને નરસૈંયો** સંપાદકો: નાગરદાસ ઈ પટેલ અને રમણલાલ નાનાલાલ શાહ, બાલવિનોદ કાર્યાલય, મલાડ(મુંબાઈ), અનુક્રમે ૦-૬-૦ અને ૦-૩-૦; **પૈડું**(એનો જન્મ અને વિકાસ) લેખક: શ્રીરતન ભટકારી, સંપાદક અને પ્રકાશક—ઇન્દુલાલ છ. કોઠારી, બાલશક્તિ કાર્યાલય બોરસદ, ૦-૫-૦

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી દર વર્ષે કરાવવામાં આવતું વાર્ષિક વાઙ્મયની સમીક્ષાનું કામ ચાલુ સાલથી નીચેના ત્રણ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું છે અને તે દરેક વિભાગવાર જુદાજુદા સમીક્ષકો નીમવામાં આવ્યા છે.

વિભાગ ૧ કવિતા, નાટક, નવલિકા, નવલકથા આદિ લલિત વાઙ્મય—સમીક્ષક: શ્રી ત્રિભુવનદાસ પુ. લુહાર (સુન્દરમ્), સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ.

વિભાગ ૨ નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, ધર્મ-તત્ત્વજ્ઞાન, ઇતિહાસ-પુરાતત્ત્વ, ભાષાશાસ્ત્ર, કેળવણી, બાલસાહિત્ય, પ્રવાસ આદિ લલિતેતર વાઙ્મય—સમીક્ષક: શ્રી યશવંત શુક્લ, ૧૫ જૈન સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ.

વિભાગ ૩ ભૌતિક વિજ્ઞાન, શાસ્ત્રીય સાહિત્ય આદિ-સમીક્ષક: શ્રી વિજયલાલ કનૈયાલાલ ધ્રુવ, લાખા પટેલની પોળમાં શેઠની પોળ, સાંકડી શેરી, અમદાવાદ.

સર્વે લેખકો તથા પ્રકાશકોને પોતાનાં પ્રકાશનો તે તે વિભાગના સમીક્ષકોને સરનામે મોકલવા વિનંતિ છે.

હડિયાણામાં હરબાઈ ડાહ્યાં
વાલ મોટો કે ગદિયાણો ?



કાઠિયાવાડમાં હડિયાણું કરીને એક ગામ છે. તે ગામમાં એક ઘરડાં ડોશી હતાં. બોલવા-ચાલવામાં, સાચાંખોટાં ગપ્પાં મારવામાં ડોશીમા બહુ જબરાં. તેનું નામ હરબાઈ હતું.

ગામની સ્ત્રીઓ આડોશીઓ-પાડોશીઓને કંઈ બજારમાં ખરીદ કરવા જવું હોય તો હરબાઈ ડોશીને સાથે લઈ જાય. હરબાઈ ડોશીને બહુ બોલતાં સાંભળી ગામના બધા દુકાનવાળા બીએ અને કોઈને છેતરે નહિ. કારણ કે કોઈને છેતરે તો હરબાઈ ડોશી પકડી પાડે ને !

જે માલ લેવાય તેની કિંમત વેપારી બરાબર જ લે. હિસાબ બરાબર કરે. હરબાઈ ડોશી ત્યાં હાજર હોય એટલે વેપારીઓ કોઈને છેતરવાનો વિચાર જ માંડી વાળે.

કોઈ દિવસ જુઓ તો હરબાઈ ડોશી સ્ત્રીઓના ટોળા સાથે કાપડવાળાની દુકાને બેઠાં હોય. કોઈ દિવસ જુઓ તો સોનીને ત્યાં હરબાઈ ડોશી સ્ત્રીઓની વચ્ચે લાંબા પગ કરીને ગપ્પાં મારતાં હોય અને માલ ઘડાતો હોય. કોઈવાર ઘાંચીને ત્યાં, કોઈવાર ગાંધીને ત્યાં એમ ઠેકાણે ઠેકાણે હરબાઈ ડોશી અને સ્ત્રીઓ માલ ખરીદતાં જ હોય. હરબાઈ ડોશી માંદાં હોય, પરગામ ગયાં હોય કે બહુ કામમાં હોય તો ગામમાં સ્ત્રીઓ ખરીદી કરવા નીકળે જ નહિ.

આમ, ડોશી ગામમાં બહુ ડાહ્યાં ગણાતાં. વેપારી તેનાથી બહુ જ બીતા. એમનો વેપાર બરાબર ચાલતો નહિ અને તેઓ સારી રીતે કમાઈ શકતા નહિ. તેથી તેઓ હરબાઈ ડોશી ઉપર બહુ જ બળ્યા કરતા. પણ શું થાય !

છેવટે બધા વેપારીઓએ ભેગા મળીને વિચાર કર્યો કે આપણે આ ગામ છોડીને બીજે ગામ વેપાર કરવા ચાલ્યા જવું. અહીં આપણા કંઈ દહાડા વળવાના નથી. અને આ હરબાઈ ડોશી આજકાલમાં મરવાનાં પણ નથી.

છેવટે બધું નક્કી થયું. વેપારીઓ બીજે ગામ ચાલ્યા જાય છે. એવી આખા ગામમાં વાતો થવા લાગી. હરબાઈ ડોશીને કાને પણ વાત ગઈ. ડોશી તો ઉતાવળાં ઉતાવળાં પહેલાં ગયાં સોનીની દુકાને; ને બોલ્યાં: 'કાં, ભાઈ ! ગામ કેમ છોડી જાવ છો ?'

સોની કહે: 'જુઓને મા, અહીં તમારો પ્રતાપ ફરી વળ્યો છે. કમાણી કંઈ થતી નથી એટલે ન જઈએ તો શું કરીએ !'

હરબાઈ ડોશી કહે, 'એ તો બધું ઠીક. તમે જતા હો તો સુખેથી જાવ. પણ મને ઘણા વખતથી એક વાતની બહુ જ શંકા રહ્યા કરે છે. તેનો જવાબ દેતા જાવ. હેં ભલા ! તમારા વજનમાં વાલ મોટો કે ગદિયાણું ?'

ડોશીનો આ સવાલ સાંભળી સોનીની તો આંખો ફાટી ગઈ. તે બોલ્યો: 'હેં ! અરે, મા. ગદિયાણો મોટો ગદિયાણો. હવે આપ ઘેર પધારો.'

થોડી વારે બજારમાં વેપારીઓનો બંધાતો સામાન છૂટવા લાગ્યો, ફરીથી બધી દુકાનો ચાલવા લાગી અને દુકાને દુકાને સોની કહેવા લાગ્યો: 'હરબાઈ ડોશીની હોશિયારી મેં જોઈ લીધી છે. આપણને શું ખબર પડે ! પણ આજ હરબાઈ ડોશીની અક્કલ ઉઘાડી પડી ગઈ. ડોશીએ પૂછ્યું, 'વાલ મોટો કે ગદિયાણું ?'

આ વાત સાંભળી દુકાને દુકાને વેપારીઓ હસવા લાગ્યા અને દુકાને દુકાને, ચૌટે ચૌટે, ચોરે ને શેરીએ, ઝાંપે ને પાણીશેરડે અને ઘેરેઘેર સૌ બોલવા લાગ્યાં:

'હડિયાણામાં હરબાઈ ડાહ્યાં,
વાલ મોટો કે ગદિયાણો !'

ગુલાબસિંહ બારોટ

આ અંકમાં છેલ્લાં આઠ પાનાંના પૃષ્ઠાંક પૃ. ૧૫૨થી ૧૬૦ને બદલે ૧૪૯થી ૧૫૬ ગણવાં.

Our Friends Abroad

(૧) પત્ર મેળવનાર : વિનોદચંદ્ર ચુનીલાલ દેસાઈ દેસાઈફળીઆ અંકલેશ્વર

૨૨ પીટર રોડ, વૉલ્ટન, લિવરપુલ, ૩૧-૧-૪૦.

પ્રિય વિનોદચંદ્ર,

તમારા પત્રથી ખરેખર કૃપકૃત થઇ છું. મને તે આજે જ મળ્યો. તમે પૂર્ણ આરોગ્યમાં હશો. સંજોગાનુસાર અમે બધા ઠીક છીએ; કારણકે હમણાં અમે બરફ નીચે છીએ. આજ સુધીમાં આટલો ત્રાસદાયક બરફ કદી પડ્યો નથી. આ ઓગણસાઠ વર્ષના ગાળામાં આટલી ઠંડી પણ કોઇએ જોઇ નહોતી. ધંધારોજગાર તો એકદમ બંધ છે અને દરેક જણ અગવડ ભોગવી રહ્યું છે. કેટલાક પ્રવાસીઓ દિવસોથી જ્યાના ત્યાં રોકાઈ પડ્યા છે. કારણકે રેલવે લાઇનો પર બરફની આડ થઈ ગઈ છે. શેરીઓ વટાવવી મુશ્કેલ થઈ છે. આ અતિ તીવ્ર ઠંડીનું કારણ તો સ્કાન્ડિનેવિયાના દ્વીપકલ્પ તરફથી ઠંડા વાયરાઓનો અસાધારણ ધસારો જ છે.

તમે નાતાલની રજા સારીરીતે ભોગવી તે જાણી આનંદ પામું છું. મારા બાપુને નોકરીમાંથી સાત દિવસની રજા મળી હતી. એ બધો વખત અમે પણ મંડળીઓની મજા માણી છે. એક દિવસે અમે રૉબિન્સન ક્રુઝોનું મૂંગું નાટક જોવા ગયાં હતાં. ખરેખર, ઘણું સરસ હતું.

મેં પહેલા વિશ્વયુદ્ધની ફિલ્મ જોઇ પણ (All quiet on the Western Front—પશ્ચિમ સમરાંગણે સ્થિર શાંતિ) જોઇ છે અને તેમાં કમાલ થઈ છે. તેનો મૂળ લેખક જર્મન છે.

હમણાં હું અંધારી રાત્રે બહાર જવામાં મજા જોતી નથી. ચાંદની હોય ત્યારે જુદી વાત. અંધારામાં જવું પડે ત્યારે ટૉર્ચ અથવા ઝાંખી રોશનીવાળાં ફાનસ લઇને નીકળીએ, જેથી આકાશી દુશ્મનો જોઈ શકે નહિ. હજુ સુધી તો પ્રભુકૃપાથી કોઈ દેખાયો નથી. હું જાણીને ખુશ થાઉં છું કે નાઝી સત્તાધીશોની ભયંકરતાનો સામનો કરવામાં હિંદ મિત્રરાજ્યોને ટેકો આપે છે. અમને તો ખાત્રી છે કે અમે ન્યાય અને સ્વતંત્રતા ખાતર લડીએ છીએ. હમેશને માટે અને પ્રત્યેક જણને માટે (For all time and for every one) અમે અમારી છેવટની તાકાત સુધી લડી લઇશું.

અમારો લૅંકેશાયર પ્રાંત ઇંગ્લંડના રૂના સ્પિનિંગ (કંતામણ) ઉદ્યોગનું કેન્દ્ર છે. દુનિયાના દરેક ભાગમાંથી અહીં રૂ મળે છે અને તેમાંથી રૂનો બધી જાતનો માલ અહીંની આજુબાજુ જિલ્લામાં તૈયાર થાય છે. લાખો માણસો (સ્ત્રીઓ અને પુરુષો) તે ધંધામાં રોજી મેળવે છે અને તૈયાર કાપડ દુનિયાના દરેક ભાગમાં મોકલી આપે છે

આ દેશની હવા રૂનો તાર કાઢવામાં અતિશય અનુકૂળ છે. ભીનાશવાળી ઠંડી હવાને લીધે તાર મજબૂતી ટકાવે છે અને તૂટી જતા નથી. પૂર્વ બાજુએ યૉર્કશાયરમાં હવા અહીં કરતાં સૂકી છે અને ત્યાં તાર ઝટ તૂટી જાય છે.

લૅંકેશાયરની દક્ષિણમાં અમારૂં મહાન ઉદ્યોગકેન્દ્ર માંચેસ્ટર છે. ત્યાં વેચાણ અને ખરીદી ખૂબ થાય છે. ત્યાં મોટાં જંગી ગોદામો છે, જેમાં ચારે તરફના રૂની ગાંસડીઓ અને તૈયાર થએલા કાપડના જથ્થાના જથ્થા પડ્યા હોય છે. લૅંકેશાયરની દક્ષિણમાં જ ઇંગ્લંડનો આ રૂનો ઉદ્યોગ કેન્દ્રિત થયો તેનું બીજું એક કારણ ત્યાં કોલસો પુષ્કળ છે તે છે.

મર્સી નદીની એક શાખા ઓદાને ૩૫ માઈલની નહેર માંચેસ્ટર સુધી આણીને તેને બંદર બનાવવામાં આવ્યું છે. આથી માલનાં સ્ટીમરો સીધી માંચેસ્ટરમાં હાજર થાય છે. પરિણામે રેલવેના મુસાફરી તેમજ માલ ચડાવવાઉતારવાની મજૂરી બચે છે. એ નહેરને માંચેસ્ટર કૅનાલ કહે છે.

મેં પત્રની સાથે મોકલેલાં છાપાં તમને નથી મળ્યાં તે જાણીને દિલગીર થાઉં છું. તે કદાચ ગેરવલ્લે ગયાં હશે. હવે હું બીજાં મોકલું છું અને જુદી ટપાલથી ન્યૂ ટેસ્ટામેંટ (નવો કરાર-બાઈબલ) મોકલું છું મારા અને મારા કુતરાનાં કેટલાંક સ્નૅપચિત્રો પણ મોકલ્યાં છે.

તમે જણાવેલો ક્રિકેટ-સંગ્રામ બહુ રસમય છે. મારા બાપુને તેમાં બહુ રસ પડયો. તે પોતે મેદાની રમતોના શૉખીન છે. ચૅમ્પીઅનશિપ મેળવનારને અમે અભિનંદન આપીએ છીએ. થોડાં વરસ પહેલાં અમે પશ્ચિમ હિંદ અને અમારી અહીંની ટીમ વચ્ચેની મૅચ જોઇ હતી. અરે, પણ M.C.C. આ વખતે હિંદમાં નથી આવવાની તે નિરાશા કરાવે છે. હિટલરના જ પ્રતાપે પ્રજાઓ વચ્ચેની ઘણી રમતો અટકી પડી છે.

મારો પત્ર હિંદના વર્તમાનપત્રમાં છપાયો જાણી આનંદ પામું છું અને તે હું ખરેખર માન સમજું છું. જલદી બીજો પત્ર લખજો. કુટુંબના સર્વ જણને મારા પ્રેમપૂર્વક વિનય.

હું છું તમારી Jean P. Hayes

(૨) પત્ર મેળવનાર: રામશંકર પ્રભાશંકર જોષી—ભાવનગર

વૅલી સિટી (યુ. એસ. એ.), નવેમ્બર ૧૭, ૧૯૩૯.

વહાલા રામશંકર,

હું પણ તમારી માફક ફોટોગ્રાફ વગેરે વિષયોમાં રસ ધરાવું છું. હું હમણાં નવો જ કૉલેજમાં દાખલ થયો છું. મારી ઉંમર સત્તર વર્ષની છે. તમારે છેક હિંદમાં પત્ર લખતાં હું આંગ્લ રાજી થાઉં છું. મને તમારા દેશ વિષે કાંઇક જણાવશો:

તો હું ઘણો ખુશી થઈશ. યુનાઈટેડ સ્ટેટ્સમાં ૪૮ સ્ટેટો છે. દરેક સ્ટેટને તેનું પોતાનું રાજ્યતંત્ર હોય છે. અને તેનાં મધ્યસ્થ રાજ્યધાની વૉશિંગ્ટનમાં છે.

હું આ સાથે મારા અભ્યાસના ફોટોગ્રાફો મોકલું છું. હું પાંચ ફૂટ અને સાડા દસ ઇંચ ઊંચો છું. માથે આછા ભૂરા રંગના વાળ છે. આંખો આસમાની છે. મારે બે ભાઈ અને ત્રણ બ્હેનો છે. મારા પિતાશ્રી ગયા મહાયુદ્ધમાં ઘવાયેલા છે. તમારા દેશ વિષે અને તમારી જાત વિષે હકીકત જણાવજો

મેં કૉલેજમાં સાઇકૉલૉજી, ફ્રેંચ, ઇંગ્લિશ અને ઇતિહાસ લીધેલાં છે. અમારી કેળવણીની રીત તમારે ત્યાંની રીતથી જુદી છે. એટલે તે વિષે હું થોડું જણાવું કે અમે વરસમાં નવ મહિના (સપ્ટેમ્બરથી જૂન) શાળામાં જઈએ છીએ. પહેલાં છ વરસ લખવાવાંચવામાં, ગણિત શીખવામાં વગેરેમાં જાય છે પછી હાઇસ્કૂલનાં છ વર્ષ હોય છે, અને તે પછી બે, ચાર અગર તેથી વધારે વર્ષ માટે કૉલેજનો અભ્યાસ કરવાનો હોય છે.

તમને નવા વર્ષનાં અભિનંદન આપું છું. તમારે ત્યાં નાતાલની ખાસ રજાઓ તથા ખાસ કાર્યક્રમ હોય છે ખરા ?

Sincerely Raymond Bechtle

ફોટોગ્રાફી

ચિત્રમર્યાદાની ખૂબી

(Beauty of Framing)

કોઈ પણ ઘરબહારનું ચિત્ર લેતાં પહેલાં જરા આજુબાજુ નજર કરીને ખાતરી કરી લેવી કે આપણા ચિત્રના ફ્રેમિંગ (હદ) માટે કોઈ દરવાજો, કમાન કે ઝાડ જેવી કોઈ વસ્તુ કામમાં આવે તેમ છે કે નહિ. જો કોઈ સંજોગોમાં ચિત્રને આમ મઢી લેવાની સગવડ મળતી હોય તો જરૂર તેનો ઉપયોગ કરવો; કારણ કે સાધારણ દૃશ્ય કરતાં આમ ચિત્રની મર્યાદા બાંધતી કોઈ ફ્રેમમાંથી લીધેલો દેખાવ વધુ આકર્ષક બને છે તેમજ ચિત્રમાં તે સ્થળનું અંતર પણ સારું બતાવે છે. દાખલા તરીકે મેં એકવાર એક ખેડૂતને કોસ હાંકતો જોઈને તેનો ફોટોગ્રાફ પાડવાનો વિચાર કર્યો અને તે માટે યોગ્ય દૃષ્ટિકોણનો વિચાર કરતો હતો એવામાં આજુબાજુનાં બે ઝાડ પર નજર પડી. જોયું તો ચિત્ર તેમાં સરસ રીતે મઢાઈ જતું લાગ્યું. કેમ વર્તવું તે ખેડૂતને સમજાવી, કૅમેરા સામે ન જોતાં પોતાનું કામ ચાલુ રાખવાની સૂચના આપી, અને બંને ઝાડને ફ્રેમમાં લઈ યોગ્ય ઠેકાણે આકૃતિઓ આવતાં એક્સપોઝ કર્યો. એનું સંતોષકારક પરિણામ આ અંકના મુખચિત્ર પાછળ છાપેલા મથાળાના ચિત્રમાં જોશો. તેમાં પાછલી ભૂમિના પણ ચોક્કસ મજા છે. આકાશ સાવ સ્વચ્છ છે. ચિત્ર જરા નીચા દૃષ્ટિબિંદુથી લીધું છે. આવા પ્રકાશવાળા ચિત્રમાં સ્ટૉપ (લૅન્સનું મળું) જરા વધારે બારીક રાખવું કે જેથી નજીક–દૂરના આકારો એકસરખા ફોકસમાં ઊતરી આવે. બીજા ચિત્રમાં દિલ્હીની જુમા મસ્જિદ પણ બગીચાની ખજૂરીઓ વચ્ચેથી વધુ શોભાયમાન દેખાય છે. એ જ રીતે 'ગોવાળ' અને 'ઉદેપુરનો રાજ્યમહેલ' પણ તેમને મઢી લેતી મર્યાદાઓમાંથી ખાસ સૌંદર્ય પામી રહે છે. આમ, આ બધાં ચિત્રોમાં ઝાડ, ખજૂરીઓ, મહેલની કમાન વગેરે ચિત્રની હદ બાંધનારાં સાધનો બન્યાં છે.

ચાંપ દાબ્યા પહેલાં આજુબાજુના વાતાવરણમાં જરા અવલોકન કરવાની ટેવ રાખવાથી આવાં કંઈ ને કંઈ ઉપયોગી તત્ત્વ જડશે.

આબીદમિયાં સૈયદ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ગુમાવેલી તકો

(૧) 'રવિવાર'-હીરાલાલ ભટ્ટ (અમદાવાદ); (૨) 'સૂર્યોદય'--રણછોડભાઈ મિસ્ત્રી (નડિયાદ); (૩) 'કુરની' -હાસમ સુતાર(પાટણ); (૪) 'એની ગાંભીર્ય શાને ?' -જયંત આકશી (નડિયાદ); (૫) 'ઢીંગલીની સારવાર' એકસ રેમૉન્ટ. (કીસુમુ-કેનિયા); (૬) 'પવિત્ર પગથિયાં' હીરાલાલ ભટ્ટ (અમદાવાદ).

આ માસના હરીફાઈમાં એકેય ચિત્ર ઈનામને પાત્ર ઠરે એવું આવ્યું નથી, એ કારણે ઈનામ મોકૂફ રાખ્યાં છે.

પ્રત્યેક ફોટોગ્રાફિક હરીફાઈ માટે અમુક નિયમો હોય છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને હરીફે ચિત્રો રવાના કરવાં જોઈએ. 'કુમાર'ની હરીફાઈના નિયમો અમે અગાઉ ઘણીવાર પ્રસિદ્ધ કર્યા છે. છતાં જાણ્યેઅજાણ્યે તે નિયમોનું ઉલ્લંઘન થતું અનેકવાર જોવામાં આવે છે. 'કુમાર'ના હરીફો ચિત્રનું નામ પાડનારનાં પૂરાં નામ-ઠામ અને બીજી જરૂરી વિગત ગુજરાતીમાં ન મોકલતાં અંગ્રેજીમાં લખે છે તે નિયમ વિરુદ્ધ છે. ભાઈ હીરાલાલે પોતાનું ચિત્ર 'Sunday' નામ સાથે રજૂ કર્યું છે. સામાન્યરીતે રવિવાર ફુરસદના દિવસ ગણાય છે. અમુક માણસો એ જ દિવસે હજામત કરાવતા હોય તે પણ બનવાજોગ છે; પણ એટલા ખાતર હજામત કરનાર અને કરાવનારના ચિત્રને 'રવિવાર' નામ આપવું ઉચિત છે ? નામ ચિત્ર-નિર્દેશનું કામ પણ કરે છે. સર્જક તથા નિહાળનારના માનસને જોડનાર અદૃશ્ય તાર સમાન તે છે. એટલે નામની પસંદગીમાં ખૂબ કાળજી રાખવી જોઈએ.

જીવી જાણનારા (દેસાઈ વાલજી ગોવિન્દજી)

ભાઈ હીરાલાલે પાત્રોને અનુકૂળ પળે ઝડપીને ચિત્રમાં કુદરતી વાતાવરણ ઉપજાવ્યું છે. પણ એ વસ્તુનું આકર્ષણ ચિત્ર-વિસ્તારમાં સરખું હોવાથી ચિત્રમાં એકતા જણાતી નથી. જોનારની દૃષ્ટિ ફાનસ અને માણસો વચ્ચે ભમ્યા કરે છે.

ભાઈ હીરાલાલના બીજા ચિત્રને 'પવિત્ર પગથિયાં'-Holy Steps નું નામ યોગ્ય નથી. મંદિરનાં પગથિયાં ચિત્રવિસ્તારનો આઠમો ભાગ પણ રોકતાં નથી. વળી વસ્તુના પોતાના કોઈ આકર્ષણથી એ પ્રધાન પદ (inherent interest) પણ પ્રાપ્ત કરતાં નથી. પાડનારે સુંદર તક ગુમાવી છે. મંદિરની મુખ્ય કમાનની વચમાં, એકાદા ફડાવદાર પાત્રને ઝડપ્યું હોત તો કેટલું સરસ ચિત્ર બનત? ચિત્રને બારીકાઈથી નિહાળો. ડાબી તરફનો થાંભલો જમણી તરફ નમતો નથી જણાતો? મંદિરની આખી યે કમાન ચિત્રમાં સમાવવાના ઉદ્દેશથી કૅમેરાને ઢળતો રાખેલો હોવો જોઈએ. સસ્તા કૅમેરાઓમાં લેન્સને તેના મધ્યસ્થ સ્થાનેથી ઊંચોનીચો કરવાની રચના—જેને અંગ્રેજીમાં rising front કહે છે તે—હોતી નથી એ કારણે ચિત્રમાં ઊભી થાંભલીઓ, ઊંચી દીવાલો, મિનારા વગેરે ત્રાંસા હોય-જેમ જાણે એકબીજાને ઊંચે ઊંચે મળવા જતા હોય એવો ભાસ થાય છે. આ દોષ પ્રિન્ટને સરખો કાપવાથી કાંઈક અંશે દૂર કરી શકાય છે.

'સૂર્યોદય' રમણીય આકાશનું ચિત્ર છે. નૅગેટિવ તથા પ્રિન્ટ ઉપજાવવામાં ફોટોગ્રાફિક ટેકનિક ખામીવાળી લાગે છે. ઊગતા સૂર્યની આજુબાજુનાં વાદળાંના આકારો સારા નથી. તેટલા વિસ્તારમાં હળવા વર્ણભેદ પૂરતા જળવાયા નથી. અનુકૂળ ગ્રેડના સૉફ્ટ કાગળ ઉપર પ્રિન્ટ કાઢવાની જરૂર હતી. આવાં દૃશ્યો પાડતી વેળા ચિત્રમાં કોઈ એકલદોકલ ઝાડનો સમાવેશ કરવાથી ચિત્રનું આકર્ષણ વધે છે અને કુદરતની વિશાળતાનો ખ્યાલ આવે છે.

ભાઈ કાસમ સુતારનો વિષય (કુસ્તી) સરસ છે. એ બાળકો એકબીજાને જોરથી પકડી નીચે પાડવાની સરસાઈ કરે છે. પણ પાત્રના અવયવો સુરુચિકર સ્થિતિમાં ઝડપાયા નથી. એને માટે કૅમેરાનો ઊંચો દૃષ્ટિકોણ જવાબદાર છે. આવી પળે બેચાર એક્સ્પોઝર જુદાજુદા દૃષ્ટિકોણથી લેવા જોઈએ. એમાંનો એકાદ સારો આવવાનો જ.

ભાઈ ચોકસીનું પાત્ર તથા તેના ચહેરાના ભાવ ઠીક ગણાય. ફોકસિંગ તીવ્ર નથી; એ કારણે ચિત્ર ઝાંખું પડે છે. છાયાપ્રકાશ વિષયના ભાવને પ્રતિરૂપ છે. ભાઈ રેમોન્ડના ચિત્રમાં વિષયની સાહજિકતા જેટલી જડ પૂતળીમાં છે એટલી તેની જીવંતી નાનકડી બાલીમાં નથી દેખાતી. ઢીંગલીનું મોં કંઈક ઓઝલ રહ્યું છે, પણ ઉપરના કાંઠા ભાગમાંથી ઝૂકી રહેલું મોં કૅમેરાવાળાની સૂચના (સતામણી) પ્રમાણે જ આંખ ઢાળી સામું જોવાની રાહ જુએ છે. સહેજ મૂઢ દેખાતું પાત્ર આ રીતે નકામું ગયું છે."

બળવન્ત ભટ્ટ

જીવી જાણનારા]૧૦[જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

મેરી ડેવીસ

મેરી ડેવીસ (Davies) ૧૯૧૪–૧૮ના વિશ્વ-વિગ્રહમાં પરિચારિકા (નર્સ)નું કામ કરતી હતી.

અમેરિકન હૉસ્પિટલમાં ડા. ટેર્ઝિર આગળ ઘાયલ થયેલા સૈનિક આવતા તેમાંથી ઘણાને ધનુર્વા થઈ જતો અને તેથી એનું મરણ નીપજતું. ડાક્ટરને શંકા પડી કે ધનુર્વાનું કારણ અમુક સૂક્ષ્મજંતુ છે. આ જંતુ જડી જાય, તો એનો ઉપાય થઈ શકે.

ડાક્ટરે જંતુના અનેક પ્રયોગ કરી જોયા. પણ ખરેખરો જંતુ હાથ લાગ્યો છે એનો નિર્ણય કરવાનું કામ હમેશાં કઠણ હોય છે. કોઈ સાજા માણસના લોહીમાં જંતુનો પ્રવેશ કરાવ્યો હોય તો પાકો નિર્ણય થઈ જાય, પણ એમાં તો જોખમ મોટું.

આ જોખમ મેરીએ ખેડ્યું. એણે જંતુરસીને પોતાનાં લોહીમાં મૂક્યા, ખાટલો ઢાળીને સૂતી અને ડાક્ટરને ચિઠ્ઠી મોકલી.

ડાક્ટર તરત આવ્યા અને જેનાથી જંતુનો નાશ થાય તેવાં રસાયણનું મેરીને ઇંજેક્શન આપ્યું. એક દિવસ ને એક રાત મેરીની સ્થિતિ ડાલકડોલક રહી, પણ પછી ડાક્ટરે કહ્યું કે તે ભયમુક્ત છે. ધનુર્વાના ઉપાયની આમ કસોટી થઈ ગઈ, ને તેથી કરીને હજારો સૈનિકોના પ્રાણ બચ્યા.

મેરીએ કોઈ જાતનું માન સ્વીકારવાની ના પાડી, અને તરુણ વયમાં જ મરી ગઈ*

છે તે જુવાનીમાં મરે છે.'

---

* મીના અંબેજી ઉપરથી.



માધુકરી

વસંત

વસંત જગંઝાડલે વિવિધ પુષ્પમાળા ગૂંથે,
મઝીં અનિલ ગુંજતો સુરભિછાંટ દેતો રમે;
લસંત નભબાલ પે લલિત ભાનુનો ચાંદલો,
હસંત મનુબાલના મુખ પરે ઢળે લાલિમા.

પ્રમત્ત વિહંગો ઊડે પૃથિવી વ્યોમ ઘેરાઈને,
અને કિલકિલાટથી મધુર સૂર છેડી જતાં;
સુહાગ સુરલોક શા, અમલ ઇન્દ્રની આંખનો
દિસે સકલ લોકની ઊઘડતી જતી આંખમાં. —મુરલી ઠાકુર

આંતરરાષ્ટ્રીય હિંદી વિક્રેતા

'બોલે તેનાં બોર વેચાય' એ સાચી વાત છે. ન બોલનારનાં બોર પણ વગર વેચાયાં પડી રહે. હિંદુસ્તાનની કલા-કારીગરીની વસ્તુઓ એમ ને એમ પડી રહી હતી. પણ એક મહારાષ્ટ્રીય તરુણને બોલનારો મળી ગયો અને પર-દેશીઓને અજબ કરે એવી આ દેશની વસ્તુઓ ઇંગ્લાંડના વેમ્બલે પ્રદર્શનમાં, અમેરિકાના ફિલાડેલ્ફિયા તથા ટોરૉન્ટો પ્રદર્શનોમાં ગોઠવી એમણે આ અશિક્ષિત ગણાતા દેશના કૌશલ્યનું જગતને ભાન કરાવ્યું.

આ આંતરરાષ્ટ્રીય વિક્રેતા શ્રી દ. બા. બર્વે ઈ. ૧૯૧૬માં ફર્ગ્યુસન કૉલેજમાંથી તત્ત્વજ્ઞાનના વિષય લઈ બી.એ. થયેલા. ત્યારબાદ નોકરીમાં ન પડતાં મુંબાઈ જઈ વકીલાતનો અભ્યાસ કરવા માંડ્યો. પણ વળી વિચાર આવ્યો, 'વકીલ થઈને શું? પેટ ભરવું એટલું જ ને!' એમનું મન ઉદ્વિગ્ન રહેવા લાગ્યું. એવામાં લોકમાન્યનું મુંબાઈ આવવું થતાં એમણે બીજા કેટલાક સાથે તેમની મુલાકાત લીધી અને જીવન-નિર્વાહમાં નિષ્ફળ નીવડતા કૉલેજના શિક્ષણની વાત કરી.

લોકમાન્યે જવાબ આપ્યો, 'એકલા વકીલ થવાથી દેશનું નસીબ ઊઘડવાનું નથી. આપણા રાજ્યકર્તાઓ વેપા-રીઓ છે. એમને ટક્કર મારવી હોય, હિંદુસ્તાનનો ઉત્કર્ષ સાધવો હોય તો આપણા તરુણોએ વેપારમાં પડવું જોઈએ.'

બર્વેને આ સલાહ ગળે ઊતરી ગઈ અને તે કલાકારીગરી-ની વસ્તુઓના એક વિક્રેતા 'પોહુમલ બ્રધર્સ'ને ત્યાં 'સેલ્સમૅન' તરીકે રહી ગયા. ૩૫ રૂપિયાથી શરૂઆત કરી. પાંચ વર્ષમાં ૧૭૫ રૂપિયા સુધી પહોંચ્યા. એ સ્થાને રહીને એમણે આયાતનિકાસનો પ્રબંધ, શરાફી, હુંડિયામણ, શેરબજાર વગેરેની અનેકવિધ માહિતી મેળવી.

એમને હવે પોતાના મહારાષ્ટ્ર પ્રાંતમાં પણ એ સિંધી લોક જેવી વેપારી જાગૃતિ આણવાનો વિચાર થયો અને ઈ. ૧૯૨૨માં શ્રીમંત સરકાર બાળાસાહેબ પંતપ્રતિનિધિના અધ્યક્ષપણા નીચે એમણે મહારાષ્ટ્રની પહેલી જ વેપારી પરિષદનું અધિવેશન ગોઠવ્યું. એ જ અરસામાં સેનાપતિ બાપટે મુળશી સત્યાગ્રહ ઉપાડ્યો. શ્રી બર્વે એમાં સેક્રેટરી બન્યા અને ત્રણ મહિનામાં બાવીશ હજાર રૂપિયા એકઠા કર્યા. સત્યાગ્રહમાં અનેકોને શિક્ષા થઈ. તેમાં એમને પણ એક મહિનાની જેલનો લાભ મળ્યો.

ઈ. ૧૯૨૪માં વેમ્બલે મુકામે મોટું પ્રદર્શન ભરવાનું હતું. તેમાં હિંદુસ્તાનના વિભાગમાં મૂકવાના માલનો એક લાખ રૂપિયાનો કૉન્ટ્રૅક્ટ પોહુમલ બ્રધર્સને મળ્યો. એના વ્યવસ્થાપકો સાથે તે પણ ત્રીજા વર્ગમાં નોકર તરીકે ત્યાં ગયા. ત્યાં જઈને થોડા જ વખતમાં એ સ્વતંત્ર થઈ ગયા અને વીસબાવીસ યુરોપિયન વિક્રેતાઓની મોખરે ત્યાં જ 'ડેક્કન સ્ટોર્સ' નામે દુકાન ઊભી કરી. ચાળીસ હજાર રૂપિયાનો માલ વેચી ઠીકઠીક ફાયદો મેળવી તે હિંદુસ્તાન આવ્યા.

ઈ. ૧૯૨૫માં સાઠ હજાર રૂપિયાની રકમ લઈ, પહેલા વર્ગમાં એ વિલાયત ગયા. સાથે 'કલ્યાણ ખજિના' એ ફિલ્મ તથા કેટલાંક ચલચ્ચિત્રો અહીંથી લઈ ગયેલા. એ પહેલાં ગાંધીજી કેવા છે એ ત્યાંના લોકોએ સાકાર જોયેલા જ નહિ, એટલે ઇંગ્લાંડના એ વખતના તથા હાલના રાજાએ, એમના કુટુંબીજનોએ તથા બીજા અફસરોએ ખૂબ ઉત્કટતા-પૂર્વક એમના ઑપરેશનની ફિલ્મ જોઈ. મુંબાઈના એક વખતના પોલિસ કમિશનર મિ. વિન્સેન્ટે ઇંડિયા ઑફિસના સ્ટેટ સેક્રેટરી લૉર્ડ બર્કનહેડ સાથે શ્રી બર્વેનો પરિચય કરાવી આપ્યો. અને લૉર્ડ બર્કનહેડે હિંદી કલાકારીગરીની

વસ્તુઓના મોટા વેપારી તરીકે ઇંગ્લંડના રાજા સાથે એમની ઓળખાણ કરાવી આપી. એ બધું ક્યાં? શ્રી બર્વેએ બંધાવેલા ઇંડિયન સીનેમા થીએટરમાં!

ઇંગ્લંડમાં સઘળો કાર્યક્રમ યશસ્વી રીતે પતાવી તે અમેરિકામાં ભરાનારા ફિલાડેલ્ફિયા પ્રદર્શન અર્થે ત્યાં ગયા. છ મહિના રહી ત્યાં પુષ્કળ માલ વેચ્યો, છતાં માલની માગણી એટલી જ જોરદાર રહી, એટલે એ ત્યાંના એ વખતના કૉમર્સ મેમ્બર મિ. હુવરને મળ્યા. એમણે પ્રેસિડેન્ટ કુલિજ સાથે શ્રી બર્વેનો ભેટો કરાવી આપ્યો. કુલિજે તેમને અમેરિકામાં વધુ વખત રોકાવાની પરવાનગી આપી. એ મુલાકાતનો એક ફોટો કોઇકે લઇ અહીં મોકલાવી આપ્યો અને મુંબાઇના ટાઇમ્સના 'ઈલસ્ટ્રેટેડ વીકલી'માં તે પ્રસિદ્ધ થયો ત્યારે અમેરિકાના પ્રમુખની મુલાકાત લેનારો એ હિંદી કોણ છે તે જાણવા સરકારી અધિકારીઓમાં ખૂબ ખળભળાટ થએલો.

ત્યાર બાદ ટૉરોન્ટો મુકામે ભરાએલા પ્રદર્શનમાં ભાગ લઇ, મિસર વગેરે દેશોની મુલાકાત લેતા લેતા તે પાછા હિંદુસ્તાન આવી પહોંચ્યા. આવીને શેઠ વાલચંદ હીરાચંદની અધ્યક્ષતા નીચે પુના મુકામે બીજી મહારાષ્ટ્ર વેપારી પરિષદ ભરી, જેમાંથી પાછળથી મહારાષ્ટ્ર ચેમ્બર ઑવ કૉમર્સનો જન્મ થયો.

પરદેશોમાં રહી એમને જે જે મુશ્કેલીઓ નડેલી તે દૂર થવા માટે દરેકે દરેક દેશમાં હિંદુસ્તાન વતી એકેક ટ્રેડ કમિશનર હોવો જોઇએ એમ એમને લાગ્યું. અને એ માટે સ્ટેટ કાઉન્સિલ તથા એસેમ્બ્લીમાં તેમણે હીલચાલ કરી અંતે યશ મેળવ્યો.

પોતાની મુલાકાત દરમિયાન આપણા તરુણોને માર્ગદર્શક નીવડે એવા જે કેટલાક મુદા એમણે કહ્યા તે આ નીચે આપ્યા છે.

'પરદેશોમાં યંત્રથી બનેલી વસ્તુઓની સામે હરીફાઇ કરવાની વાત છોડી દેવી જોઈએ. એને બદલે હિંદી કલાના નમૂનાની ત્યાં આદરપૂર્વક માગણી થતી રહે છે. હિંદી સંગીતનો પ્રચાર પણ ત્યાં ફાયદાકારક નીવડે એમ છે અને નૃત્યકલા પ્રત્યે પણ ત્યાં ખૂબ અનુરાગ છે. અહીંની નાટકકંપનીઓ ત્યાં નાટક દેખાડે તો સારાં ચાલે. આખા યુરોપમાં લગભગ એક જ પ્રકારનો પોશાક છે, જ્યારે આપણા દેશમાં અનેક પ્રકારનો. એ પોશાકોના નમૂના પણ ત્યાં મૂકવામાં આવે તો એ લોકોને ખૂબ ગમે.

આવીઆવી અનેક રીતે આપણે પરદેશોમાંથી પૈસા દેશમાં લાવી શકીએ. પરંતુ આપણે એવા પ્રકારો તરફ આંખમીચામણાં કરીએ છીએ, જ્યારે પરદેશીઓ એ જ વસ્તુ હાથ કરવા મથે છે. દાખલા તરીકે મિર્ઝાપુરમાં ઉત્તમ ગાલીચા મોટા પ્રમાણમાં બને છે, ત્યાં યુરોપિયનોએ પોતાની 'સિંડિકેટ' ઊભી કરી દીધી છે અને એ વેપાર પોતાના જ હાથમાં રહે તેવો પ્રયત્ન કરે છે.

મને હવે તો બી. એ. થવા પાછળ આટલા બધા સમયનો દુર્વ્યય કરવા માટે પશ્ચાત્તાપ થાય છે. મને અભિમાન તો ઊપજે છે 'કોઇ ભી ચીજ ઉઠાવ! દો દો આના!' બોલતા ફરતા ફેરીવાળા પર. આપણા દેશમાં વેપારવૃત્તિ ઉત્પન્ન કરવી હોય તો સુશિક્ષિત તરુણોએ જરા યે શરમ અનુભવ્યા વિના ફેરીનો ધંધો હાથ લેવો જોઈએ. એથી એક લાભ એ થાય છે કે ધંધાના પુરા જ્ઞાન વગર મોટી રકમ રોકી પાછળથી જે હાનિ સહન કરવી પડે તેનો અટકાવ થાય છે. ફેરીવાળાના ધંધામાં બહુ મોટી રકમની જરૂર નથી રહેતી. અને થોડા મૂડીને લઇ અવ્યાહત શ્રમ કર્યા સિવાય કશો છૂટકો નથી રહેતો. 'ફરે તે ચરે' એ કહેવત અનુસાર એના ગુજરાનની એને ચિંતા નથી રહેતી. અનેક ઘરાકોના સંબંધમાં આવવાથી તેનાં જ્ઞાન, અનુભવ ને ચાતુર્ય પણ વધે છે. બાળકમાંથી કાલાંતરે જેમ માણસ જુવાન થાય તેમ સ્વાભાવિક રીતે જ ફેરીવાળામાંથી માણસ મોટો ધંધાદારી થઇ શકે છે. અને એટલે જ 'ફેરીવાળા' પર મને આટલો ગર્વ ઊપજે છે.

('કિર્લોસ્કર' માસિકમાંના શ્રી વિ. ના. કરંદીકરના લેખનો સંક્ષેપ)

ગાંધીજીનું દૈનિક જીવન

ગાંધીજી જે સતત કામ કરે છે તે એક ચમત્કાર જેવું જ છે. કોઇકોઇ વાર તો જ્યારે બધા નિદ્રાવશ થઇ ગયા હોય છે ત્યારે રાત્રે બેત્રણ વાગ્યા સુધી જાગીને તેઓ કાગળપત્રો લખે છે કે લખાવે છે. લગભગ રાતનાં ૮–૯ના સુમારે આખા દિવસના પરિશ્રમ પછી તેઓ ઢગલા જેવા થઈ જાય છે અને એ વખતે તેમનું લોહીનું દબાણ ખૂબ વધી પડે છે. એવે સમયે ડૉકટર જબરદસ્તીથી તેમનું કામ બંધ કરાવે છે.

એક દિવસ સાંજે છ વાગ્યે બે બંગાળી સજ્જનો તેમની સાથે બંગાળની પરિસ્થિતિ વિષે કેટલીક અગત્યની વાટાઘાટ કરવા આવ્યા. ગાંધીજી તેમને શ્રી અરવિંદબાબુના આજકાલ શા વિચારો છે તે બાબતમાં પ્રશ્નો પૂછી રહ્યા હતા. આ વાતચીતમાં તેમનો સાંજનો ફરવા જવાનો સમય વીતી ગયો અને પ્રાર્થનાનો ઘંટ વાગ્યો. બંને મળવા આવેલા સજ્જનોએ વિદાય લીધી તે પછી મેં પૂછ્યું: 'હવે આજે તો આપ ફરવા નહિ જઈ શકો. હવે તો પ્રાર્થનાનો સમય થયો છે.' ગાંધીજીએ જવાબમાં કહ્યું: 'ના. ફરવા તો જરૂર જઈશ. હું બીજું ગમે તે કામ છોડી દઉં પણ ફરવા જવાનો નિયમ તો છોડી નહિ શકું. વિલાયતમાં ગોળમેજી પરિષદ વખતે મને બીજે કોઇ વખત મળતો નહતો, તેથી ત્યાં રાત્રે અઢી વાગે ફરવા જતો હતો. એટલે આજે પણ પ્રાર્થના પછી હું જઈશ.'

એક દિવસે સાંજે ફરવા નીકળ્યા. આખે રસ્તે વાતો-

શ્વાસ તો ચાલુ જ હતો. પાછા ફરીને લગભગ સવા આઠ વાગે તેઓ પોતાના ઓરડામાં ગયા. હું કંઇ કામ કરતો હતો ત્યાં તો તેઓ એકદમ એક દીવાલનો આશરો લઇને ઊભા રહી ગયા. પહેલાં મને હાથથી ઇશારો કર્યો અને પછી કહેવા લાગ્યા: 'હવે સમજી લો કે મારું અસ્તિત્વ નથી; મને મરી ગયો માનો.' આથી હું ગભરાઈ ગયો. ફરી વારે ઇશારો કર્યો એટલે હું ઓરડામાંથી બહાર ચાલ્યો ગયો. લોહી ખૂબ ચઢી ગયું હતું. આવા વખતે ગાંધીજીને ઘણી વાર એમ લાગે છે કે બસ હવે અંતકાળ આવ્યો. આમ દરરોજ તેઓ જાણે મૃત્યુની સાથે ખેલ ખેલી રહ્યા છે. આવા સંજોગોમાં આટલું કામ કરનાર ભાગ્યે જ કોઇ માણસ દુનિયામાં હશે. એક દિવસે તેમણે મને કહ્યું હતું કે બ્લડપ્રેશર વધીને ખાસું ચઢી જાય છે, જો કોઈ દિવસ એ ન ઘટ્યું તો બસ બધું ખલાસ.' આમ છતાં ગાંધીજી કામ કેવી રીતે કરે છે તે માટેનાં મુખ્ય કારણો મને નીચે પ્રમાણે જણાય છે:

(૧) દરરોજ લગભગ બે માઇલ સવારે ને બે માઇલ સાંજે ફરવાના તેમના ક્રમમાં ભંગ થતો નથી. વરસાદના દિવસોમાં તેઓ એટલો વખત ઓસરી કે મોટા ઓરડામાં આંટા મારે છે. લાકડીના ટેકાથી કે કોઇની ખાંધ પર હાથ રાખી તેઓ આંટા મારે છે.

(૨) ફરવા જાય છે ત્યારે ચાલતાંચાલતાં બાળકો સાથે હસતારમતા જાય છે. કોઇકોઈ વખત કોઇ સાથે ગંભીર વાતચીતો પણ કરે છે.

(૩) સવારે લગભગ ૮॥ થી ૯॥ સુધી તેઓ શરીરે તેલનો માલિશ કરાવે છે. માલિશ કરનારા તેમની કળામાં પાવરધા છે. માલિશ ચાલુ હોય ત્યારે પણ તેઓ કોઇવાર પત્રવ્યવહાર કરે છે. કોઇકોઈ વખત માલિશ ચાલુ હોય ત્યારે ઊંઘ પણ કાઢી લે છે.

(૪) માલિશ પછી દરરોજ ગરમ પાણીના ટબમાં સૂઇને લાંબા વખત સુધી તેઓ સ્નાન કરે છે. કોઇકોઇ વખત ટબમાં પડ્યાપડ્યા પણ તેઓ ઊંઘ કાઢી લે છે. જે દિવસે આ રીતે ટબમાં ઊંઘ આવી જાય તે દિવસે તેઓ વિશેષ આનંદી જણાય છે.

(૫) ત્રીજે પહોરે તેઓ પેડૂ ઉપર કાળી માટી મૂકીને થોડા વખત માટે સૂઈ રહે છે. જે દિવસે આંખને શ્રમ પડે છે તે દિવસે આંખો ઉપર પણ તેઓ કાળી માટી મૂકે છે. કપડાના પાટામાં માટી ઑંજવીને મૂકવામાં આવે છે. આવો પાટો બાંધીને આંખ બંધ રાખીને પણ તેઓ વાટાઘાટો તો ચાલુ રાખે જ છે. એક દિવસ મૌલાના આઝાદ સાથે તેમણે પાટા બાંધેલી સ્થિતિમાં જ વાતચીત કરી હતી.

(૬) તેઓ ખોરાક વિષે ખૂબ કાળજી રાખે છે અને ખાવા પાછળ ખૂબ જ વખત આપે છે. દૂધ, કાચું લસણ, કાચા કાંદા, કાચાં પાતરાં, શાક એ બધું એકસાથે મેળવીને ખાય છે. તેઓ એટલું ચાવીને ખાય છે કે તેમને લગભગ એક કલાક ખાવા પાછળ આપવો પડે છે.

(૭) ગંભીરમાં ગંભીર વાતો ચાલતી હોય તો પણ તેઓ વચ્ચેવચ્ચે હાસ્યના ફુવારા ઉડાવે છે ને થોડી મશ્કરીનો આનંદ માણે છે. મોટા માણસોમાં આટલી હસમુખી વ્યક્તિ જગતમાં વિરલ જ હશે.

(૮) બને ત્યાં સુધી તો ખુલ્લા મેદાનમાં જ સૂવે છે અને ગરદન સુધી કપડું ઓઢે છે.

('પ્રતાપ'માંથી) —પંડિત સુંદરલાલજી

વિજ્ઞાન બોલી રહ્યું છે

વિજ્ઞાનમાં નિરાશાવાદને સ્થાન જ નથી. આજના ભૌતિક શાસ્ત્રનો તો એવો અનુભવ છે કે એને કોઇ પણ વાત અસાધ્ય કે અશક્ય નથી. ચાલુ યુદ્ધ શરૂ થયા પહેલાં જગતની સુધારણા અર્થે ને તેની સુખસગવડો વધારવા માટે કેટલાયે વિજ્ઞાનીઓ વિકટ કોયડા ઉકેલવામાં ગૂંથાએલા હતા. અને જો યુદ્ધ થવા ન પામ્યું હોત તો તેમને એમાં જશ જ મળ્યો હોત. પરંતુ યુદ્ધનો પ્રારંભ થતાં તેટલા પૂરતો તેનો લય થયો. એક જાણે તો એ પરિસ્થિતિ પર બળાપો પણ કાઢ્યો કે 'શાસ્ત્રીય શોધખોળ દ્વારા થતી પ્રગતિ હવે અટકી પડવાની.'

પરંતુ બીજાએ તેને ઉત્તર આપ્યો, 'નિરાશાને માર્ગ આપીએ તો પ્રગતિ રૂંધાવાની જ. કોલસામાંથી શોધ કરીકરીને અંતે ડામર નીકળ્યો ત્યારે એવી જ સ્થિતિ નહોતી! પરંતુ એથી નિરાશ ન થતાં શુદ્ધ સંશોધનનું કાર્ય સતત ચાલુ રાખ્યું તો ડામરમાંથી અત્યંત સુવાસિક દ્રવ્યો અને મનોહર રંગોનું નિર્માણ થયું એ પ્રસિદ્ધ વાત છે.'

'અને એ જ ડામરમાંથી ભયંકર સ્ફોટક પદાર્થોના જન્મ થયો એ પણ સાચી વાત છે.' વૈજ્ઞાનિક પ્રગતિ પર અવિશ્વાસુ બનેલા પહેલાએ કહ્યું.

'સાચું જોતાં તો વિજ્ઞાનના સંહારમાં થતા દુરૂપયોગના દોષ વિજ્ઞાનનો નહિ પણ તેનો ઉપયોગ કરનારની માનસિક દુર્બળતાનો છે.' બીજાએ જવાબ આપ્યો અને તે સિદ્ધ કરવાના હેતુથી તેણે આગળ ચલાવ્યું:

'જે ડામરમાંથી સ્ફોટક દ્રવ્યો નીકળ્યાં એ જ ડામરમાંથી આધુનિક વૈદકશાસ્ત્રના પદાર્થો પણ શોધાયા છે. કોઈક યુદ્ધમાં એમાંથી નીકળતાં સ્ફોટક દ્રવ્યોનો કેટલાક લોક ભોગ થાય છે, તો તેથી અનેકગણા લોકોને આધુનિક વૈદ્યો તેની જ શોધો વડે જીવનદાન પણ આપે છે.

ખરી વાત તો એ છે કે સારું અને નરસું એ બંને તત્ત્વો કાયમનાં સાથે જ રહ્યાં છે. એકના અભાવે બીજાનું અસ્તિત્વ જ માલૂમ ન પડે એવી આપણી મનોરચના છે. ડામરનાં વંશમાં પણ કેટલુંક સારું છે, કેટલુંક ખરાબ છે. ફક્ત સારું હોય તેનો સ્વીકાર કરી ખરાબનો અસ્વીકાર કરવો

એટલી અક્કલ જો માણસમાં હોત તો આ પૃથ્વી પર તે સ્વર્ગ ઉતારી શકત. પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. અત્યારે તો સારૂં અને ખરાબ એવાં સેળભેળ થઇ ગયાં છે કે આવતી પેઢીમાં એમાંના કયા ગુણો ઊતરશે એનો કશો નિર્ણય આપણે આપી શકીએ તેમ નથી.

ઈ. ૧૮૯૩માં પ્રસિદ્ધ થએલા એક રાસાયનિક કોશમાં એક જ પાના પર ક્લૉરોફૉર્મ અને મસ્ટર્ડ ગૅસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ક્લૉરોફૉર્મ માણસને તંદ્રામાં નાખી દે તુ હોઇ શસ્ત્રક્રિયા વખતે એને વેદના ભોગવવી નથી પડતી. પરંતુ મસ્ટર્ડ ગૅસ વડે તો માણસ હતો ન હતો થઈ જાય! બંનેની ફેફસાં પર અસર થાય છે. પણ તેમાં ઉત્તર દક્ષિણ જેટલું અંતર હોય છે. જર્મન વિજ્ઞાની લીબીગે ક્લૉરોફૉર્મ શોધ્યું અને અંગ્રેજ શસ્ત્રવૈદ્ય સર જેમ્સ સિમ્પ્સને તેનો વૈદકમાં ઉપયોગ શરૂ કર્યો. આજે ક્લૉરોફૉર્મના ગુણનો અને મસ્ટર્ડ ગૅસના અવગુણનો ટોપલો વિજ્ઞાનીઓ માથે લાદવામાં આવે છે, પણ વિશેષે તો મસ્ટર્ડ ગૅસ ઝેરી હોવાથી વધુ કુત્સિતપણે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

બંદૂકના દારૂનો ઇતિહાસ પણ એવા જ પ્રકારનો છે. કોઇના મતે રૉજર બેકને તે શોધી કાઢેલો, તો કોઈ તે શોધ ચીન દેશમાંથી આવેલી માને છે. એની શોધ ન થઇ હોત તો આટલી મનુષ્યહાનિ ન થઈ હોત એમ ઘણા માને છે. પરંતુ હાનિ થઇ તેમાંથી જ માણસે સ્વાતંત્ર્ય મેળવ્યું, પહેલાંની જુલમી રાજસત્તાઓના હાથથી છુટકારો મેળવ્યો. પારીસનું બાસ્તિલનું કારાગાર દારૂગોળાવડે જ તોડી પાડવામાં આવ્યું. અને માનવે લોકશાહી સ્થાપી. મનુષ્યને એક જગાએ રહેવું ન પરવડતાં જગતભરમાં વેપાર ખેડતો વર્ગ નિર્માણ થયો અને તેના એ સાહસને વેગ આપવા મોટાંમોટાં વેપારી જહાજો તથા તેમના સંરક્ષણ અર્થે પ્રચંડ લડાયક જહાજો નિર્માણ પામ્યાં.

દુરુપયોગ થાય છે તે માણસની બુદ્ધિને કારણે. એમાં શોધ બિચારી શું કરે? એમ તો શુદ્ધ અને સાદીસીધી દેખાતી શોધોનો પણ કેટલીક વાર એવો દુરૂપયોગ કરવામાં આવે છે કે માનવામાં પણ ન આવે. દૂરબીન જેવી નિર્દોષ દેખાતી વસ્તુની શોધ ગૅલિલીઓએ યુદ્ધ ખાતર જ કરેલી એવું માનવાના અનેક પુરાવા છે. એ પોતે યુદ્ધશાસ્ત્રનો અધ્યાપક હતો અને વેનિસના રાજકર્તાઓએ દુશ્મનનાં દૂર-દૂરનાં વહાણો જોવા તેના શોધેલા દૂરબીનનો ઉપયોગ કરેલો!

સૈન્યમાં લડનારા સિપાઈઓને ઘણા દિવસ ચાલે અને બગડે નહિ એવો ખોરાક પૂરો પાડવાની નેપોલિયનની તાકીદથી જ ડબ્બાબંધ વસ્તુઓ શરૂ થઇ. ઔદ્યોગિક પ્રગતિ શરૂ થાય એ વેળા જુદાજુદા ઉદ્યોગધંધાની દૃષ્ટિ સ્વાભાવિક રીતે જ યુદ્ધસામગ્રી તૈયાર કરી પૂરી પાડવા તરફ વળે.

નોબેલ નામના વિજ્ઞાનીએ સ્ફોટક દ્રવ્યની શોધ કરી ત્યારે તેનું અંતિમ પરિણામ માનવસંહારમાં આવશે એની એને કલ્પના પણ નહિ હોય. પરંતુ એનું પ્રત્યક્ષ પરિણામ જોઇ તે બેચેન બની ગયો ને પોતાની શોધમાંથી મેળવેલી અઢળક સંપત્તિ એણે જગતનાં સુખ અર્થે ખર્ચવા નોબેલ પુરસ્કારની સ્થાપના કરી. શાંતિ, વૈદક, રસાયન, વિજ્ઞાન, સાહિત્ય ઈત્યાદિ વિષયોમાં પ્રાવીણ્ય મેળવનારાઓને દર વર્ષે લાખો રૂપિયા એ પુરસ્કારમાંથી આપવામાં આવે છે.

પરંતુ સ્ફોટક દ્રવ્યોએ જેમ જગતની હાનિ કરી છે તેમ સુખસાધનોમાં પણ તેમણે સહાય કરી છે. આગગાડી માટેના બુગદા ખોદવામાં તથા અમૂલ્ય ખનિજો ખોદી કાઢવામાં આ સ્ફોટક દ્રવ્યોના જ્ઞાન સિવાય આપણે શક્તિમાન ન થયા હોત.

કેટલાક વળી એમ ધારે છે કે વિજ્ઞાનની સઘળી શોધો યુદ્ધ માટે જ થાય છે, પરંતુ વસ્તુસ્થિતિ એથી ઊલટી જ છે. વિજ્ઞાનીઓને પોતાને તો યુદ્ધ નથી જ જોઇતું. તેનાં બે કારણો છે. એક તો યુદ્ધમાં નીપજનારા નાશની જવાબદારી એમના પર આવે; અને બીજું યુદ્ધના વખત દરમ્યાન શુદ્ધ શાંતિમય સંશોધન બાજુએ મૂકી એમને તીક્ષ્ણ યુદ્ધસામગ્રી તૈયાર કરવામાં સઘળી શક્તિ ખરચવી પડે છે.

કોલસામાંથી તેલ બનાવવાની પ્રવૃત્તિ હમણાં ચાલુ છે. જર્મની વગેરે દેશો એમાંથી પેટ્રોલ તો બનાવે જ છે. એમાંથી નીકળતા કાર્બોલિક ઍસિડ, બેકેલાઇટ વગેરે અગણિત ઉપયોગમાં આવે છે. બેકેલાઈટમાંથી બધા પ્રકારનાં વાસણો બનાવવામાં આવે છે. અમેરિકાએ તો બેકેલાઇટનું વિમાન પણ તૈયાર કર્યું છે વળી રેશમને ઠેકાણે વાપરી શકાતા 'નીલોન'ની ઉત્પત્તિમાં કોલસા, ચૂના ને પાણીનો જ ઉપયોગ થાય છે.

ચાલુ યુદ્ધને લઈ સ્કૅન્ડિનેવિયામાં તૈયાર થતો કાગળનો માવો દુર્મિલ થઇ પડ્યો હોવાથી વિજ્ઞાનીઓનું લક્ષ કદાચ પાછું 'આલ્સી ફિલ્મ' પ્રત્યે દોરાય તો નવાઈ નહિ. આ 'આલ્સી ફિલ્મ' (Alsi film) કાગળ બેટોનાઇટ નામની ચીકણી માટીમાંથી ઉપજાવવામાં આવે છે. અત્યાર સુધી લાકડું, કપાસ વગેરેમાંથી કાગળ બનાવવામાં આવતો હતો. તેમાં આ નવીન પદ્ધતિનો પહેલો જ 'ખનિજ કાગળ' છે.

અણુના અંતરમાં ખૂબ પ્રચંડ શકિત રહેલી છે એ વાત પ્રસિદ્ધ છે. પરંતુ એ શકિતનો વહેવારમાં ઉપયોગ કરવાની યુક્તિ હજુ શોધાઈ નથી. યુરેનિયમના અણુનું વિભાજન કરી શકિત મેળવવાનો પ્રયત્ન થયો છે, પરંતુ તેનો બહુ ઉપયોગ થતો નથી; કારણ દીવાસળીની પેટીમાંની એક દીવાસળી સળગતાં આખી પેટી સળગી ઊઠે છે એવું જ કંઇક આ અણુના વિષયમાં બને છે. નહિતર પીપરમીટની ટીકડી જેટલા બળતણથી આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકાય એટલી શકિત યુરેનિયમમાંથી મેળવા

શકાય છે. એ શક્ય થશે ત્યારે પેટ્રોલની અછતની કશી પરવા નહિ રહે.

યુદ્ધ પહેલાં જર્મન ને બ્રિટિશ વિજ્ઞાનીઓ માનવજીવન-નાં દુઃખો નિર્મૂળ કરવાના કામમાં રાતદિવસ પરોવાએલા હતા. પરંતુ આજે એ સમય નથી રહ્યો.

રાક્ષસી વૃક્ષો

વડનું ઝાડ આપણા દેશમાં એની વિશાળ કાયાથી પ્રસિદ્ધ છે. એની વડવાઇઓ વધીને જમીનમાં મૂળ ઘાલે છે અને એનો ઘેરાવો વધતો જ જાય છે. નર્મદાતટનો કબીર વડ એનો તાદૃશ પુરાવો છે.

યુરોપમાં એવું વિશાળકાય વૃક્ષ 'ઓક'નું છે. એનું લાકડું ખૂબ મજબૂત હોઈ તે વહાણો બાંધવાના કામમાં આવે છે. એની ઊંચાઈ ક્યારેક ક્યારેક ૧૮૦ ફૂટ જેટલી અને ઘેરાવો ૮૦ ફૂટ જેટલો હોય છે. એની છાલ ખૂબ કડવી હોઈ ચામડાં કમાવવાના કામમાં આવે છે. તેનાં ફળ 'ઍકોર્ન' કહેવાય છે અને તે ડુક્કરોને ખવડાવવામાં આવે છે. પ્રાચીન કાળમાં બ્રિટનના લોકો એ ફળ ખાતા હતા. એનાં પાંદડાંમાંથી શાહી બનાવવામાં આવે છે. વિંડસરના જંગલમાં એક ઝાડ આવેલું છે તે 'શાન્તનો ઓક' કહેવાય છે. બીજું એક મોટું ઝાડ 'પાર્લામેન્ટ ઓક' કહેવાય છે અને તેની ઉમર ૧૫૦૦ વર્ષની મનાય છે. પહેલો એડવર્ડ એ ઝાડ નીચે પોતાની પાર્લામેન્ટ ભરતો એવી દંતકથા છે.

આફ્રિકામાં થતું 'બાઓબાબ' વૃક્ષ તો એવડું જંગી હોય છે કે દૂરથી એકાદ જંગલ જેવું જ લાગે. એનો ઘેરાવો ક્યારેક તો ૯૦ ફૂટ જેવડો હોય છે. એને લીંબોળી જેવાં ફળ આવે છે અને વાંદરાંને તે ખૂબ ભાવે છે.

સિકોયા વૃક્ષને તો રાક્ષસી (mammoth) વૃક્ષનું જ બીજું નામ આપવામાં આવેલું છે. અમેરિકાના કૅલિફોર્નિયા પ્રાંતમાં સમુદ્રકિનારે ૪૦૦૦થી ૭૦૦૦ ફૂટની ઊંચાઇએ એ થાય છે. એમાંનાં કેટલાંક તો બબ્બે ત્રણત્રણ હજાર વર્ષ જૂનાં છે. એમની ઊંચાઈ ઘણીવાર ચારસોથી વધારે ફૂટની હોય છે. એના લાકડાનો રંગ લાલ હોય છે, અને તે બહુ ટકાઉ નથી હોતું.

ઑસ્ટ્રેલિયામાં વળી 'યુકૅલિપ્ટસ'નાં ઝાડો સિકોયા વૃક્ષોથી પણ મોટાં થાય છે. એમાંથી કપૂર જેવી વાસ નીકળે છે અને તે રોગનાશક હોય છે. શરદીસળેખમ પર વપરાતું યુકૅલિપ્ટસ તેલ એમાંથી જ સારવવામાં આવે છે. એનાં ઘણાં ઝાડનાં થડમાંથી તો આખી ગાડી જઇ શકે એવી બખોલો કોરી કાઢવામાં આવી છે.

રૉકફેલર ફાઉન્ડેશન

જગતની એક માનવહિતકારી મહાન સંસ્થા.

રૉકફેલર ફાઉન્ડેશનના મેજ પર એક જ દિવસે બે માગણીઓ આવી પડી હતી: એક હતી જાપાનમાં જાહેર સુખાકારીની સંસ્થાને દસ લાખ ડૉલરની સહાયના આપેલા વચનમાં ૯૪,૦૦૦ ડૉલરના હપતાની માગણી, અને બીજી હતી જાપાનીઝ બૉમ્બરોએ તોડી પાડેલી નાનકાઇ યુનિ-વર્સિટીની બે લાખ ડૉલરની માગણી.

આવી તો કેટલી યે સંસ્થાઓને આ મહાન સંસ્થા સહાય કરતી આવે છે. અમેરિકન ધનકુબેર જહૉન ડી. રૉક-ફેલરે ઇ. ૧૯૧૩માં એની સ્થાપના કરી ત્યારથી આજ સુધીમાં જુદાજુદા ૮૮ દેશોમાં જુદાંજુદાં હિતકાર્ય અંગે આ સંસ્થાએ ૩૨ કરોડ ડૉલરની સહાય પહોંચાડેલી છે. દુનિયાના એકેએક ભાગમાં એના પ્રતિનિધિઓ છે. ફીજી ટાપુઓમાં એ દેશી લોકોને વૈદું શીખવાડે છે, તો ચીનના થઈ રહેલા ધ્વંસમાં એ પુનર્રચનાનું કામ આરંભે છે; પ-શ્ચિમ આફ્રિકાના જંગલમાંની પ્રયોગશાળામાં તેના વિજ્ઞા-નીઓ મચ્છરને ચીરી મૅલેરિયાનો અભ્યાસ કરે છે, તો ઉત્તર ધ્રુવપ્રદેશમાં રહી જ્હેલની પિટ્યુટરી ગ્રન્થીનો અ-ભ્યાસ કરે છે; બ્રાઝિલમાં એ પીળા તાવ સામે લડે છે, આલબેનિયામાં મૅલેરિયા સામે, જમૈકામાં ક્ષય સામે, પોર્ટો રિકોમાં ઍનિમિયા સામે, તો ન્યૂ યૉર્કમાં ઇન્ફલુએન્ઝા સામે.

આંતરરાષ્ટ્રીય તંદુરસ્તીની નિગેહબાની કરવા ઉપરાંત આ સંસ્થા વૈદકનો, વિજ્ઞાનનો, સમાજશાસ્ત્રનો વગેરેનો અભ્યાસ પણ પોષે છે. જગતના અનેક જુદાજુદા દેશોના આશાપ્રદ યુવાન સંશોધકોને એણે ૬૦૦૦ જેટલી ફેલો-શિપ્સ આપેલી છે, અને અનેક સંસ્થાઓને પણ તે ગ્રાન્ટ્સ-ઇન-એઇડ આપે છે. માનવજીવનની બહેતરી માટે મથતી આવી ઉપયોગી સંસ્થા ભાગ્યેજ બીજી કોઈ હશે.

દીર્ઘાયુષ્ય

માણસની વધુમાં વધુ આયુમર્યાદા કેટલી ? આ સવાલ-નો જવાબ છેલ્લામાં છેલ્લાં વૈજ્ઞાનિક સાધનોની મદદથી પણ આપવો મુશ્કેલ છે. દીર્ઘાયુષી મનુષ્યોના અવારનવાર થતા રહેતા દાવા પણ ભાગ્યે જ વધુ વિશ્વસનીય હોય છે. માત્ર પ્રમાણભૂત જ દાખલાઓ પરથી તારણ કાઢીએ, તો ન્યૂયૉર્કની એક વીમા કંપનીના એક ઍક્ચ્યુઅરી મિ. વૉલ્ટર જી. ઓઅરમૅનના કહેવા પ્રમાણે માનવ-જીવનની અત્યાર સુધીમાં લાંબામાં લાંબી મર્યાદા ૧૧૩ વરસની ગણાવી જોઇએ. ૧૦૮ વરસની ઉમર પસાર કર્યાનો દાવો આજ સુધીમાં દુનિયામાં માત્ર ૮ શખ્સો જ સાબિત કરી શક્યા છે. એના કહેવા પ્રમાણે ૧૧૬ વરસના આયુષ્યનો સંભવ ભાગ્યે જ સંભવે છે.

શિક્ષક—વિનુ, તું ઘણો આળસુ થઇ ગયો છે. આળસ એ વિદ્યાર્થીઓનો શત્રુ છે.

વિનુ—સાહેબ, તમે અમને શઇ કાલે જ કહ્યું હતું ને કે આપણે આપણા શત્રુઓને ચાહવા જોઇએ ?

ભારતીય સંવતો

૧૭-સિંહ સંવત

આ સંવત કોણે ચલાવ્યો એ હજુ નક્કી નથી થયું. કર્નલ જેમ્સ ટૉડ એનું નામ 'શિવસિંહ સંવત' લખ્યું છે ને દ્વીપ બંદરના ગોહિલોદ્વારા એ ચાલુ થયો બતાવ્યો છે. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ તે ઇ. ૧૧૧૩-૧૪માં રા'ખેંગાર પરના વિજયની યાદરૂપે જયસિંહ સિદ્ધરાજે ચાલુ કર્યાનો સંભવ માન્યો છે. કાઠિયાવાડ બહાર ક્યાંયે આનો પ્રચાર ન હોવાથી ભાવનગરના શ્રી વિજયશંકર ગૌરીશંકર ઓઝાએ તે કાઠિયાવાડના જ કોઇ રાજાએ ચાલુ કર્યાનું માન્યું છે. વિક્રમ સંવતમાંથી ૧૧૭૦ બાદ કરતાં આ સિંહ સંવત આવે છે.

તમે જાણો છો?

સામાન્ય જ્ઞાન વિષે કસોટી આંકતો આ નાનકડો વિભાગ ૧૯૮મા અંકમાં શરૂ થઈ અટકેલો. આ અંકથી ફરી તે ચાલુ થાય છે. પ્રશ્નની સાથે જ તેના ઉત્તરો આપેલા છે.

(૬) ગ્રીન્લૅન્ડનો ટાપુ કોને તાબે છે? . . ડેન્માર્કને. જોકે એના પૂર્વ કિનારા પર નૉર્વેનો થોડોક હક છે.

(૭) ધ્રુવનો તારો હમેશાં એક જ સ્થળે કેમ દેખાય છે? . . કારણ એ આકાશમાં આપણી પૃથ્વીની ધરી જે બિંદુએ સ્થિત છે તે જ બિંદુ પર આવેલો છે.

(૮) આપણી પૃથ્વી પર જ્વાળામુખીઓ કેટલા છે? . . ચોક્કસ આંકડો ન કહી શકાય, પણ ત્રણસોથી ચારસો વચ્ચે અનુમાન થાય છે. એ બધાનો ⅔ ભાગ ટાપુઓ પર જ છે.

(૯) વર્ષની વાસ્તવિક લંબાઈ કેટલી? . . ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ ને ૪૫.૫૧ સેકન્ડ.

(૧૦) નાઇટ્રોજન હવા કરતાં હલકો છે કે ભારે? . . હવા કરતાં એ સહેજ હલકો છે. એનું આણ્વિક વજન ૧૪ છે જ્યારે પ્રાણવાયુનું ૧૬ અને હાઈડ્રોજનનું ૧.

આ મહિનો (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૧ આજના જર્મનીનો પાયો નાખનાર અને યુરોપ જેને 'ખૂન અને લોખંડના પુરસ્કર્તા' (man of blood and iron) માને છે તે પ્રિન્સ બિસ્માર્કનો જન્મ ૧૮૧૫.

તા. ૨ 'ડૉઇશલૅન્ડ ડૉઇશલૅન્ડ'નું જર્મન રાષ્ટ્રગીત ને બીજાં કાવ્યો લખનાર જર્મન રાષ્ટ્રકવિ ઑગસ્ટ હાઇન્રિક હૉફમાનનો જન્મ ઈ.-૧૭૯૩.

તા. ૩ ગયા મહાયુદ્ધમાં (૧૯૧૫માં) ખપી જનાર અંગ્રેજ કવિ રૂપર્ટ બ્રુકનો જન્મ-૧૮૮૮.

તા. ૧૦ હોમિયોપથીનું વૈદકવિજ્ઞાન શોધું કરનાર જર્મન વૈદકશાસ્ત્રી સૅમ્યુએલ હાનમાનનો જન્મ-૧૭૫૫.

તા. ૧૪ અમેરિકામાંથી ગુલામીનું કલંક મજબૂત હાથે નાબૂદ કરનાર અમેરિકાના મહાન પ્રમુખ, માનવવિભૂતિ અબ્રાહામ લિંકનનું વૉશિંગટનના ફોર્ડ થીએટરમાં જૉન વિલ્કિસ બૂથે ગોળી મારી ખૂન કર્યું-૧૮૬૫.

તા. ૨૦ ઑસ્ટ્રિયામાં બ્રૉનૉ મુકામે જકાતખાતાના એક અમલદારને ત્યાં જર્મનીના આજના સરમુખત્યાર ઍડૉલ્ફ હિટલરનો જન્મ-૧૮૮૯.

તા. ૨૨ રશિયાના તારણહાર લેનિનનો સિંબિર્સ્ક મુકામે જન્મ-ઈ.૧૮૭૦.

તા. ૨૫ ઑલિવર ક્રૉમવેલનો જન્મ-ઈ. ૧૫૯૯.

આ માસની વિભૂતિ

બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયા

એમનો જન્મ નડિયાદમાં સાઠોદરા નાગરજ્ઞાતિમાં મામલતદાર પિતાને ત્યાં ૧૮૫૮ના જૂનમાં થએલો. અભ્યાસમાં પ્રીવિયસ સુધી જ તે પહોંચ્યા; પણ વિદ્યાર્થી અવસ્થામાંથી જ કવિતા તથા સાહિત્યના અધ્યયનનો નાદ લાગ્યો હતો. સાતેક વર્ષ તેમણે જુદીજુદી સરકારી નોકરીઓ કરી; પરંતુ સાહિત્યની લગનીમાં એ આશાસ્પદ નોકરી અંતે છોડી દીધી અને સાહિત્યસેવાની સ્વતંત્ર પ્રવૃત્તિ આદરી.



ઇ.૧૮૮૭માં તેમણે 'ભારતીભૂષણ' ત્રૈમાસિક શરૂ કર્યું. એમાં તેઓ સંસ્કૃત, વ્રજ, ગુજરાતી વગેરે ભાષાઓના જૂના તેમજ નવા ગદ્યપદ્યના ગ્રંથોનું વિવેચન લખતા, તેમજ સ્વતંત્ર કાવ્યો પણ પ્રકટ કરતા. ઉપરાંત 'કાવ્યપ્રકાશ' તથા 'સાહિત્યદર્પણ' જેવા અલંકારશાસ્ત્રના ગ્રંથો અને 'કર્પૂરમંજરી' તથા 'મૃચ્છકટિક' જેવા સુંદર સાહિત્યગ્રંથોનાં ભાષાંતરો પણ તેમણે તેમાં આપ્યાં. ફારસી ને અરબ્બી સાહિત્યનો પણ તેમને સારો પરિચય હોવાથી તેની વાનગીઓ પણ તેમાં તેઓ આપતા. પોતાના પ્રિય ફારસી કવિ હાફેઝનું ચરિત્ર અને ગુજરાતના ઈતિહાસગ્રંથ 'મિરાતે સિકંદરી'નો અનુવાદ પણ તેમણે પ્રકટ કરવા માંડેલાં. વિદ્વાનોમાં તે પત્ર પ્રિય ને પ્રતિષ્ઠિત થઇ પડયું. ગુજરાતના ઇતિહાસ માટે તો પછી તેમણે 'ઇતિહાસમાલા' નામનું નવું સચિત્ર માસિક શરૂ કર્યું. ફારસી ગ્રંથો ઉપરાંત તેમની પાસે પ્રાચીન લેખો, સિક્કા આદિ મોંઘી ઇતિહાસ સામગ્રી પણ ખૂબ હતી.

પરંતુ આ વિદ્વત્તાભર્યાં સંપાદન અને સાહિત્યસેવા કરતાં યે એમનું ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ અર્પણ તો એમની, પ્રતિભા, પ્રસાદ અને મસ્તી ભરેલી કાવ્યકૃતિઓ છે. પાશ્ચાત્ય વિદ્યાના રંગથી રંગાએલી ગુજરાતી કવિતાને ફારસી ભાષાની મિઠાશ ને મસ્તી આપવાનું બહુમાન બાલાશંકરને જાય છે.

અંત ભાગમાં બીડનું મોટું કારખાનું કાઢયું તેમાં ભારે ખોટ ગઇ, પણ તે હસતે મને સહી લીધી. સંસ્કૃત અને ફારસી બંને ભાષાના અભ્યાસી અને સંગીતના અચ્છા જ્ઞાતા એ કવિનું ઈ. ૧૮૯૮ના એપ્રિલમાં અવસાન થયું.

પ્રખ્યાત રોમન શહેનશાહ વેસ્પેસ્યન, પોતે દિવસમાં શુંશું સત્કાર્ય કર્યું તેની રોજ રાતે નોંધ કરતો. જે દિવસે સત્કાર્ય ન હોય ત્યારે લખતો 'Diem perdidi' યાને 'એક દિવસ ગુમાવ્યો.'

અનેકાર્થી શબ્દ: અટ્ટ=અટારી. ઝરૂખો: અનાદર. તિરસ્કાર: અન્ન: ઉચ્ચપણું: કિલ્લા ઉપરની દેરી કે બુરજ: પ્રહાર: બહુ જ બારીક શબ્દનું કપડું: મહેલ: રેશમી કાપડું: ઊંચું: મોટા અવાજવાળું; ટેકો, સુંદર; ટેકો

કહેવતોના અર્થ: 'સાસરા સુખવાસરા, દો દિનકા આસરા.' વારે ઘેર વધારે રોકાવામાં ભૂષણ નથી એવો બોધ આપતી આ કહેવતની નીચેની વાર્તા જણાવે છે કે જમાઈને પણ સાસરું ઝાઝા દિવસ સદરતું નથી. એક મસ્તો જમાઈ સાસરે જતાં તેને સારાં જમણ મળવાથી ત્યાં વધુ વખત ત્યાં વસવાના ઈરાદાએ ભીંત ઉપર લખ્યું: 'સાસરા સુખવાસરા.' વાંચીને સાળાએ એ લીટી નીચે લખ્યું: 'દો દિનકા આસરા.' જમાઈએ પાછી વધુ એક લીટી ઉમેરી: 'કાંઈ વધુ રીઝીએ.' ત્યારે સાળાએ પાછું લખ્યું: 'ખરચી હોય તો રીઝીએ.'

ગણિતગમ્મત

કોઈપણ રકમ ધારો. પછી તેના આંકડાઓનો એક અંક આવે ત્યાં સુધી સરવાળો કરી જે અંક આવે તે ધારેલી રકમને ગુણો. હવે જે આવે તેમાંથી ધારેલી રકમનો એકઅંકી સરવાળો બાદ કરો. પછી જે રકમ આવે તેમાં ધારેલી રકમ ઉમેરો. જે રકમ આવે તેમાં ધારેલી રકમનો એકઅંકી સરવાળો ભેળવો. પછી ધારેલી રકમના એકઅંકી સરવાળામાં એક ઉમેરી આવેલી રકમને ભાગો. જે આવે તે તમારી ધારેલી રકમ.

—કાન્તિલાલ મ. જોષી



કસોટી

નીચે આપેલા પ્રશ્નો વાંચો અને આ ઉપરના ચાર પદાર્થો પર ધ્યાન આપો. એ ચારે વસ્તુઓ જાણીતી છે, છતાં તે વિષેના ખરા જવાબો આપવામાં તમારી બુદ્ધિની જરા કસોટી થશે. (૧) ક્યા પદાર્થમાં સ્થિરતાની જરૂર છે? (૨) સૌથી વધારે અંતર ક્યા પદાર્થના વપરાશમાં કપાય? (૩) ક્યો પદાર્થ ખાસ એક જ વસ્તુમાંથી બનાવી શકાય? (૪) ક્યા પદાર્થમાં સંખ્યાબંધ દાંતડાઓ છે? (૫) ખોટી રીતે ઉપયોગ કરતાં જલદી બગડી જાય એવી આમાં કઈ ચીજ છે? (૬) જરૂર પ્રમાણે લાગુ કરી શકાય એવું શું છે? (૭) પોતાના આકારથી જ ગમે ત્યાં બેસતું થઈ જાય એવું શું છે? (૮) ગમે એટલું ખાખરૂ બની જવા છતાં છેવટ સુધી કંઈ ને કંઈ કામ આપે એવું શું છે?

જગતમાં સૌથી વધુ વસ્તીવાળા શહેર તરીકે લંડનનો નંબર પહેલો હતો; પણ હમણાં ઘણી વસ્તી ખાલી કરી ગઈ હોવાથી ન્યુયૉર્કને પહેલો નંબર મળ્યો છે અને લંડનનો આંક ત્રીજા નંબર પર ગયો છે.

૧ ટન ખનિજ કોલસામાંથી આ બધું મળે છે:

૧૦ હજાર ઘનફૂટ દીવાબત્તીનો ગૅસ.
૨૫ પાઉંડ ઍમોનિયમ સલ્ફેટ.
૩ ગૅલન બેન્ઝોલ.
૬ પાઉંડ ઍમોનિયા.
૫ ગૅલન ડામર.
૧૫૦૦ પાઉંડ કોક. જે ભઠ્ઠીઓમાં બાળવા કામ લાગે છે.

કારકુન: સાહેબ, મેં આ આંકડાઓનો દસ વાર સરવાળો કરી જોયો છે.

શેઠ: તો તો બહુ સારૂં.

કારકુન: અને તેના આ દસ જુદા-જુદા જવાબ આવ્યા છે!

શાહમૃગ સિંહના જેવી જ ગર્જના કરી શકે છે અને તે એટલી હૂબહૂ હોય છે કે તે દૂરથી સાંભળનાર તે કોની છે તે કળી શકે નહિ.

બહામા નજીક આટલાંટિક મહાસાગર ત્રીસ જ ફૂટ ઊંડો છે અને તેનું પાણી એટલું સ્વચ્છ છે કે તળિયું દેખાઈ આવે છે!

કૅલીફોર્નિયામાં એવા સાપ થાય છે કે વરસાદ પડવાનો હોય ત્યારે બરાબર પાણીના વાસણ જેમ ગૂંચળું વાળી બેસી જાય છે. અને એ ગૂંચળામાં પાણી પીવા આવતા પક્ષીનો ભક્ષ કરે છે.

ફ્રાન્સના સોનાના સિક્કા ફ્રાન્ક પહેલવહેલા ઈ.૧૩૬૦માં બહાર પડ્યા.

મોટાં મોટાં સૈન્યો સામે હિંમત ન હારનાર ઑગસ્ટસ સીઝર ગાજવીજનું તોફાન થતાં ભોંયરામાં ભરાઈ જતા!

ચાર ચીજ પાછી નથી ફરતી: બોલેલો બોલ, ફેંકેલું તીર, વીતેલો વખત અને ગુમાવેલી તક.

સૌ પહેલી સ્ટીલપેન ડૉ. પ્રીસ્ટલી માટે મિ. સૅમ્યુઅલ હૅરિસને બનાવેલી.

